
અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : 18 ઓગસ્ટ 2026 મંગળવાર | વર્ષ : 18 | તંત્રી: પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. 2.00
વિક્રમ સંવત 2082, શ્રાવણ સુદ -6 | અંક : 49 | અમદાવાદ | પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3

અમેરિકી સૈનિકોને મારો અને 28 લાખનું ઈનામ લઈ જાવ: ઈરાની કમાન્ડરની જાહેરાત, જો મહિલા આવું કરશે....

4

મરિન હીટવેવ : ગરમ થતા સમુદ્રો અને જળચર સૃષ્ટિ પર સંકટ

6

'કંઈક તો ગરબડ છે...', શ્રીલંકા ટેસ્ટ વચ્ચે ગાવસ્કરે ભારતીય ક્રિકેટની એક મોટી ચિંતા તરફ ધ્યાન દોર્યું

7

બેંકિંગ સુધારા માટે જલદી બનશે હાઈ-લેવલ કમિટી: નાણા મંત્રીએ કહ્યું- બેંકોનું NPA સૌથી નીચલા....

## ભાજપ સંગઠનમાં ધરખમ ફેરફાર : સ્મૃતિ ઈરાનીની એન્ટ્રી

# ભાજપ અધ્યક્ષ નીતિન નવીને તેમની નવી ટીમની જાહેરાત કરી

### નવી સંગઠન ટીમમાં ભાજપે 13 ઉપાધ્યક્ષ, 8 રાષ્ટ્રીય મહામંત્રી અને 16 રાષ્ટ્રીય મંત્રી/ સચિવ બનાવ્યા છે : વસુંધરા રાજેને ઉપાધ્યક્ષ બનાવાયા છે

**નવી દિલ્હી, તા.17**

ભાજપના અધ્યક્ષ નીતિન નવીને નવી ટીમની જાહેરાત કરી દીધી છે. સ્મૃતિ ઈરાનીને મહા સચિવ અને વસુંધરા રાજેને ઉપાધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. ઉપાધ્યક્ષ, મહા સચિવ, સચિવ અને પ્રવક્તાઓ (સ્પોક્સપર્સન)ની યાદીમાં યુવાનો અને મહિલાઓની સાથે જાતિ સમીકરણોનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે. ભાજપે નવી ટીમમાં ઉત્તર પ્રદેશના અનેક નેતાઓને સામેલ કર્યા છે. અહીં આગામી વર્ષની શરૂઆતમાં વિધાનસભા ચૂંટણી યોજાવાની છે. નવી સંગઠન ટીમમાં ભાજપે ૧૩ ઉપાધ્યક્ષ, ૮ રાષ્ટ્રીય મહામંત્રી અને ૧૬ રાષ્ટ્રીય મંત્રી/સચિવ બનાવ્યા છે.

૭ મહિના પછી નિતિન નબીનની નવી ટીમની જાહેરાત થઈ ગઈ છે. વસુંધરા રાજેને ઉપાધ્યક્ષ નિયુક્ત કરવામાં આવ્યા છે. નિતિન નબીનની નવી ટીમમાં ૮ મહાસચિવ બનાવવામાં આવ્યા છે. અનિલ બલૂની પહેલાની જેમ જ મીડિયા ઈંચાર્જ પદ પર યથાવત રહેશે. આવી જ રીતે બી.એલ. સંતોષ પાસે પણ સંગઠન મહાસચિવનું પદ પહેલાની જેમ યથાવત રહેશે. જ્યારે આઈટી સેલ હેડ અમિત માલવિયા હટાવી દેવામાં આવ્યા છે. તેઓ લાંબા સમયથી ભાજપ સંગઠનમાં આઈટી સેલના હેડ હતા. માલવિયાની જગ્યાએ દીપક સહસ્કેને સોશિયલ મીડિયાના પ્રભારી નિયુક્ત કરવામાં આવ્યા છે.

નિતિન નબીનની નવી ટીમમાં કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલને પણ સ્થાન મળ્યું છે. તેમને રાજેશ અગ્રવાલની જગ્યાએ કોષાધ્યક્ષ નિયુક્ત કરવામાં આવ્યા છે. રાજેશ મંગલને સહ-કોષાધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. તરુણ ચુગને મુખ્યાલય પ્રભારી નિયુક્ત કરવામાં આવ્યા છે.

જે.પી. નડ્ડાની ટીમમાં મહાસચિવ પદ પર કાર્યરત અરુણ સિંહ, દુષ્યંત ગૌતમ, તરુણ ચુગ અને રાધામોહનદાસ અગ્રવાલની બાદબાકી થઈ છે, આવી જ રીતે સંગઠનમાં સચિવ પદ પર કાર્યરત અરવિંદ મેનન, પંકજા મુંડે, નરેન્દ્ર સિંહ, અલકા ગુર્જર, ઓમપ્રકાશ ધુર્વે, રિતુરાજ સિંહા, કામાખ્યા પ્રસાદ તાસા, સુરેન્દ્ર નાગર તેમજ નડ્ડાની ટીમમાં ઉપાધ્યક્ષ રહેલા સરોજ પાંડે, ડી.કે. અરૂણા, એમ. ચુબા રાવ, અબ્દુલ્લા કુંટીને પણ નવી ટીમમાં સામેલ કરવામાં આવ્યા નથી.

નિતિન નબીનની નવી રાષ્ટ્રીય ટીમમાં ગુજરાતનું વર્ચસ્વ અને સંગઠનાત્મક મહત્વ સ્પષ્ટપણે ઉભરી આવ્યું છે. પક્ષે અનુભવ અને યુવા ઉર્જાના યોગ્ય સંતુલન પર પસંદગી ઉતારીને રાજ્યના ચાર અગ્રણી ચહેરાઓને રાષ્ટ્રીય સ્તરે મોટી જવાબદારીઓ સોંપી છે. જેમાં વર્ષાબેન નરેન્દ્રભાઈ દોશીને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ જેવું ઉચ્ચ પદ આપી મહિલા નેતૃત્વને મજબૂત મંચ પૂરો પાડવામાં આવ્યો છે, જ્યારે જગદીશ ઈશ્વરભાઈ પટેલ અને રોહન ગુપ્તાને રાષ્ટ્રીય સચિવ તરીકે કેન્દ્રીય સંગઠનની કામગીરી વધારવાની તક મળી છે. આ ઉપરાંત, યુવા નેતા હેમાંગ જોશીને યુવા મોરચાના રાષ્ટ્રીય પ્રમુખ બનાવીને ભાજપે દેશભરના યુવાનોને જોડવાની મહત્વપૂર્ણ કમાન ગુજરાતના હાથમાં સોંપી છે.

ભાજપમાં સંગઠન મંત્રીની પરંપરા છે અને તેઓ સામાન્ય રીતે RSS પૃષ્ઠભૂમિના હોય છે. તેમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. અત્યાર સુધી સંગઠન મહામંત્રી રહેલા બી. એલ. સંતોષ યથાવત છે. આ ઉપરાંત બે સહ-સંગઠન મહામંત્રી જળવાઈ રહ્યા છે. તેમાં શિવપ્રકાશ અને સૌદાન સિંહ સામેલ છે. શિવપ્રકાશ ભાજપમાં આવ્યા પહેલા RSSમાં હતા અને પ્રાંત તથા ક્ષેત્ર પ્રચારક જેવી મહત્વની જવાબદારીઓ સંભાળી



ચૂક્યા છે. તેઓ ઉત્તર પ્રદેશના મુરાદાબાદના રહેવાસી છે.

<u>ગુજરાત</u>

વર્ષાબેહેન નરેન્દ્ર દોશી - રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ
જગદીશ ઈશ્વર પટેલ - રાષ્ટ્રીય સચિવ
રોહન ગુપ્તા - રાષ્ટ્રીય સચિવ
હેમાંગ જોશી - યુવા મોરચા પ્રમુખ

ઉત્તર પ્રદેશ

રેખા વર્મા - રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ
તારિક મંસૂર - રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ
સ્મૃતિ ઈરાની - રાષ્ટ્રીય મહા સચિવ
હરીશ દ્વિવેદી - રાષ્ટ્રીય મહા સચિવ
ભોલા સિંહ - રાષ્ટ્રીય સચિવ
સંગીતા યાદવ - રાષ્ટ્રીય સચિવ
અમરપાલ મૌર્ય - OBC મોરચા પ્રમુખ
કુંવર બાસિત અલી - લઘુમતી (માઈનોરિટી) મોરચા પ્રમુખ

દિલ્હી

રામ માધવ - રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ
બી.એલ. સંતોષ - રાષ્ટ્રીય સંગઠન મહા સચિવ
સુનીલ બંસલ - રાષ્ટ્રીય મહા સચિવ
સંદીપ પાઠક - રાષ્ટ્રીય સચિવ
સ્વદેશ સિંહ - રાષ્ટ્રીય સચિવ
જય પ્રકાશ - રાષ્ટ્રીય સચિવ
રાજીવ બબ્બર - નોર્થ-ઈસ્ટ સહ-સંયોજક
પ્રદીપ ભંડારી - મીડિયા સહ-સંયોજક
સિદ્ધાર્થ યાદવ - મીડિયા સહ-સંયોજક
શિવાનંદ દ્વિવેદી - સોશિયલ મીડિયા સહ-સંયોજક

મહારાષ્ટ્ર

ભારતી પ્રવીણ પવાર - રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ
વિનોદ તાવડે - રાષ્ટ્રીય મહા સચિવ
શિવપ્રકાશ - રાષ્ટ્રીય સહ-સંગઠન મહા સચિવ (મુંબઈ)
પીયૂષ ગોયલ - રાષ્ટ્રીય ખજાનચી
પ્રીતિ ગાંધી - સોશિયલ મીડિયા સહ-સંયોજક

રાજસ્થાન

વસુંધરા રાજે સિંધિયા - રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ
સતીશ પૂનિયા - રાષ્ટ્રીય મહા સચિવ
રાજેશ મંગલ - રાષ્ટ્રીય સહ-ખજાનચી
મન્નાલાલ રાવત - ST મોરચા પ્રમુખ

મધ્ય પ્રદેશ

લાલસિંહ આર્ય - રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ
ગજેન્દ્ર પટેલ - રાષ્ટ્રીય મહા સચિવ
કવિતા પાટીદાર - રાષ્ટ્રીય સચિવ
વિષ્ણુ દત્ત શર્મા - ઓલ સેલ્સ કોઓર્ડિનેટર
બંસીલાલ ગુર્જર - કિસાન મોરચા પ્રમુખ
આશિષ ઉષા અગ્રવાલ - મીડિયા સહ-સંયોજક

ઉત્તરાખંડ

તીરથ સિંહ રાવત - રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ
મહેન્દ્ર પાંડે - કેન્દ્રીય કાર્યાલય સચિવ
અનિલ બલૂની - મીડિયા સંયોજક
આલોક ભટ્ટ - સોશિયલ મીડિયા સહ-સંયોજક

બિહાર

સિદ્ધાર્થ શંભુ - રાષ્ટ્રીય સચિવ
ઋતુરાજ સિન્હા - ઓલ સેલ્સ સહ-કોઓર્ડિનેટર
શિવેશ કુમાર રામ - જીઝ મોરચા પ્રમુખ

ઓડિશા

બૈજયંત જય પાંડા - રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ
સંબિત પાત્રા - નોર્થ-ઈસ્ટ સંયોજક

આંધ્ર પ્રદેશ

ડી. પુરંદેશ્વરી - રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ
વિષ્ણુ વર્ધન રેડ્ડી - ઓલ સેલ્સ સહ-કોઓર્ડિનેટર

પંજાબ

મનપ્રીત સિંહ બાદલ - રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ
તરુણ ચુગ - કેન્દ્રીય કાર્યાલય પ્રભારી

કેરળ

કે. સુરેન્દ્રન - રાષ્ટ્રીય સચિવ
અનિલ એન્ટોની - રાષ્ટ્રીય સચિવ

છત્તીસગઢ

રૂપ કુમારી ચૌધરી - મહિલા મોરચા પ્રમુખ
દીપક મ્હાસ્કે - સોશિયલ મીડિયા સંયોજક

હરિયાણા

સંજય ભાટિયા - રાષ્ટ્રીય મહા સચિવ
અરુણ યાદવ - સોશિયલ મીડિયા સહ-સંયોજક

પશ્ચિમ બંગાળ

મધુચંદ્રા કર - રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ
મનોજ તિગ્ગા - રાષ્ટ્રીય સચિવ

કર્ણાટક

એમ. નાગરાજ - રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ

ત્રિપુરા

બિપ્લબ કુમાર દેવ - રાષ્ટ્રીય મહા સચિવ

ચંદીગઢ

સૌદાન સિંહ - રાષ્ટ્રીય સહ-સંગઠન મહા સચિવ

ઝારખંડ

પ્રદીપ વર્મા - રાષ્ટ્રીય સચિવ

નાગાલેન્ડ

ફાંગનોન કોન્યાક - રાષ્ટ્રીય સચિવ

તમિલનાડુ

એમ. વેંકટેશન - રાષ્ટ્રીય સચિવ

અસમ

મૃગાંક દેવ બર્મન - રાષ્ટ્રીય સચિવ

આખી ટીમનું વિશ્લેષણ કરીએ તો સ્પષ્ટ થાય છે કે, ઉપપ્રમુખો, મહામંત્રીઓ, સચિવો અને પ્રવક્તાઓની આ યાદી ખૂબ જ કાળજીપૂર્વક તૈયાર કરાઈ છે. તેમાં યુવાનો અને મહિલાઓને ખાસ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે, સાથે જ જ્ઞાતિ અને જાતિના સમીકરણોને પણ સરભર કરવાનો પ્રયાસ થયો છે. આવતા વર્ષની શરૂઆતમાં ઉત્તર પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની હોવાથી, ભાજપે પોતાની આ નવી ટીમમાં UPના નેતાઓને વિશેષ મહત્વ આપ્યું છે.

## CM પદ છોડી રહ્યા છે દેવેન્દ્ર ફડણવીસ? દિલ્હીમાં PM મોદી સાથે મુલાકાત બાદ અટકળો પર આપ્યો જવાબ

**નવી દિલ્હી, તા.17**

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે દિલ્હી પ્રવાસ દરમિયાન કેન્દ્રમાં મંત્રી બનવાની અટકળોને સ્પષ્ટપણે ફગાવી દીધી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, તેમને મહારાષ્ટ્રની જનતાએ ચૂંટ્યા છે, અને તેમની પ્રાથમિકતા રાજ્યની જવાબદારી નિભાવવાની છે.



દિલ્હીમાં પત્રકારો સાથે વાત કરતા ફડણવીસે જણાવ્યું કે, 'જેને જેટલી અટકળો લગાવવી હોય, જેને જેટલી પતંગ ઉડાવવી હોય અને જેને જેટલી અફવા ફેલાવવી હોય, તે કરતા રહે. મને મહારાષ્ટ્રની જનતાએ ચૂંટીને મોકલ્યો છે, અને દેશના નેતા નરેન્દ્ર મોદીએ મને મહારાષ્ટ્રની જવાબદારી સોંપી છે. હું આ જવાબદારી નિભાવતો રહીશ. હું મુંબઈમાં છું, મહારાષ્ટ્રમાં છું અને મહારાષ્ટ્રમાં જ રહીશ.'

દેવેન્દ્ર ફડણવીસે નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી. આ બેઠક દરમિયાન મહારાષ્ટ્રમાં ચાલી રહેલા વિવિધ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સની સમીક્ષા કરવામાં આવી હતી, અને આગામી પ્રોજેક્ટ્સ અંગે વિગતવાર ચર્ચા થઈ હતી.

નિર્મલા સીતારમણ (કેન્દ્રીય નાણામંત્રી): ગ્રામીણ વિકાસ, મુંબઈ મેટ્રો, રેલવે, એરપોર્ટ, પોર્ટ અને રોડ નિર્માણ જેવા પ્રોજેક્ટ્સ પર ચર્ચા થઈ. સાથે જ જાપાનની JICA સાથે ઈસ્ટર્ન કેનાલ / ઈન્ડસ્ટ્રિયલ કોરિડોર અંગે આગળની યોજનાઓ પર વાતચીત થઈ.

ભૂપેન્દ્ર યાદવ (કેન્દ્રીય વન અને પર્યાવરણ મંત્રી): મહારાષ્ટ્ર સાથે સંકળાયેલા વિવિધ પર્યાવરણીય મુદ્દાઓ અને મંજૂરીઓ અંગે સમીક્ષા કરવામાં આવી.

પીયૂષ ગોયલ: દેશભરના મુખ્યમંત્રીઓ અને ઉદ્યોગ મંત્રીઓ સાથે યોજાનારી ઉદ્યોગ ક્ષેત્રની બેઠક સંદર્ભે મુલાકાત કરી.

જુલાઈ મહિનામાં શિવસેના (UBT)ના નેતા અને સાંસદ સંજય રાઉતે દાવો કર્યો હતો કે, જો કેન્દ્રમાં મંત્રીમંડળનું વિસ્તરણ કે ફેરબદલ થશે, તો મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસને દિલ્હી બોલાવીને કેન્દ્રમાં મંત્રી બનાવાઈ શકે છે. ત્યારબાદ સોમવારે જ્યારે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીનની નવી ટીમની જાહેરાત થઈ અને એ જ સમયે ફડણવીસ દિલ્હી પહોંચ્યા, ત્યારે આ ચર્ચાએ ફરી જોર પકડ્યું હતું, જેનો હવે મુખ્યમંત્રીએ પોતે અંત આણ્યો છે.

## LPG ગ્રાહકોને મોટી રાહત: ગેસ કનેક્શન માટે e-KYC કરાવવાની છેલ્લી તારીખ લંબાવાઈ

**નવી દિલ્હી, તા.17**

રસોઈ ગેસ સિલિન્ડર ગ્રાહકો માટે રાહતના સમાચાર છે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ એલપીજી ગેસ કનેક્શનની ઈ-કેવાયસી(e-KYC) પ્રક્રિયા પૂર્ણ કરવાની છેલ્લી તારીખ લંબાવી દીધી છે. અગાઉ e-KYC કરાવવાની છેલ્લી તારીખ 16 ઑગસ્ટ 2026 હતી, જેને હવે વધારીને 23 ઑગસ્ટ 2026 કરવામાં આવી છે. જે ગ્રાહકોએ અગાઉ જ e-KYC પ્રક્રિયા પૂર્ણ કરી લીધી છે, તેમણે ફરીથી આ પ્રક્રિયા કરવાની જરૂર નથી. જો તમે તમારા કનેક્શન સ્ટેટસ અંગે અસમંજસમાં હોવ, તો સંબંધિત ગેસ કંપનીની ઓફિશિયલ મોબાઈલ એપ અથવા નજીકની ગેસ એજન્સીનો સંપર્ક કરીને e-KYC સ્ટેટસ તપાસી શકો છો. જે ગ્રાહકોની કેવાયસી બાકી છે, તેમણે 23 ઑગસ્ટ 2026 સુધીમાં તેને પૂર્ણ કરી લેવી.



ઘરેલુ ગેસ ગ્રાહકો માટે કેવાયસી કરાવવું અતિ મહત્ત્વપૂર્ણ છે, જેથી ગેસ સિલિન્ડર યોગ્ય અને પાત્ર વ્યક્તિ સુધી જ પહોંચે તે સુનિશ્ચિત થઈ શકે. ઘણી અપીલો છતાં હજુ પણ મોટી સંખ્યામાં ગ્રાહકોનું e-KYC બાકી છે. માત્ર મધ્યપ્રદેશમાં જ 39 લાખથી વધુ ગ્રાહકોની e-KYC પ્રક્રિયા પૂર્ણ થઈ નથી, જેથી કંપનીઓ સોશિયલ મીડિયા અને SMS દ્વારા સતત અપીલ કરી રહી છે. ગ્રાહકો સરળતાથી 3 રીતે પોતાની e-KYC પ્રક્રિયા પૂર્ણ કરી શકે છે. ઈન્ડિયન ઓઈલ(IndianOil)ના ગ્રાહકો IndianOil ONE એપ દ્વારા. હિન્દુસ્તાન પેટ્રોલિયમ(HPCL)ના ગ્રાહકો HP PAY એપ દ્વારા. ગ્રાહકો ઘરેબેઠા બાયોમેટ્રિક અથવા ફેસ ઓથેન્ટિકેશન(Face Authentication)થી ઈ-કેવાયસી પૂરું કરી શકે છે. તમારું ઓળખપત્ર અને ગેસ કનેક્શનની પાસબુક લઈને નજીકની ગેસ એજન્સી પર જઈ બાયોમેટ્રિક (ફિંગરપ્રિન્ટ) મદદથી ઈ-કેવાયસી પૂર્ણ કરો.

## CBIને તપાસ માટે આદેશ શા માટે જોઈએ છે: સુપ્રીમ કોર્ટ

### હાઈકોર્ટની સુનાવણી પર રોક લગાવી, રાહુલ ગાંધીની આવક કરતાં વધુ સંપત્તિનો મામલો

**નવી દિલ્હી, તા.17**

સુપ્રીમ કોર્ટે રાહુલ ગાંધીને આવક કરતાં વધુ સંપત્તિના કેસમાં રાહત આપી છે. કોર્ટે સોમવારે આ કેસમાં અલ્હાબાદ હાઈકોર્ટની સુનાવણી પર રોક લગાવી દીધી છે. CBI અને EDને પણ નિર્દેશ આપ્યો કે તેઓ હાઈકોર્ટમાં કોઈ રિપોર્ટ દાખલ ન કરે. સુનાવણી દરમિયાન એડિશનલ સોલિસિટર જનરલ (ASG) એસવી રાજુએ કહ્યું કે આરોપો ગંભીર છે. CBI હજુ માત્ર એક ફરિયાદની તપાસ કરી રહી છે. બેન્ચે પૂછ્યું કે જો મામલો આટલો ગંભીર છે, તો CBI-EDને તપાસ માટે કોર્ટના આદેશની રાહ કેમ જોવી પડી રહી છે. રાહુલે સુપ્રીમ કોર્ટમાં હાઈકોર્ટના તે આદેશને પડકાર્યો છે, જેમાં CBI અને EDને આરોપોની તપાસ કરીને રિપોર્ટ આપવા જણાવ્યું હતું. રાહુલે કેસની સુનાવણી અન્ય કોઈ હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટમાં ટ્રાન્સફર કરવાની



માગ પણ કરી છે. કેસની આગામી સુનાવણી 20 ઓગસ્ટે થશે.

અલ્હાબાદ હાઈકોર્ટની લખનઉ બેન્ચે 20 જુલાઈએ CBIના જવાબ પર અસંતોષ વ્યક્ત કર્યો હતો. કોર્ટે એજન્સીના વરિષ્ઠ અધિકારીને તપાસની અત્યાર સુધીની સ્થિતિ જણાવતું નવું સોગંદનામું દાખલ કરવાનો નિર્દેશ આપ્યો હતો.

હાઈકોર્ટે કહ્યું હતું કે CBI દ્વારા અગાઉ દાખલ કરાયેલું સોગંદનામું તેના જૂના આદેશ મુજબ નહોતું. કોર્ટે આગામી સુનાવણી પહેલા CBIના નવી દિલ્હી સ્થિત એન્ટી કરપ્શન હેડક્વાર્ટરના સંબંધિત ઝોનના જોઈન્ટ ડિરેક્ટરને વ્યક્તિગત રીતે નવું સોગંદનામું દાખલ કરવાનો આદેશ આપ્યો હતો. કર્ણાટકના ભાજપ કાર્યકર્તા વિગ્નેશ શિશિરે હાઈકોર્ટમાં અરજી દાખલ કરીને રાહુલ ગાંધી પર આવક કરતાં વધુ સંપત્તિનો આરોપ લગાવ્યો હતો. તેમણે CBI અને ED દ્વારા તેની તપાસ કરાવવાની માગ કરી હતી. ત્યારબાદ કોર્ટે આરોપોના વેરિફિકેશનના આદેશ આપ્યા હતા. આ મામલે CBI વિગ્નેશ શિશિરની પૂછપરછ પણ કરી ચૂકી છે.

કોર્ટમાં 6 મેના રોજ પહેલીવાર સુનાવણી થઈ હતી. કોર્ટે એજન્સીઓ પાસેથી જવાબ દાખલ કરવા માટે સમય માંગ્યો હતો. પછી 6 દિવસ બાદ કોર્ટમાં સુનાવણી થઈ હતી. કોર્ટે CBI અને EDનો પક્ષ સાંભળ્યો. પછી પોતાના આદેશમાં કહ્યું કે- જો અરજદારની ફરિયાદ મળી છે, તો તેમાં લગાવવામાં આવેલા આરોપોનું કાયદા અનુસાર વેરિફિકેશન કરવામાં આવે.



# અમદાવાદ સહિત 12 જિલ્લામાં અતિભારે વરસાદની આગાહી, ઓરેન્જ એલર્ટ

## રાજ્ય પર 5 સિસ્ટમ સક્રિય, 7 દિવસ વરસાદની આગાહી, માછીમારોને દરિયો ન ખેડવા ચેતવણી



**અમદાવાદ, તા.17**

ગુજરાતમાં હાલ ચોમાસાની ઋતુ પૂરજોશમાં ચાલી રહી છે અને છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના ૧૩૧ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ નોંધાયો છે. આ સમયગાળા દરમિયાન તાપીના ડોલવાણ અને નવસારીના ખેરગામ તાલુકામાં સૌથી વધુ પોણા બે ઇંચ જેટલો વરસાદ વરસ્યો છે. આ ઉપરાંત આજે સવારના ૬ વાગ્યાથી ૧૦ વાગ્યા સુધીના સમયગાળા દરમિયાન રાજ્યના ૫૬ તાલુકાઓમાં મેઘમહેર જોવા મળી હતી, જેમાં સુરતના બારડોલી તાલુકામાં સૌથી વધુ અડધો ઇંચ વરસાદ પડ્યો છે.

ચાલુ સિઝનના કુલ વરસાદની સ્થિતિ પર નજર કરીએ તો રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં વરસાદનું વિતરણ અસમાન રહ્યું છે. ગુજરાત પ્રદેશમાં અત્યાર સુધી સામાન્ય સરેરાશ કરતાં ૧૯ ટકા વધુ વરસાદ નોંધાયો છે, જ્યારે તેનાથી વિપરીત સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારોમાં સામાન્ય કરતાં ૨૫ ટકા ઓછો વરસાદ નોંધાયો છે. એકંદરે સમગ્ર રાજ્યનો સરેરાશ વરસાદ જોવામાં આવે તો, અત્યાર સુધીના સામાન્ય ૫૦૫.૭ મિલીમીટરની સામે ૫૦૬.૫ મિલીમીટર જેટલો વરસાદ નોંધાઈ ચૂક્યો છે, જે દર્શાવે છે કે રાજ્યમાં સિઝનનો કુલ સરેરાશ વરસાદ યોગ્ય સ્તરે પહોંચી ગયો છે.

હવામાન વિભાગ દ્વારા આજે સાંજના ૪ વાગ્યા સુધી અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, છોટાઉદેપુર, નર્મદા, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ તેમજ કેન્દ્રશાસિત પ્રદેશ દમણ અને દાદરા નગર લીમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતાને ધ્યાનમાં રાખીને ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ સિવાયના બાકીના તમામ જિલ્લાઓમાં સાવચેતીના ભાગરૂપે યલો એલર્ટ આપવામાં આવ્યું છે.

બીજી તરફ, વરસાદી માહોલના કારણે ૧૬ ઓગસ્ટના રોજ રાજ્યના મોટાભાગના શહેરોમાં તાપમાનનો પારો નીચે ઉતરતો જોવા મળ્યો હતો. અમદાવાદમાં ૧૫ ઓગસ્ટે ૩૩.૭ ડિગ્રી સેલ્સિયસ સાથે સમગ્ર રાજ્યનું સૌથી ઊંચું તાપમાન નોંધાયું હતું, જેમાં ૧૬ ઓગસ્ટે ૧.૮ ડિગ્રીનો ઘટાડો થતાં તાપમાન ૩૧.૯ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. તેની સામે ગાંધીનગરમાં ૧.૪ ડિગ્રીના વધારા સાથે તાપમાન ૩૨.૮ ડિગ્રી અને કંડલા પોર્ટમાં ૧.૭ ડિગ્રીના ઉછાળા સાથે તાપમાન ૩૩.૪ ડિગ્રી સેલ્સિયસ પર પહોંચ્યું હતું. આ ફેરફારને કારણે ૧૬ ઓગસ્ટે ૩૩.૪ ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે કંડલા સમગ્ર રાજ્યનું સૌથી ગરમ શહેર બન્યું હતું.

હવામાન વિભાગના પૂર્વાનુમાન અનુસાર ૧૭ ઓગસ્ટથી ૨૩ ઓગસ્ટ દરમિયાન સમગ્ર ગુજરાતમાં સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે, જ્યારે સૌરાષ્ટ્રના વિસ્તારોમાં પણ મધ્યમ વરસાદી ઝાપટાં પડે તેવી શક્યતા છે. દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી, દમણ, વલસાડ, નર્મદા અને ડાંગ જેવા જિલ્લાઓમાં હવામાન વિભાગ દ્વારા યલો એલર્ટ આપવામાં આવ્યું છે. અમદાવાદ શહેરમાં આગામી દિવસોમાં સતત વાદળછાયું વાતાવરણ જળવાઈ રહેશે અને છૂટાછવાયા વરસાદી ઝાપટાં પડે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

હાલમાં ગુજરાત પર એકસાથે પાંચ અલગ-અલગ હવામાન સિસ્ટમ સક્રિય થયેલી છે, જેમાં મોન્સૂન ટ્રફ, શિયર ઝોન, અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન અને ડિપ્રેશનનો સમાવેશ થાય છે. આ સિસ્ટમ્સના કારણે દરિયાકાંઠાના વિસ્તારોમાં પવનની ઝડપ ૪૫ થી ૫૫ કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચવાની અને પવનના ઝાટકા ૩૦ નોટ્સ સુધી જવા ની ક્ષમતા હોવાથી ઉત્તર અને દક્ષિણ ગુજરાતના તમામ દરિયાકાંઠે માછીમારોને દરિયો ન ખેડવા માટે કડક ચેતવણી અને સૂચના આપવામાં આવી છે.

## સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે

## સ્વતંત્રતા દિનની વહેલી સવારે ૨૫૧મું અંગદાન: ૩૮ વર્ષીય બુધાભાઈ પરમારે અંગદાન થકી ચાર દર્દીઓને આપ્યું નવજીવન

### સ્વતંત્રતા પર્વના દિવસે બ્રેઈન ડેડ દર્દીના અંગદાનથી અન્ય દર્દીઓને મળ્યું નવજીવન:- સિવિલ હોસ્પિટલના તબીબી અધિક્ષક ડૉ. રાકેશ જોશી

**અમદાવાદ, તા.17**

સ્વતંત્રતા દિવસની વહેલી સવારે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે માનવતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડતું ૨૫૧મું અંગદાન સંપન્ન થયું છે. ખેડા જિલ્લાના કપડવંજ ખાતે રહેતા ૩૮ વર્ષીય બુધાભાઈ સોઢાભાઈ પરમાર બ્રેઈન ડેડ જાહેર થતાં, તેમના પરિવારે લીધેલા અત્યંત સંવેદનશીલ અને સાહસિક નિર્ણયથી આજે ચાર જરૂરિયાતમંદ દર્દીઓને નવજીવન મળ્યું છે.

ઘટનાની વિગત મુજબ, બુધાભાઈ પરમાર ગત ૧૦ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ એક માર્ગ અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. તેમને તાત્કાલિક વધુ સારવાર અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલના ICUમાં દાખલ કરવામાં આવ્યા હતા. તબીબોની સઘન સારવાર છતાં સ્થિતિમાં સુધાર ન થતા, તા.૧૪ ઓગસ્ટના રોજ તબીબો દ્વારા તેમને 'બ્રેઈન ડેડ' જાહેર કરવામાં આવ્યા હતા.

જીવનસાથી ગુમાવવાના અસહ્ય દુઃખ વચ્ચે પણ બુધાભાઈના પત્ની ભાવનાબેન અને તેમના પરિવારે અસીમ ધૈર્ય દાખવ્યું હતું.



સિવિલની અંગદાન ટીમના ડૉ. મોહિત ચંપાવતના યોગ્ય કાઉન્સેલિંગ બાદ, પરિવારે માનવતા અભિગમ અપનાવીને અંગદાન માટે પોતાની લેખિત સંમતિ આપી હતી.

અંગદાનમાં પ્રાપ્ત થયેલા હૃદયનું સિવિલ મેડિસિટી કેમ્પસ સ્થિત યુ.એન. મહેતા હોસ્પિટલમાં જરૂરિયાતમંદ દર્દીમાં સફળતાપૂર્વક પ્રત્યારોપણ (Transplant) કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, દાનમાં મળેલું એક લીવર અને બે કિડની IKDRC (કિડની હોસ્પિટલ) ખાતે સારવાર લઈ રહેલા દર્દીઓમાં પ્રત્યારોપિત કરીને તેમને નવજીવન બક્ષવામાં આવ્યું છે. સિવિલ હોસ્પિટલના તબીબી અધિક્ષક ડૉ. રાકેશ જોશીએ જણાવ્યું હતું કે, સ્વતંત્રતા પર્વના દિવસે બ્રેઈન ડેડ દર્દીના અંગદાનથી અન્ય દર્દીઓને નવજીવન મળ્યું છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, સિવિલ હોસ્પિટલ ખાતે અત્યાર સુધીમાં કુલ ૨૫૧ અંગદાતાઓ થકી ૧,૦૭૯ અંગો અને પેશીઓનું દાન પ્રાપ્ત થયું છે. જેમાં ૪૬૪ કિડની, ૨૨૫ લીવર, ૭૯ હૃદય, ૩૪ ફેફસાં, ૨૧ સ્વાદુપિંડ, ૦૬ હાથ અને ૦૨ નાનાં આંતરડાં મળીને કુલ ૮૩૧ અંગો પ્રાપ્ત થયા છે. આ ઉપરાંત ૨૦૦ ચક્ષુ તથા ૪૮ ચામડી -સ્કિન પ્રાપ્ત કરીને કુલ ૨૪૮ પેશીઓ પ્રાપ્ત થઈ છે.

## માનવ સેવા ટ્રસ્ટ દ્વારા સાણંદની સમજૂનાથ વાદી પાઠશાળામાં 80મા સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય ઉજવણી



**સાણંદ, તા.17**

માનવ સેવા ટ્રસ્ટ, સાણંદ દ્વારા સંચાલિત સમજૂનાથ વાદી પાઠશાળા ખાતે ભારતના 80મા સ્વાતંત્ર્ય પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી.

વાદી સમુદાયના બાળકો શિક્ષણથી વંચિત ન રહે અને સમાજની મુખ્ય ધારા સાથે જોડાય તે હેતુથી ચાલી રહેલી આ તંબુ શાળાના પરિસરમાં દેશભક્તિસભર વાતાવરણ જોવા મળ્યું હતું.

આ ઉજવણી પ્રસંગે નવજીવન હોસ્પિટલના સુપ્રસિદ્ધ ડૉ. ગૌરવ વાઢેર તથા ડૉ. શોભા વાઢેર મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં આન-બાન-શાન સાથે રાષ્ટ્રધ્વજ ફરકાવી સલામી અર્પણ કરવામાં આવી હતી. ત્યારબાદ તંબુ શાળાના બાળકો દ્વારા રજૂ કરવામાં આવેલા દેશભક્તિ ગીતોએ ઉપસ્થિત સૌ કોઈમાં રાષ્ટ્રપ્રેમની ભાવના જગાવી હતી.

સમારંભ દરમિયાન મુખ્ય મહેમાનોએ બાળકોને પ્રોત્સાહિત કરતા જણાવ્યું હતું કે, જીવનમાં આગળ વધવા માટે શિક્ષણ જ સૌથી મોટું શસ્ત્ર છે. તેમણે બાળકોને નિયમિત અભ્યાસ કરી ઉચ્ચ લક્ષ્યાંકો પ્રાપ્ત કરવા પ્રેરણા આપી હતી. આ કાર્યક્રમમાં વાદી સમુદાયના લોકો, આગેવાનો તેમજ તંબુ શાળાના બાળકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. અંતમાં, કાર્યક્રમને સફળ બનાવવામાં સહયોગ આપનાર તમામ મહેમાનો, સમુદાયના અગ્રણીઓ અને કાર્યકરોનો આભાર વ્યક્ત કરી કાર્યક્રમ સંપન્ન કરવામાં આવ્યો હતો.

# DCP નકુમનો બચાવ કરનાર ભાજપ નેતા સામે વકીલોએ મોરચો માંડ્યો....

## એસો.ના પ્રમુખે કહ્યું- 'મુકેશ ગુજરાતીમાં HCના પટાવાળાની પણ લાયકાત નહીં, પદ પરથી દૂર કરવા માગ

**અમદાવાદ, તા.17**

સુરતમાં છેલ્લા કેટલાક મહિનાઓથી વિવિધ વિવાદોના કારણે ચર્ચામાં રહેલા ડીસીપી રાજદીપસિંહ નકુમ સામેની એક મહત્વપૂર્ણ સુનાવણી દરમિયાન ગુજરાત હાઈકોર્ટે અત્યંત કડક વલણ અપનાવ્યું હતું. વાસ્તવમાં, સુરતમાં ડીસીપી રાજદીપસિંહ નકુમ દ્વારા આરોપીઓને જાહેરમાં માર મારવાના મામલે હાઈકોર્ટમાં સુઓ મોટો અરજી દાખલ કરવામાં આવી છે. આ સુનાવણી દરમિયાન સરકારી વકીલે કોર્ટને જાણ કરી હતી કે સંબંધિત પોલીસ અધિકારી સામે તપાસ ચાલી રહી છે. જોકે, હાઈકોર્ટના ચીફ જસ્ટિસે આ બાબતે સરકારી વકીલને સખત સૂચના આપતા જણાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટના નિર્દેશોનો અનાદર કરનાર કોઈ પણ પોલીસ અધિકારીને પોતાના હોદ્દા પર રાખીને તટસ્થ તપાસ થઈ શકે નહીં, તેથી તેમની તાત્કાલિક અસરથી બદલી કરવામાં આવે.

હાઈકોર્ટના ચીફ જસ્ટિસ દ્વારા ડીસીપીની બદલી કરવા અંગે આપવામાં આવેલા આ કડક સૂચનથી ગુજરાત ભાજપ પ્રદેશ બૂથ મેનેજમેન્ટ સેલના સંયોજક અને સુરતના ભાજપ નેતા મુકેશ ગુજરાતી અકળાઈ ગયા હતા. આ નિર્ણય તેમને પસંદ ન આવતાં તેમણે સોશિયલ મીડિયા પર હાઈકોર્ટના જજ વિરુદ્ધ વિવાદિત પોસ્ટ મૂકી હતી. તેમણે પોતાની ફેસબુક કે સોશિયલ મીડિયા પોસ્ટમાં અયોગ્ય લખાણ લખતાં લખ્યું હતું કે, 'જજને વહીવટનો કીડો હોય તો તે પણ એકવાર ચૂંટણી મેદાનમાં આવે, જનતા શું ઈચ્છે છે તે ખબર પડી જશે.' હાઈકોર્ટના જજ અને ન્યાયપ્રણાલી સામે ભાજપના નેતા દ્વારા કરવામાં આવેલી આવી અભદ્ર ટિપ્પણી સોશિયલ મીડિયા પર વાયરલ થતાં



જ સમગ્ર વકીલ આલમ અને ન્યાયિક ક્ષેત્રમાં ભારે રોષ અને આક્રોશની લહેર ફરી વળી હતી.

ભાજપ નેતાની આ બિનજવાબદાર હરકત સામે ગુજરાત હાઈકોર્ટ એડવોકેટ એસોસિએશન તુરંત જ મેદાનમાં આવી ગયું હતું. આ વિવાદિત નિવેદનના વિરોધમાં અને સખત ઠરાવ પસાર કરવા માટે હાઈકોર્ટ એડવોકેટ એસોસિએશન દ્વારા તાકીદની એક ખાસ બેઠક બોલાવવામાં આવી હતી. આ બેઠકમાં વકીલોએ એકસૂરે મુકેશ ગુજરાતીના નિવેદનને આકરા શબ્દોમાં વખોડી કાઢ્યું હતું. એસોસિએશનના પ્રમુખ યતીન ઓઝાએ બેઠક બાદ મીડિયા સાથે વાતચીત કરતાં જણાવ્યું હતું કે આ વિષય કોઈ એક વ્યક્તિગત જજ પૂરતો સીમિત નથી, પરંતુ સમગ્ર કોર્ટની ગરિમા અને ન્યાયતંત્રના સન્માન સાથે જોડાયેલો છે. તેમણે તીખા પ્રહારો કરતાં એમ પણ કહ્યું હતું કે મુકેશ ગુજરાતીમાં હાઈકોર્ટના પટાવાળા બનવાની પણ લાયકાત નથી.

હાઈકોર્ટ એડવોકેટ એસોસિએશને આ બાબતે આકરાં પગલાં લેવાનો સર્વાનુમતે નિર્ણય કર્યો છે. બેઠકમાં નક્કી થયા મુજબ, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીનને બાર એસોસિએશન તરફથી સત્તાવાર રજૂઆત અને મેસેજ મોકલવામાં આવશે, જેમાં માંગ કરવામાં આવશે કે ન્યાયતંત્રનું અપમાન કરનારા મુકેશ ગુજરાતીને તેમના હોદ્દા પરથી તુરંત દૂર કરવામાં આવે અને ભાજપ પાર્ટીમાંથી જ કાઢી મૂકવામાં આવે. એસોસિએશનના મોટા ભાગના તમામ વકીલોએ પ્રમુખની આ વાતનું સંપૂર્ણ સમર્થન કર્યું હતું. આ ઉપરાંત, યતીન ઓઝાએ વધુમાં સ્પષ્ટ કર્યું હતું કે ડીસીપી રાજદીપસિંહ નકુમ સામે ચીફ જસ્ટિસની કોર્ટમાં જે સુઓ મોટો અરજી ચાલી રહી છે, તેમાં હાઈકોર્ટ એડવોકેટ એસોસિએશન દ્વારા પણ સત્તાવાર રીતે ઈન્ટરવેન્શન અરજી દાખલ કરીને પક્ષકાર બનવામાં આવશે.

## સુરતમાં મહિલા મિત્ર સાથે હોટેલમાં ગયેલા યુવકનું મોત: રિસેપ્શન પર વાત કરતા કરતા ઢળી પડ્યો, કાર્ડિયાક અરેસ્ટની આશંકા

**સુરત, તા.17**

સુરતના ડિંડોલીના RJD પ્લાઝામાં આવેલી હોટેલમાં મહિલા મિત્ર સાથે ગયેલા એક યુવાનનું રિસેપ્શન કાઉન્ટર પર જ ઢળી પડતા મોત નિપજ્યું. ચેક ઈન સમયે જ બનેલી આ ઘટના સીસીટીવીમાં કેદ થઈ. પોલીસે ઘટનાસ્થળ પર પહોંચી મૃતદેહને પીએમ માટે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે. કાર્ડિયાક અરેસ્ટના કારણે યુવાનનું મોત નિપજ્યાની આશંકા છે.



ડિંડોલીની 16 સંગમ સોસાયટીમાં રહેતો અને સચિન સ્થિત એક એમ્બ્રોઈડરી કારખાનાનો શ્રમિક 26 વર્ષીય આકાશ પવાર RJD પ્લાઝાની 'ધ રોયલ પેલેસ' હોટેલમાં રૂમ બુક કરાવા ગયો હતો.

હોટેલમાં ચેક-ઈન પ્રક્રિયા દરમિયાન તે રિસેપ્શન કાઉન્ટર પર ઓળખપત્ર આપી રહ્યો હતો, ત્યારે અચાનક જ તબિયત લથડી હતી અને જમીન પર ફસડાઈ પડ્યો હતો. આ અણધારી સ્થિતિ જોઈને મહિલા મિત્ર અને હોટેલનો સ્ટાફ સ્તબ્ધ થઈ ગયા હતા.

યુવક બેહોશ થઈને નીચે પડતાં જ હોટેલ સ્ટાફ અને આસપાસના લોકો તાત્કાલિક તેની મદદ માટે દોડી આવ્યા હતા. જોકે, ત્યાં સુધીમાં યુવકના શરીરમાં કોઈ હલનચલન ન જણાતા તાત્કાલિક પોલીસ તેમજ એમ્બ્યુલન્સને જાણ કરાઈ હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખીને ડિંડોલી પોલીસ મથકનો કાફલો તરત જ સ્થળ પર પહોંચ્યો હતો.

ડિંડોલી પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધીને કાર્યવાહી શરૂ કરી અને મૃતદેહને સિવિલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો છે. પ્રાથમિક દ્રષ્ટિએ યુવકનું મોત સાયલન્ટ હાર્ટ એટેક અથવા બ્રેઈન સ્ટ્રોક જેવા તબીબી કારણોસર થયું હોવાની પ્રબળ આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે, પરંતુ મોતનું ચોક્કસ કારણ પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ સ્પષ્ટ થશે.

## સ્વતંત્રતા દિને અસારવા સિવિલ હોસ્પિટલમાં 251મું અંગદાન: 38 વર્ષીય બુધાભાઈ પરમારના અંગદાનથી ચાર દર્દીઓને મળ્યું નવજીવન



**અમદાવાદ, તા.17**

અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે ૧૫ ઓગસ્ટના પાવન પર્વની વહેલી સવારે 251મું અંગદાન સંપન્ન થયું છે. ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાના 38 વર્ષીય બુધાભાઈ પરમાર માર્ગ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયા બાદ બ્રેઈન ડેડ જાહેર થતાં પરિવારે ભારે હૈયે અંગદાનનો ઉમદા અને સંવેદનશીલ નિર્ણય લીધો હતો. પરિવારના આ ઐતિહાસિક નિર્ણયથી ગંભીર બીમારી સામે ઝઝૂમતા 4 જરૂરિયાતમંદ દર્દીઓને નવું જીવન મળ્યું છે.

મળતી વિગતો અનુસાર, કપડવંજના રહેવાસી 38 વર્ષીય બુધાભાઈ સોઢાભાઈ પરમાર 10 ઓગસ્ટના રોજ એક માર્ગ અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. તેમને તાત્કાલિક સારવાર અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલના આઈસીયુ (ICU) માં ખસેડવામાં આવ્યા હતા. તબીબોની રાઉન્ડ ધ ક્લોક સઘન સારવાર છતાં તેમની તબિયતમાં કોઈ સુધારો ન થતાં, તબીબી પેનલ દ્વારા 14 ઓગસ્ટના રોજ તેમને 'બ્રેઈન ડેડ' જાહેર કરવામાં આવ્યા હતા.

પરિવાર પર આવી પડેલા વજ્રપાત અને જીવનસાથી ગુમાવવાના અસહ્ય દુઃખ વચ્ચે પણ મૃતકના ધર્મપત્ની ભાવનાબેન તેમજ પરિવારજનોએ અત્યંત સંવેદનશીલતા દાખવી હતી. સિવિલ હોસ્પિટલની અંગદાન કાઉન્સિલિંગ ટીમના ડૉ. મોહિત ચંપાવત દ્વારા સમજાવટ અને કાઉન્સેલિંગ બાદ પરિવારે માનવતાના હિતમાં તમામ અંગોના દાન માટે લેખિત મંજૂરી આપી હતી.

હૃદય: યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર ખાતે દાખલ દર્દીમાં સફળતાપૂર્વક ટ્રાન્સપ્લાન્ટ કરાયું. લીવર અને 2 કિડની: કિડની હોસ્પિટલ (IKDRC) ખાતે સારવાર લઈ રહેલા 3 દર્દીઓમાં પ્રત્યારોપણ કરવામાં આવ્યા.

અમદાવાદ સિવિલ હોસ્પિટલના મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. રાકેશ જોશીએ જણાવ્યું હતું કે, સ્વતંત્રતા પર્વ પર બ્રેઈન ડેડ દર્દીના અંગો થકી અન્ય નાગરિકોને નવજીવન આપવું એ સાચી રાષ્ટ્રસેવા અને સર્વોચ્ચ માનવતાનું ઉદાહરણ છે.

અમદાવાદ સિવિલ હોસ્પિટલ દ્વારા અત્યાર સુધીમાં 251 બ્રેઈન ડેડ દર્દીઓના અંગદાન થકી કુલ 1079 જેટલા અંગો અને પેશીઓ મેળવી દેશભરના સેંકડો લાચાર દર્દીઓને પુનઃજીવન બક્ષવામાં સફળતા મળી છે.

# સુરતમાં તંત્રના પાપે ઐતિહાસિક ધરોહર રામભરોસે: ઐતિહાસિક ડચ સિમેટ્રીની ધરાશાયી દીવાલનો કાટમાળ મહિનાથી રોડ પર, અડધો રસ્તો બ્લોક, ગંદકી અને ટ્રાફિકથી સ્થાનિકો ત્રસ્ત

**સુરત, તા.17**

સુરત શહેરના હોડી બંગલા વિસ્તારમાં સ્થિત અને સદીઓ જૂની ઐતિહાસિક ધરોહર ગણાતી 'ડચ સિમેટ્રી' (ડચ કબ્રસ્તાન)ની સુરક્ષા તેમજ જાળવણી પ્રત્યે સુરત મહાનગરપાલિકા (SMC) અને પુરાતત્વ વિભાગની અત્યંત ઘોર બેદરકારી તથા ઉદાસીનતા સામે આવી છે. ગત ૭ અને ૮ જુલાઈના રોજ સુરતમાં પડેલા ભારેથી અતિભારે વરસાદના કારણે આ ઐતિહાસિક સ્મારકને રક્ષણ આપતી એક વિશાળ સુરક્ષા દીવાલ અચાનક ધરાશાયી થઈ ગઈ હતી. સદનસીબે તે સમયે રસ્તા પરથી કોઈ પસાર ન થતું હોવાથી મોટી જાનહાનિ ટળી ગઈ હતી, પરંતુ આ ગંભીર ઘટના બન્યાને એક મહિનાથી પણ વધુ સમય વીતી ગયો હોવા છતાં સ્થાનિક તંત્ર કે પુરાતત્વ વિભાગ દ્વારા રસ્તા પર પડેલો કાટમાળ અને મલબો ખસેડવાની સાદી તસ્દી સુદ્ધાં લેવામાં આવી નથી.

દીવાલનો ભારેખમ કાટમાળ, પથ્થરો અને માટીનો મોટો ઢગલો સીધો જાહેર માર્ગ પર આવીને



પડવાને કારણે આ મુખ્ય રસ્તાનો અડધોઅડધ ભાગ સંપૂર્ણપણે બ્લોક થઈ ગયો છે. આ માર્ગ પરથી દૈનિક ધોરણે શાળાઓની વાન-રિક્ષાઓ, નોકરિયાત વર્ગ અને હજારો રાહદારીઓની ભારે અવરજવર રહેતી હોય છે, જેના પરિણામે સમગ્ર વિસ્તારમાં દિવસભર ટ્રાફિક જામની વિકટ સમસ્યા સર્જાય છે. તે ઉપરાંત ચોમાસાના વરસાદી પાણી આ કાટમાળ વચ્ચે ભરાઈ રહેવાના કારણે વિસ્તારમાં તીવ્ર દુર્ગંધ અને ગંદકીનું સામ્રાજ્ય ફેલાયું છે, જેનાથી સ્થાનિક રહીશોમાં રોગચાળો ફાટી નીકળવાનો અને તેમના આરોગ્ય સામે ગંભીર જોખમ ઊભું થવાનો ભય સતત સતાવી રહ્યો છે.

તંત્રના આ વલણ સામે ભારે આક્રોશ વ્યક્ત કરતાં સ્થાનિક અગ્રણી સરફરાઝભાઈ ઘાસવાલાએ પોતાના મનની ભડાશ કાઢતાં જણાવ્યું હતું કે, આ સમારકામ કરવાની જવાબદારી મહાનગરપાલિકાની છે કે પુરાતત્વ વિભાગની, તેનાથી સામાન્ય પ્રજાને કોઈ લેવાદેવા નથી. જનતા જો પોતાના પરસેવાની કમાણીમાંથી નિયમિતપણે ટેક્સ ચૂકવતી હોય તો તેને પ્રાથમિક રસ્તા અને સુરક્ષા જેવી સુવિધાઓ મળવી જ જોઈએ. તેમણે માંગ કરી છે કે મ્યુનિસિપલ કમિશનર અને મેયર પોતે તાત્કાલિક ધોરણે સ્થળની મુલાકાત લે અને આ પ્રોટેક્શન વોલનું વહેલી તકે પુનઃનિર્માણ કરાવે. સમગ્ર વિશ્વમાં પોતાની ઐતિહાસિક સ્મારકો અને ધરોહરોનું જતન કરવામાં આવે છે. આ ડચ સિમેટ્રી જોવા માટે દેશ-વિદેશમાંથી અનેક પ્રવાસીઓ અને મહાનુભાવો સુરત આવે છે. દીવાલ ધરાશાયી થયાને આટલો સમય વીતી ગયા છતાં કોઈ અધિકારી સ્થળ તપાસ માટે પણ આવ્યા નથી, જેના કારણે બાળકો અને વાહનચાલકો દરરોજ હેરાન થઈ રહ્યા છે.

હાલમાં જે દીવાલનો બાકીનો ભાગ ઊભો રહ્યો છે, તે પણ અત્યંત જોખમી, જર્જરિત અને બિનસુરક્ષિત હાલતમાં છે. તંત્ર દ્વારા આ જર્જરિત દીવાલને પડી જતી રોકવા માટે કોઈ ટેકો કે સુરક્ષાત્મક કવચ પૂરું પાડવામાં આવ્યું નથી. જો આગામી દિવસોમાં શહેરમાં ફરીથી ભારે વરસાદ ખાબકશે, તો આ દીવાલનો બાકીનો ભાગ પણ ધરાશાયી થઈને કોઈ નિર્દોષ વાહનચાલક કે રાહદારી પર પડે અને મોટી હોનારત સર્જાય તેવી પૂરેપૂરી શક્યતા સેવાઈ રહી છે. આથી સ્થાનિક રહીશોની ઉગ્ર માંગણી છે કે મહાનગરપાલિકા અને પુરાતત્વ વિભાગ પરસ્પર સંકલન સાધીને તાત્કાલિક ધોરણે રસ્તા પરથી કાટમાળ દૂર કરાવે અને સ્મારકની સુરક્ષા માટે નવી મજબૂત પ્રોટેક્શન વોલનું નિર્માણ કામ શરૂ કરાવે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# યુક્રેનમાં લક્ષ્મી મિત્તલની ફેક્ટરી પર રશિયાનો મિસાઈલ હુમલો: ભારતીય કારોબારીની સ્ટીલ ફેક્ટરી બળીને ખાખ, 2નાં મોત

**મોસ્કો, તા.17**

યુક્રેન-રશિયા યુદ્ધમાં હુમલાઓ હવે વધુ ખતરનાક બની રહ્યા છે. રશિયાએ યુક્રેનના સૌથી મોટા સ્ટીલ પ્લાન્ટ પર મિસાઈલ હુમલો કર્યો છે. આ પ્લાન્ટ ભારતીય મૂળના અબજોપતિ લક્ષ્મી મિત્તલની કંપની આર્સેલર મિત્તલનો છે. હુમલામાં બે લોકોનાં મોત થયા છે અને 14 કર્મચારીઓ ઘાયલ થયા છે. આર્સેલર મિત્તલનો આ પ્લાન્ટ યુક્રેનના ક્રિવી રીહ શહેરમાં છે, જે યુક્રેનના રાષ્ટ્રપતિ વ્લાદિમીર ઝેલેન્સ્કીનું વતન છે. આ પ્લાન્ટ યુક્રેનનો સૌથી મોટો સ્ટીલ યુનિટ પણ છે. રશિયાએ આ પ્લાન્ટ પર મિસાઈલ હુમલો કર્યો છે. આ હુમલો યુક્રેન દ્વારા રશિયા પર કરવામાં આવેલા મોટા ડ્રોન હુમલાના જવાબમાં કરવામાં આવ્યો હતો. રશિયન હુમલાથી પ્લાન્ટની વીજળી વ્યવસ્થા અને સ્ટીલ બનાવતી બ્લાસ્ટ ફર્નેસ યુનિટને નુકસાન થયું. આ પછી પ્લાન્ટમાં ઉત્પાદનનો અમુક ભાગ બંધ કરવો પડ્યો. આ પહેલા યુક્રેને રશિયાના ઘણા વિસ્તારોમાં સેંકડો ડ્રોન છોડ્યા હતા. રશિયાના મતે, આ હુમલામાં ઓછામાં ઓછા 6 લોકોનાં મોત થયા હતા. આ યુદ્ધ દરમિયાન યુક્રેનના સૌથી મોટા હવાઈ હુમલાઓમાંથી એક હતો. મોસ્કો ક્ષેત્રના ગવર્નર આન્દ્રે વોરોબ્યોવે તેને તાજેતરના સમયના સૌથી મોટા ડ્રોન હુમલાઓમાંથી એક ગણાવ્યો હતો. રશિયાના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે તેણે રાતોરાત દેશભરમાં 822 યુક્રેનિયન ડ્રોનને રોક્યા હતા.

વોરોબ્યોવે જણાવ્યું કે મોસ્કો ક્ષેત્રમાં એક યુક્રેનિયન ડ્રોન એક ખાનગી ઘર પર પડ્યું. જેમાં 83 વર્ષના એક વૃદ્ધનું મૃત્યુ થયું. તેમણે એ પણ જણાવ્યું કે યુક્રેનના વધુ એક હુમલાને કારણે વાઈલ્ડબેરીઝના ગોડાઉનમાં આગ લાગી ગઈ. વાઈલ્ડબેરીઝ રશિયાની સૌથી મોટી ઓનલાઈન રિટેલ કંપની છે. તેના માલિક દેશની સૌથી ધનિક મહિલા અને અબજોપતિ તાત્યાના કિમ છે.

મોસ્કોના મેયર સર્ગેઈ સોબ્યાનિને જણાવ્યું કે લગભગ 600 ડ્રોન મોસ્કો તરફ આવતા જોવા મળ્યા. તેમાંથી લગભગ એક તૃતીયાંશ ડ્રોનને મોસ્કો ક્ષેત્ર ઉપર જ નષ્ટ કરી દેવામાં આવ્યા. રશિયાના દક્ષિણ-પશ્ચિમ રોસ્ટોવ ક્ષેત્રના ત્રણ શહેરો પર પણ ડ્રોન હુમલો થયો. સ્થાનિક ગવર્નર યુરી સ્લ્યુસર અનુસાર, આ હુમલામાં 5 લોકોનાં મોત થયા. આ હુમલામાં 150 થી વધુ ડ્રોન સામેલ હતા. ઘણા ઘરો અને એક રેલવે સ્ટેશનને નુકસાન પહોંચ્યું અને જંગલમાં પણ



આગ લાગી ગઈ. યુક્રેનના ક્રિવી રીહ શહેરમાં રશિયન ડ્રોન અને મિસાઈલોના મોટા હુમલામાં આર્સેલર મિત્તલના સ્ટીલ પ્લાન્ટમાં બે લોકોનાં મોત થયા. આ શહેર ઝેલેન્સ્કીનું વતન છે. રવિવારે ક્રિવી રીહ પર થયેલા વધુ એક હુમલામાં એક વ્યક્તિનું મોત થયું. રશિયાના હુમલામાં યુક્રેનના અન્ય વિસ્તારોને પણ નિશાન બનાવવામાં આવ્યા. દક્ષિણ-પૂર્વ ઝાપોરિઝ્ઝિયા ક્ષેત્રમાં બે લોકોનાં મોત થયા. સરહદને અડીને આવેલા સુમી ક્ષેત્રમાં એક વ્યક્તિ અને પૂર્વ ડોનેત્સ્કમાં પણ એક વ્યક્તિનું મોત થયું.

રશિયન હુમલાઓને કારણે કિવમાં ઘણી જગ્યાએ આગ લાગી. તેમાં 6 લોકો ઘાયલ થયા. કિવના સૌથી મોટા પુસ્તક બજારોમાંના એકમાં પણ આગ લાગી. આગે પોચાઈના મેટ્રો સ્ટેશન પાસે એકબીજાને અડીને આવેલી ઘણી દુકાનો અને સ્ટોલને પોતાની ઝપેટમાં લીધા. રાતભર થયેલા હુમલાઓ પર સોશિયલ મીડિયા પર ઝેલેન્સ્કીએ કહ્યું કે "જ્યાં સુધી રશિયા તેની બેલિસ્ટિક મિસાઈલોથી પહોંચી શકે છે, ત્યાં તે નાગરિક ઠેકાણાઓ પર હુમલો કરે છે."

ઝેલેન્સ્કીએ કહ્યું કે છેલ્લા એક અઠવાડિયામાં યુક્રેનના શહેરો પર 1,550થી વધુ હુમલાખોર ડ્રોન, લગભગ 1,560 ગાઈડેડ બોમ્બ અને 62 મિસાઈલો છોડવામાં આવી છે. તેમણે ફરી એકવાર સહયોગી દેશોને વધુ એર ડિફેન્સ સિસ્ટમ આપવા અપીલ કરી.

યુદ્ધની અસર પડોશી દેશો સુધી પણ પહોંચી રહી છે. રોમાનિયાના સંરક્ષણ મંત્રાલય અનુસાર, એક ડ્રોન તેના હવાઈ ક્ષેત્રમાં પ્રવેશ્યું. સ્પેનના નાટો મિશનના F-18 ફાઈટર જેટ દ્વારા તેને તોડી પાડવામાં આવ્યું. કહેવામાં આવ્યું કે ડ્રોન મોલ્ડોવાની દિશામાંથી આવ્યું હતું અને તે રશિયન હોવાની આશંકા હતી. અન્ય દેશો સુધી સતત વધતા આ હુમલાઓ દર્શાવે છે કે રશિયા-યુક્રેન યુદ્ધ હવે માત્ર યુદ્ધક્ષેત્ર પૂરતું મર્યાદિત નથી રહ્યું. ઔદ્યોગિક સ્થળો, ઊર્જા સુવિધાઓ અને નાગરિક વિસ્તારો પરના હુમલાઓએ સમગ્ર પ્રદેશની સુરક્ષા અંગેની ચિંતા વધુ વધારી દીધી છે.

યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ રશિયા પર નાગરિક વિસ્તારો અને માળખાકીય સુવિધાઓને નિશાન બનાવવાનો આરોપ લગાવ્યો. ઝેલેન્સકીએ કહ્યું કે રશિયા તેના નિયંત્રણ હેઠળના વિસ્તારોમાં નાગરિક માળખા પર હુમલો કરી રહ્યું છે. તેમના મતે, છેલ્લા એક અઠવાડિયામાં રશિયાએ યુક્રેનના શહેરો અને અન્ય વિસ્તારો પર 1,550 થી વધુ ડ્રોન, લગભગ 1,560 ગાઈડેડ બોમ્બ અને 62 મિસાઈલ છોડી. તેમાં મોટી સંખ્યામાં બેલિસ્ટિક મિસાઈલો હતી. યુક્રેન ધીમી ગતિએ આવતા ડ્રોનને રોકવામાં મોટાભાગે સફળ રહ્યું છે. પરંતુ ઝડપી ગતિએ આવતી બેલિસ્ટિક મિસાઈલોને રોકવી તેના માટે મોટો પડકાર છે.

આવી મિસાઈલોને રોકવામાં અમેરિકાની પેટ્રિઅટ એર ડિફેન્સ સિસ્ટમ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. જોકે, રશિયન હુમલાઓ સતત ચાલુ રહેવાને કારણે યુક્રેન પાસે આ ઈન્ટરસેપ્ટર મિસાઈલોનો ભંડાર મર્યાદિત થઈ ગયો છે. જોકે, ઝેલેન્સકીએ અમેરિકા અને યુરોપિયન દેશોને તાત્કાલિક વધુ પેટ્રિઓટ એર ડિફેન્સ સિસ્ટમની ઈન્ટરસેપ્ટર મિસાઈલો મોકલવાની અપીલ કરી છે. તેમણે કહ્યું કે આ મિસાઈલો લોકોનો જીવ બચાવવા માટે છે, તેથી તેમને ગોડાઉનોમાં રાખવાને બદલે યુક્રેન મોકલવી જોઈએ.

# ટ્રમ્પે PAK-સાઉદી-તુર્કીના રક્ષા કરાર પર ખુશી વ્યક્ત કરી: કહ્યું- ત્રણેય દેશો મજબૂતીથી પોતાનો બચાવ કરી શકશે

## એક પર હુમલો થયો તો સાથે મળીને જવાબ આપશે

**વોશિંગ્ટન, તા.17**

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પાકિસ્તાન, સાઉદી અરેબિયા અને તુર્કીયે વચ્ચે તાજેતરમાં પાર પડેલા ઐતિહાસિક 'મક્કા સંયુક્ત રક્ષા સમજૂતી' (મક્કા જોઈન્ટ ડિફેન્સ એગ્રીમેન્ટ)નું ઉષ્માભર્યું સ્વાગત કર્યું છે. તેમણે આ કરારને અત્યંત મહત્વપૂર્ણ ગણાવતા કહ્યું હતું કે આ ત્રિપક્ષીય સુરક્ષા ડીલના માધ્યમથી ત્રણેય મુસ્લિમ દેશો એકસાથે મળીને પોતાની સુરક્ષા અને સૈન્ય શક્તિને વધુ મજબૂત અને પ્રભાવશાળી બનાવી શકશે. ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર એક પોસ્ટ શેર કરતાં લખ્યું હતું કે, તેમને એ વાતની ભારે ખુશી છે કે પાકિસ્તાન, સાઉદી અરેબિયા અને તુર્કીયે આખરે મક્કા સંયુક્ત રક્ષા સમજૂતી પર સત્તાવાર હસ્તાક્ષર કરી દીધા છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે આ ઐતિહાસિક પગલું એ વાતની સ્પષ્ટ સાબિતી આપે છે કે મિડલ-ઈસ્ટ અને એશિયાના પ્રમુખ દેશો હવે એકજૂટ થઈ રહ્યા છે અને ભવિષ્યમાં પોતાની સંરક્ષણ પ્રણાલીને વધુ સક્ષમ બનાવી શકશે. આ સાથે જ ટ્રમ્પે ત્રણેય દેશોના પ્રમુખ નેતાઓને આ કરાર બદલ ખાસ અભિનંદન પાઠવ્યા હતા અને આ સમજૂતીને ક્ષેત્રીય શાંતિ તથા સુરક્ષાની દિશામાં એક મોટું, સાહસિક અને અતિ મહત્વપૂર્ણ



પ્રથમ પગલું ગણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે આ બહુચર્ચિત રક્ષા કરાર પર ગત ૭ ઓગસ્ટના રોજ પવિત્ર શહેર મક્કા ખાતે સત્તાવાર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ મિટિંગ દરમિયાન સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન, તુર્કીયેના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગન અને પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફ ઉપસ્થિત રહ્યા હતા. આ સંયુક્ત રક્ષા સમજૂતીની સૌથી મુખ્ય અને મહત્વની શરત એ છે કે જો પાકિસ્તાન, સાઉદી અરેબિયા કે તુર્કીયેમાંથી કોઈ પણ એક દેશ પર બહારથી સૈન્ય હુમલો થાય, તો તેને બાકીના બંને દેશો પર થયેલો સીધો હુમલો જ ગણવામાં આવશે. એટલે કે, મુશ્કેલીના સમયે કે યુદ્ધની સ્થિતિમાં ત્રણેય દેશો એકબીજાની મદદે લશ્કરી રીતે સાથે આવીને ઊભા રહેશે. આ કરારનો મુખ્ય હેતુ ત્રણેય દેશો વચ્ચે પરસ્પર સૈન્ય તાલીમ, શસ્ત્રોની આપ-લે અને સુરક્ષા સહયોગને નવી ઊંચાઈ પર લઈ જવાનો છે.

આ સમજૂતી બાદ તુર્કીયેના રાષ્ટ્રપતિ એર્દોગને મહત્વનું નિવેદન આપતાં જણાવ્યું હતું કે ભવિષ્યમાં આ રક્ષા વ્યવસ્થા અને ગઠબંધનનો વ્યાપ વધારવામાં આવશે અને અન્ય મુસ્લિમ દેશો પણ આ રક્ષા મોરચાનો હિસ્સો બની શકે છે. તેમણે ખાસ કરીને ઈજિપ્ત (મિસર) આ સમજૂતીમાં જોડાય તેવી પ્રબળ શક્યતાઓ વ્યક્ત કરી હતી અને ભારપૂર્વક કહ્યું હતું કે આ કરાર સમગ્ર વિશ્વને એકતા અને સૈન્ય આત્મનિર્ભરતાનો ખૂબ જ મહત્વપૂર્ણ સંદેશ આપે છે.

બીજી તરફ, આ ત્રિપક્ષીય રક્ષા ડીલ પર ભારત સરકારે પણ પોતાની તીક્ષ્ણ નજર રાખી છે. ભારતીય વિદેશ મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે તેઓ આ કરારની ક્ષેત્રીય અસર અને પરિણામોની ગંભીરતાથી સમીક્ષા કરી રહ્યા છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ભારત આ સમગ્ર ઘટનાક્રમને પોતાની રાષ્ટ્રીય સુરક્ષા અને દક્ષિણ એશિયાઈ પ્રદેશની શાંતિના દ્રષ્ટિકોણથી મૂલવી રહ્યું છે. તેમણે દેશવાસીઓને આશ્વાસન આપતાં ઉમેર્યું હતું કે ભારત પોતાના સાર્વભૌમત્વ અને રાષ્ટ્રીય હિતોનું રક્ષણ કરવા માટે તમામ જરૂરી અને યોગ્ય પગલાં ઉઠાવવા માટે સંપૂર્ણપણે કટિબદ્ધ છે.

# યુએસ વિઝા નિયમમાં મોટો ફેરફાર: હવે તમામ વયના બાળકોએ ઈન્ટરવ્યૂમાં હાજર રહેવું ફરજિયાત

**વોશિંગ્ટન, તા.17**

જો તમે તમારા પરિવાર કે બાળકો સાથે યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા (USA) જવાનું સપનું જોઈ રહ્યા છો અને તેમના વિઝા મેળવવા માટે અરજી કરવાની તૈયારી કરી રહ્યા છો, તો આ અતિ મહત્ત્વપૂર્ણ અપડેટ વિશે જાણી લેવું તમારા માટે ખૂબ જરૂરી છે. સામાન્ય રીતે ઘણા ભારતીય વાલીઓમાં એવી એક સામાન્ય માન્યતા કે ધારણા હોય છે કે નાના બાળકો, ખાસ કરીને નવજાત કે અબુધ શિશુઓને વિઝા ઈન્ટરવ્યૂ માટે એમ્બેસી કે કોન્સ્યુલેટમાં રૂબરૂ લઈ જવાની કોઈ જરૂર હોતી નથી અને માતા-પિતા એકલા જઈને પ્રક્રિયા પૂર્ણ કરી શકે છે. પરંતુ, ભારત ખાતેની યુએસ એમ્બેસીએ આ માન્યતા અંગે અત્યંત મહત્ત્વપૂર્ણ સ્પષ્ટતા કરીને એક નવો નિર્દેશ જાહેર કર્યો છે, જેના અંતર્ગત હવે બાળકની ઉંમર ભલે ગમે તે હોય, દરેક સગીર અરજદારે ઈન્ટરવ્યૂમાં રૂબરૂ હાજર રહેવું અનિવાર્ય કરી દેવામાં આવ્યું છે.

યુએસ એમ્બેસીએ તેના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોતાના લોકપ્રિય 'વિઝા ફાઈડે' વીડિયો સેશન મારફતે આ અંગેની સત્તાવાર માહિતી અને સ્પષ્ટ નિર્દેશ જાહેર કર્યા છે. નવા નિયમ અનુસાર, નવજાત શિશુથી લઈને ૧૭ વર્ષ સુધીની વયના તમામ સગીર અરજદારોએ કોન્સ્યુલર ઈન્ટરવ્યૂ માટે રૂબરૂ હાજર રહેવું પડશે. હવેથી કોઈપણ માતા-પિતા કે વાલી પોતાના બાળક વતી એકલા એપોઈન્ટમેન્ટમાં હાજરી આપી શકશે નહીં અને કોઈપણ ચોક્કસ વયજૂથના બાળકો માટે રૂબરૂ હાજરીમાંથી કોઈ




પણ પ્રકારની છૂટછાટ આપવામાં આવી નથી. અત્યાર સુધીના સામાન્ય નિયમો મુજબ ૧૪ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે ઈન્ટરવ્યૂ માફી એટલે કે ડ્રોપબોક્સ જેવી સુવિધા મળતી હતી, જેમાં ખાસ કરીને જે માતા-પિતા પાસે પહેલેથી જ માન્ય યુએસ વિઝા હોય તેઓ પોતાના બાળકોના માત્ર દસ્તાવેજો જમા કરાવીને વિઝા મેળવી શકતા હતા, પરંતુ હવે આ પ્રક્રિયામાં મોટો બદલાવ આવી ગયો છે.

નિયમમાં આ પ્રકારે અચાનક કરવામાં આવેલા ફેરફાર પાછળનો મુખ્ય હેતુ સ્પષ્ટ કરતાં યુએસ એમ્બેસીના અધિકારીઓએ જણાવ્યું છે કે સમગ્ર વિઝા પ્રક્રિયામાં કોન્સ્યુલર ઈન્ટરવ્યૂ એ અત્યંત સંવેદનશીલ, ગંભીર અને પાયાનો ભાગ છે. રાષ્ટ્રીય સુરક્ષા, સરહદી સુરક્ષા તેમજ જાહેર સલામતી જાળવવી એ અમેરિકી પ્રશાસન માટે વૈશ્વિક ધોરણોનો એક ભાગ છે અને તેના માટે અધિકારીઓ દ્વારા દરેક અરજદારનું પ્રત્યક્ષ મૂલ્યાંકન કરવું જરૂરી બની જાય છે. ઈન્ટરવ્યૂ દરમિયાન કોન્સ્યુલર અધિકારીઓ દરેક અરજદારને રૂબરૂ મળીને તેમની સાચી ઓળખ, દસ્તાવેજો અને વિઝા મેળવવાની યોગ્યતાની અત્યંત સચોટ ચકાસણી કરે છે, જેનાથી સુરક્ષા સંબંધિત કોઈપણ જોખમ કે અનિચ્છનીય બનાવને અટકાવી શકાય.

આ પરિસ્થિતિમાં અમેરિકન વિઝા માટે અરજી કરી રહેલા અથવા આગામી દિવસોમાં પ્રવાસનું આયોજન કરી રહેલા તમામ માતા-પિતા અને વાલીઓ માટે કેટલીક ખાસ સૂચનાઓ ધ્યાનમાં રાખવી જરૂરી છે. હવેથી ઈન્ટરવ્યૂની તારીખ અને સમય નક્કી કરતી વખતે વાલીઓએ એ વાતનું ખાસ આયોજન કરવું પડશે કે બાળક તેમની સાથે સરળતાથી એમ્બેસી કે કોન્સ્યુલેટમાં ઉપસ્થિત રહી શકે. આ ઉપરાંત બાળકના તમામ જરૂરી અને માન્ય દસ્તાવેજો, જેમ કે જન્મ પ્રમાણપત્ર, મૂળ પાસપોર્ટ, DS-160 કન્ફર્મેશન પેજ અને એપોઈન્ટમેન્ટ કન્ફર્મેશન સ્લિપ સહિતના કાગળો અગાઉથી જ સંપૂર્ણ રીતે તૈયાર રાખવાના રહેશે. વિઝા પ્રક્રિયામાં કોઈપણ પ્રકારની અડચણ, નકારાત્મક નિર્ણય કે બિનજરૂરી વિલંબથી બચવા માટે યુએસ એમ્બેસીના આ નવા નિયમનું અક્ષરશઃ પાલન કરવું હવે દરેક ભારતીય વાલી માટે અનિવાર્ય બની ગયું છે.

# અમેરિકી સૈનિકોને મારો અને 28 લાખનું ઈનામ લઈ જાવ: ઈરાની કમાન્ડરની જાહેરાત, જો મહિલા આવું કરશે તો ઈનામની રકમ બેગણી થઈ જશે

**તેહરાન, તા.17**

ઈરાનની સેનાએ અમેરિકી સૈનિકો સામે એક અત્યંત વિવાદાસ્પદ અને મોટો નિર્ણય લેતા જાહેરાત કરી છે કે કોઈ પણ અમેરિકી સૈનિકને મારનાર અથવા જીવતો પકડનાર વ્યક્તિને ૨૫ લાખ રૂપિયાનું ઈનામ આપવામાં આવશે. આ ઉપરાંત ઈરાની સેનાએ એવી પણ સ્પષ્ટતા કરી છે કે જો આ સાહસિક કામ કોઈ મહિલા દ્વારા કરવામાં આવશે તો ઈનામની આ રકમ બમણી કરીને આપવામા આવશે. ઈરાની સેનાના કમાન્ડર-ઈન-ચીફ અમીર હાતમીએ તેહરાનમાં પોતાના એક જાહેર ભાષણ દરમિયાન આ સનસનાટીભરી યોજના વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, આ આયોજન દેશના એવા નાગરિકોની વારંવારની માંગણીઓને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યું છે, જેઓ 'ફાઈનાન્સિયલ જિહાદ' અથવા નાણાકીય સહયોગ દ્વારા દેશના યુદ્ધ પ્રયાસો અને સૈન્ય અભિયાનોમાં આર્થિક રીતે મદદ કરવા માંગતા હતા.

અમીર હાતમીએ વધુમાં દાવો કર્યો હતો કે હાલના ચાલુ સંઘર્ષે અમેરિકાના વૈશ્વિક સૈન્ય વર્ચસ્વ અને તાકાતને ભારે નુકસાન પહોંચાડીને તેને નબળું પાડી દીધું છે, જેના કારણે વિશ્વના અનેક દેશો હવે પોતાની રક્ષા અને સુરક્ષા માટે અમેરિકા સિવાયના અન્ય વિકલ્પો



શોધવા માટે મજબૂર બન્યા છે. તેમણે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના એ વિવાદિત નિવેદનની પણ આકરા શબ્દોમાં ટીકા કરી હતી, જેમાં ટ્રમ્પે ઈરાનની સંભવિત હાર બાદ વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ એવી હોર્મુઝની સામુદ્રધુનીને અમેરિકાનો સત્તાવાર પ્રદેશ જાહેર કરવાની વાત કહી હતી. 'ધ જેરુસલેમ પોસ્ટ'ના અહેવાલ મુજબ, હાતમીએ સભામાં દાવો કર્યો હતો કે અમેરિકી સેનાને ઈરાની દળો દ્વારા અસરકારક રીતે પાછળ હટવા માટે મજબૂર કરવામાં આવી છે અને હવે અમેરિકી સૈન્યને ફારસની ખાડી, ઓમાન સાગર કે હોર્મુઝની સામુદ્રધુની જેવા વિસ્તારોમાં પ્રવેશ કરવાની કોઈ મંજૂરી આપવામાં આવી રહી નથી.

બીજી તરફ, ઈરાને શનિવારે કતાર પર એક ગંભીર આરોપ લગાવતા કહ્યું છે કે કતારે તેના ત્રણ ઈરાની પાયલટોને ગત ૨ માર્ચથી ગેરકાયદેસર રીતે કેદ કરી રાખ્યા છે. ઈરાનના દાવા મુજબ, તે દિવસે અમેરિકા અને ઈઝરાયલ સામે શરૂ થયેલા યુદ્ધના પ્રારંભિક દિવસોમાં તેમનું સુખોઈ Su-24 વિમાન કતરની એર ડિફેન્સ પ્રણાલીની ઝપેટમાં આવી ગયું હતું. આ વિમાનના પાયલટો સમયસૂચકતા વાપરીને પેરાશૂટની મદદથી નીચે ઉતર્યા હતા અને જીવતા બચી ગયા હતા, પરંતુ ત્યારબાદ કતારના સુરક્ષા અધિકારીઓએ તેમની અટકાયત કરી લીધી હતી. આ સનસનાટીભર્યો દાવો ઈરાની સેનામાં ગુમ થયેલા લોકોની શોધ કરતી ખાસ સમિતિના પ્રમુખ જનરલ સૈયદ મોહમ્મદ બાગેરઝાદેહે આંતરરાષ્ટ્રીય રેડ ક્રોસ સંસ્થાને લખેલા સત્તાવાર પત્રમાં કર્યો છે.

બાગેરઝાદેહે જે ઈરાની પાયલટોના નામોનો ઉલ્લેખ કર્યો છે, તેમાં જવાદ સાલેહી, અબ્દોલમજીદ દશ્તિયાન અને ઓમરાન બેહરાવેશિયનનો સમાવેશ થાય છે, જ્યારે અન્ય એક પાયલટ માજિદ કાઝેમીનું આ દુર્ઘટનામાં મૃત્યુ થયું હોવાનું જણાવાયું છે. ઈરાનનું કહેવું છે કે આ પહેલા તેને પોતાના આ પાયલટોની કોઈ ભાળ મળી નહોતી, પરંતુ હવે તેણે રેડ ક્રોસ સમક્ષ માંગ કરી છે કે તેઓ કતારમાં આ પાયલટોની પરિસ્થિતિ અને માનવ અધિકારોની ચકાસણી કરે અને તેમને તેમના પરિવારજનો સાથે વિડીયો કે રૂબરૂ મુલાકાત કરવા દે. જોકે, કતારના વિદેશ મંત્રાલયના પ્રવક્તા માજેદ અલ-અંસારીએ ઈરાનના આ તમામ આરોપોને સખત શબ્દોમાં નકારી કાઢ્યા છે અને સ્પષ્ટતા કરી છે કે કતારે કોઈ પણ ઈરાની પાયલટને અટકાયતમાં રાખ્યા નથી.

કતારના પ્રવક્તાના જણાવ્યા અનુસાર, તે દિવસે ઈરાની યુદ્ધ વિમાનો અનધિકૃત રીતે કતારના હવાઈ ક્ષેત્રમાં ઘૂસી આવ્યા હતા. કતારી વાયુસેનાએ તે પાયલટો સાથે રેડિયો સંપર્ક કરવાનો વારંવાર પ્રયાસ કર્યો હતો, પરંતુ ઈરાની બાજુથી કોઈ પ્રત્યુત્તર ન મળતા આંતરરાષ્ટ્રીય કાયદા અને દેશની સરહદી સુરક્ષાના નિયમો હેઠળ યોગ્ય કાર્યવાહી કરવામાં આવી હતી. કતારે માર્ચ મહિનાની શરૂઆતમાં જ જાહેર કર્યું હતું કે તેમની વાયુસેનાએ બે ઈરાની Su-24 વિમાનોને તોડી પાડ્યા હતા અને ત્યારબાદ તેમના શોધ અને બચાવ દળોએ વિસ્તારમાં તપાસ હાથ ધરી હતી, જેમાં એક પાયલટનો મૃતદેહ મળી આવતાં તેને ઈરાનને સોંપવા માટે સત્તાવાર સંપર્ક પણ કરવામાં આવ્યો હતો. એપ્રિલ મહિનામાં કતારે ઈરાનની એક ટેકનિકલ ટીમને બોલાવીને આખી શોધખોળ કામગીરીની વિગતો આપવાની ઓફર કરી હતી, પરંતુ ઈરાને તે સમયે આ આમંત્રણનો કોઈ જવાબ આપ્યો નહોતો.

દરમિયાન, ગત ૨૮ ફેબ્રુઆરીના રોજ અમેરિકા અને ઈઝરાયલ દ્વારા ઈરાન પર કરવામાં આવેલા ભીષણ હુમલાઓ બાદથી હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતો વૈશ્વિક તેલ પુરવઠો સતત પ્રભાવિત થઈ રહ્યો છે. દરિયાઈ વિસ્તારમાં બિછાવેલી સુરંગો, સતત થઈ રહેલા મિસાઈલ અને ડ્રોન હુમલાઓના જોખમ, અમેરિકા અને ઈરાન બંને દ્વારા કરવામાં આવેલી નાકાબંધી તેમજ શિપિંગ કંપનીઓના વધેલા વીમા ખર્ચના કારણે પરિસ્થિતિ વણસી છે. આ ગંભીર તણાવના કારણે આ મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગેથી દરરોજ પસાર થતું ક્રૂડ ઓઈલનું પ્રમાણ ૨ કરોડ બેરલથી નાટકીય રીતે ઘટીને માત્ર ૩૭ લાખ બેરલ સુધી સીમિત થઈ ગયું છે, જેના કારણે વૈશ્વિક ઉર્જા ક્ષેત્રે મોટો આંચકો લાગ્યો છે.

# ટ્રમ્પે કહ્યું- લેવિટને મારા કરતાં તેના બાળકો વધુ પસંદ છે: વ્હાઈટ હાઉસમાં તેમની જગ્યા લેવી મુશ્કેલ, લેવિટે પ્રેસ સેક્રેટરી પદેથી રાજીનામું આપ્યું

**વોશિંગ્ટન, તા.17**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તેમની વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટના પદ છોડવાના નિર્ણય પર હળવા અંદાજમાં મજાક કરતા એક નિવેદન આપ્યું છે. ટ્રમ્પે રમુજી શૈલીમાં કહ્યું હતું કે, તેમને જાણવા મળ્યું છે કે કેરોલિન લેવિટ તેમને પસંદ કરવા કરતાં તેમના બાળકો સાથે સમય વિતાવવાનું વધુ પસંદ કરે છે અને તેઓ આ બાબતને લઈને ખૂબ જ ચિંતિત છે. આ સાથે જ રાષ્ટ્રપતિ ટ્રમ્પે અત્યંત ગંભીરતાથી સ્વીકાર્યું હતું કે કેરોલિન લેવિટનું સ્થાન લેવું અને તેમની જગ્યાએ નવી વ્યક્તિ લાવવી બિલકુલ સરળ નહીં હોય. કેરોલિન લેવિટ ચાલુ ઓગસ્ટ મહિનાના અંતમાં વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી પદેથી સત્તાવાર રીતે નિવૃત્તિ લેશે. તેમણે પોતાના બે નાના બાળકો અને પરિવાર સાથે વધુ સમય વિતાવવાના હેતુથી આ મહત્વનો નિર્ણય લીધો છે.

લેવિટના રાજીનામા બાદ આગામી વ્હાઈટ હાઉસ પ્રેસ સેક્રેટરી કોણ બનશે તેને લઈને હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. આ મામલે જ્યારે ફોક્સ ન્યૂઝના જાણીતા રિપોર્ટર એલેક્સિસ મેકએડમ્સે રાષ્ટ્રપતિ ટ્રમ્પને સવાલ પૂછ્યો, ત્યારે ટ્રમ્પે મેકએડમ્સ તરફ જોઈને રમુજમાં પૂછ્યું હતું કે, શું તમે તેમની જગ્યા લેશો? તમે જ તેમના સ્થાને પ્રેસ સેક્રેટરી કેમ નથી બની જતા? ટ્રમ્પે મેકએડમ્સના કામના વખાણ કરતા જણાવ્યું હતું કે તેઓ આ જવાબદારી ખૂબ સરસ રીતે નિભાવી શકે તેમ છે, પરંતુ તેમણે એ બાબત સ્પષ્ટ કરી નહોતી કે તેઓ ખરેખર મેકએડમ્સને આ પદ આપવા અંગે વિચારી રહ્યા છે કે પછી આ માત્ર એક અનૌપચારિક મજાક હતી.

કેરોલિન લેવિટે આ અઠવાડિયાની શરૂઆતમાં પોતાના હોદ્દા પરથી રાજીનામું આપવાની જાહેરાત કરી હતી. તેમણે પોતાના નિર્ણય પાછળનું કારણ દર્શાવતા કહ્યું હતું કે તેઓ પોતાના પરિવાર અને બે નાના બાળકોને વધુ સમય આપવા માગે છે. તેમણે ૧ મે ૨૦૨૬ના રોજ પોતાના બીજા બાળકને જન્મ આપ્યો હતો, જે બાદ તેઓ નિયમ મુજબ મેટરનિટી લીવ પર ગયા



હતા અને ૧૬ જુલાઈના રોજ ફરીથી વ્હાઈટ હાઉસની પ્રેસ બ્રીફિંગમાં સક્રિય થયા હતા. રાષ્ટ્રપતિ ટ્રમ્પે લેવિટના પરિવાર પ્રત્યેના આ નિર્ણયને સંપૂર્ણ સમર્થન આપ્યું છે. ટ્રમ્પે સ્પષ્ટતા કરી છે કે વ્હાઈટ હાઉસમાંથી પદ છોડ્યા પછી પણ લેવિટ તેમની મુખ્ય ટીમ સાથે સતત જોડાયેલા રહેશે અને એક બાહ્ય સલાહકાર (એક્સ્ટર્નલ એડવાઈઝર) તરીકે પોતાની સેવાઓ આપવાનું ચાલુ રાખશે.

લેવિટની જગ્યાએ નવી વ્યક્તિની પસંદગી કરવી વ્હાઈટ હાઉસ માટે મોટી પડકારજનક બાબત બનશે, કારણ કે તેઓ લગભગ ૨૦ મહિના સુધી ટ્રમ્પ પ્રશાસનનો મીડિયા સમક્ષ પ્રમુખ અને મજબૂત ચહેરો રહ્યા હતા. દૈનિક પ્રેસ બ્રીફિંગ દરમિયાન તેઓ રાષ્ટ્રપતિ ટ્રમ્પની નીતિઓ, વિવાદાસ્પદ નિર્ણયો અને કડક વલણનો બચાવ કરતી હતી તથા પત્રકારોના તીખા અને મુશ્કેલ પ્રશ્નો સામે પ્રશાસનનો પક્ષ મજબૂતીથી રજૂ કરતી હતી. તેમના ગયા પછી વ્હાઈટ હાઉસને એવા પ્ર પ્રતિનિધિની શોધ રહેશે જે મીડિયાના રોજિંદા તીખા સવાલોનો સામનો કરી શકે અને ટ્રમ્પ સરકારના એજન્ડાને મક્કમતાથી દેશ સામે રાખી શકે.

બીજી તરફ, લેવિટના પદ છોડવાના નિર્ણયને લઈને સોશિયલ મીડિયા અને રાજકીય વર્તુળોમાં જાતજાતની અટકળો પણ વહેતી થઈ હતી. કેટલાકે તેમના આ નિર્ણયને જુલાઈ મહિનામાં તુર્કીયેની રાજધાની અંકારા ખાતે ટ્રમ્પના કાફલા સાથે ઘટેલી એક સુરક્ષા ઘટના સાથે જોડવાનો પ્રયાસ કર્યો હતો. દક્ષિણ આફ્રિકા સ્થિત ઈરાની દૂતાવાસેવો દાવો કર્યો હતો કે સુરક્ષાના ગંભીર ખતરાને કારણે ટ્રમ્પને ઉતાવળમાં એક વિમાનમાંથી બીજા વિમાનમાં શિફ્ટ કરવામાં આવ્યા હતા અને તે સમયે લેવિટ પાછળ રહી ગયા હતા. જોકે, વ્હાઈટ હાઉસે આ દાવાઓને સખત શબ્દોમાં ફગાવી દેતાં સ્પષ્ટ કર્યું હતું કે લેવિટ તે વિમાનમાં હાજર જ નહોતા. રાષ્ટ્રપતિ ટ્રમ્પે પણ ખુલાસો કર્યો હતો કે સુરક્ષા અધિકારીઓએ ઈરાન સાથે સંકળાયેલા સંભવિત ખતરાને કારણે વિમાન બદલવાની તકનીકી સલાહ આપી હતી. લેવિટે પણ પુનરોચ્ચાર કર્યો છે કે તેમના પદ છોડવા પાછળ માત્ર ને માત્ર તેમનો પરિવાર જ કારણભૂત છે.

## તંત્રી લેખ

# વંદે માતરમ બાબતે ભાજપ - કોંગ્રેસ વચ્ચે મોટો વિવાદ

સ્વતંત્રતાની 80મી વર્ષગાઠે દિલ્હીમાં એક વરવો વિવાદ થયો છે. ગૃહમંત્રાલયએ નવા પ્રોટોકોલ મૂજબ વંદે માતરમના તમામ છ અંતરા ગાવાનો હુકમ કર્યો હતો. કોંગ્રેસની ઓફિસે જ્યારે ધ્વજ વંદન કર્યુ ત્યારે વંદે માતરમ ગાવામાં આવ્યું હતું. એ વખતનો એક વીડિયો દેશભરમાં વાયરલ થયો છે. ભાજપના ટેકેદારોની ટીકા પ્રમાણે વંદે માતરમ ગાતી વખતે સોનિયા ગાંધીએ નારાજ થઈને કાર્યકરોને ગીત અટકાવવા માટે કહ્યું હતું. ભાજપના પ્રવક્તાઓ કહી રહ્યા છે કે સોનિયા ગાંધીને આ ગીત સામે શા માટે વિરોધ છે. એવો આક્ષેપ છે કે, બે અંતરા પુરા થયા પછી સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીએ ગીત અટકાવી દેવા ઈશારો કર્યો હતો. જોકે કોંગ્રેસના વરિ નેતાઓએ સ્પષ્ટતા કરી છે કે આવી કોઈ ઘટના બની નથી. કોંગ્રેસના મહામંત્રી જયરામ રમેશએ કહ્યું હતું કે, 'ઓક્ટોબર ૧૯૩૭માં કોંગ્રેસ વર્કીંગ કમીટીની બેઠક યોજાઈ હતી એ વખતે નિર્ણય લેવામાં આવ્યો હતો કે કોંગ્રેસના અધિવેશનમાં વંદે માતરમના પ્રથમ બે અંતરા જ ગાવામાં આવશે ત્યારથી અમારા કાર્યકરો આ પ્રમાણે જ વંદે માતરમ ગાય છે.

કેરળ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર મોહનન કુનુમલના એક નિવેદને કારણે વિવાદ ઉભો થયો છે. એમણે કહ્યું હતું કે જે લોકો 'વંદે માતરમ બોલવાનો વિરોધ કરે છે તેમને ખબર નથી કે એમની મા કોણ છે. એમણે આ નિવેદનથી રૂવંતપુરમના મણીવીલા ખાતે આરએસએસના એક કાર્યક્રમમાં આપ્યું હતું. કેરળમાં છેલ્લા કેટલાક સમયથી વાઈસ ચાન્સલરોની નિમણૂક અને એમના આરએસએસ સાથેના સંબંધને કારણે વિવાદ ચાલી રહ્યો છે. કુનુમલએ પોતાના ભાષણમાં ભારત માતાની વ્યાખ્યા અને બાળકોના ઉછેરમાં કુટુંબની ભૂમીકા વિશે વાત કરી હતી. એમણે કહ્યું હતું કે દેશને મધર ઈન્ડિયા કહેવામાં આવે છે અને એને જ એમણે 'વંદે માતરમના ઉપયોગ સાથે જોડયું હતું. એમના કહેવા પ્રમાણે દરેક બાળકને સારા નાગરીક બનાવવાની જવાબદારી કુટુંબના પુરુષ અને મહિલાની છે. આ જવાબદારી વધારે મહિલાઓની છે કારણ કે ભારતને પણ એક મા તરીકે જોવામાં આવે છે. એમણે કહ્યું હતું કે આજ કારણે આપણે પ્રાર્થના કરીએ છીએ ત્યારે વંદે માતરમ કહીએ છીએ.'

ઉત્તર પ્રદેશના કાનપુર ખાતે ઉપમુખ્યમંત્રી બ્રજેશ પાઠક સ્વતંત્રતા દિવસે તિરંગા યાત્રામાં સામેલ થયા હતા. તિરંગા યાત્રા પછી તેઓ પોતાના લાંબાચોળા કાફલા સાથે લખનૌ ફરી રહ્યા હતા ત્યારે એમની નજર એમના જુના મિત્ર ભરત તિવારી પર પડી હતી. જોકે કેટલાકનું માનવું છે કે આ આખું અગાઉથી નક્કી કરેલુ નાટક હતું. પાઠકે પોતાનો કાફલો રોકી દીધો હતો અને પોતાના જુના દોસ્ત ભરત તિવારીને મળવા માટે દુકાન પર દોડી ગયા હતા. બ્રજેશ પાઠકને જોઈને ભરત તિવારીની આંખોમાં પણ આંસુ આવી ગયા હોવાની વાતો ચાલી હતી. બ્રજેશ પાઠકે પોતાના જુના મિત્રની દુકાન પર નારીયેળ પાણી પણ પીધું હતું. પત્રકારોને એવી વાત કહેવામાં આવી હતી કે, રતનલાલ નગરમાં બાળપણના દોસ્ત ભરત તિવારી નારીયેળ વેચતા હતા. એકાએક બ્રજેશ પાઠકની નજર ભરત તિવારીની આંગળી પર પડી અને એમણે પૂછયુ કે આંગળી પર શું વાગ્યું છે. ભરત તિવારીએ પણ ગોખેલુ કહી નાખ્યું કે કામ દરમિયાન ચપ્પુ વાગી ગયું હતું. પાઠકે ત્યાર પછી એમને ટીટનશનું ઈન્જેક્શન લેવાની સલાહ આપી હતી. આ આખી વાર્તા ઉત્તર પ્રદેશના પત્રકારોને આપવામાં આવી હતી. જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી (જેએનયુ)ના પ્રો. એમરીટા જોયા હસનએ દિલ્હીની એક સ્કૂલમાં સ્વતંત્રતા દિવસનું સંબોધન કરવાનું હતું. એમનું સંબોધન છેલ્લી ઘડીએ રદ કરવામાં આવ્યું હતું. આ માટે સુરક્ષાના કારણો આગળ કરવામાં આવ્યા હતા. વિશ્વ હિન્દુ પરિષદના કેટલાક સભ્યો સ્કૂલની બહાર વિરોધ કરવા ભેગા થયા હતા. જોયા હસનને સરદાર પટેલ વિદ્યાલયના સ્વતંત્રતા દિવસ અને ઈનામ વિતરણ સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે નિમંત્રણ આપવામાં આવ્યું હતું. એમણે રાષ્ટ્રીય ધ્વજ લહેરાવવાનો હતો અને વિદ્યાર્થીઓને સંબોધન કરવાનું હતું.

**માનવસર્જિત પ્રવૃત્તિઓથી ઉત્સર્જિત થતા ગ્રીનહાઉસ વાયુઓને કારણે વાતાવરણમાં જે વધારાની ગરમી ઉત્પન્ન થાય છે, તેના નેવું ટકાથી વધુ ભાગનો સંગ્રહ સમુદ્રો કરે છે. આ સિવાય વાતાવરણીય પરિબળો જેવા કે વાદળોનું ઓછું પ્રમાણ, સૂર્યપ્રકાશનું વધુ પડતું પ્રમાણ અને પવનની ધીમી ગતિને કારણે પણ દરિયાની સપાટીનું પાણી ઠંડુ થઈ શકતું નથી : જૂન ૨૦૨૩માં યુકેના દરિયાઈ પ્રદેશોમાં ઈતિહાસનો સૌથી તીવ્ર હીટવેવ નોંધાયો હતો, જ્યાં તાપમાન સામાન્ય કરતાં ત્રણથી પાંચ ડિગ્રી સેલ્સિયસ વધુ ઊંચું ગયું હતું**

# મરિન હીટવેવ : ગરમ થતા સમુદ્રો અને જળચર સૃષ્ટિ પર સંકટ

## ઉનાળાની કાળઝાળ ગરમીમાં સમુદ્ર કિનારે જઈને પાણીમાં ડૂબકી લગાવવી એ મનુષ્યો માટે રાહતનો અનુભવ હોઈ શકે છે

માનવસર્જિત પ્રવૃત્તિઓથી ઉત્સર્જિત થતા ગ્રીનહાઉસ વાયુઓને કારણે વાતાવરણમાં જે વધારાની ગરમી ઉત્પન્ન થાય છે, તેના નેવું ટકાથી વધુ ભાગનો સંગ્રહ સમુદ્રો કરે છે. આ સિવાય વાતાવરણીય પરિબળો જેવા કે વાદળોનું ઓછું પ્રમાણ, સૂર્યપ્રકાશનું વધુ પડતું પ્રમાણ અને પવનની ધીમી ગતિને કારણે પણ દરિયાની સપાટીનું પાણી ઠંડુ થઈ શકતું નથી : જૂન ૨૦૨૩માં યુકેના દરિયાઈ પ્રદેશોમાં ઈતિહાસનો સૌથી તીવ્ર હીટવેવ નોંધાયો હતો, જ્યાં તાપમાન સામાન્ય કરતાં ત્રણથી પાંચ ડિગ્રી સેલ્સિયસ વધુ ઊંચું ગયું હતું. આ પછી મે ૨૦૨૫ અને જુલાઈ ૨૦૨૬ દરમિયાન પણ યુકેના દરિયાઈ વિસ્તારોમાં ફરીથી તાપમાન અસાધારણ સ્તરે પહોંચી ગયું છે : ઉત્તર અટલાન્ટિક અને પેસિફિક મહાસાગરમાં વર્ષ ૨૦૧૪થી ૨૦૧૬ દરમિયાન મરિન હિટવેવથી એક લાખથી વધુ દરિયાઈ પક્ષીઓ ભૂખમરાથી માર્યા ગયા હતા અને હજારો વ્હેલ માછલીઓના સ્થળાંતરના માર્ગો બદલાયા હતા. ઓસ્ટ્રેલિયાના ગ્રેટ બેરિયર રીફમાં ૨૦૧૬, ૨૦૧૭, ૨૦૨૦ અને ૨૦૨૪માં થયેલા માસ કોરલ બ્લીચિંગને કારણે દુનિયાની સૌથી મોટી પરવાળાની દીવાલનો પચાસ ટકાથી વધુ ભાગ કાયમી ધોરણે ક્ષતિગ્રસ્ત થયો છે.

ઉનાળાની કાળઝાળ ગરમીમાં સમુદ્ર કિનારે જઈને પાણીમાં ડૂબકી લગાવવી એ મનુષ્યો માટે રાહતનો અનુભવ હોઈ શકે છે, ખાસ કરીને જ્યારે કિનારા નજીકના પાણીનું તાપમાન થોડું વધારે લાગે છતાં પાણી રાહત આપતા હોય છે. હાલમાં યુરોપમાં એક નવી જ સમસ્યા આકાર લઈ રહી છે. તેના કારણે યુરોપમાં આગામી સમયમાં ક્લાઈમેટ ચેન્જની એક ઘાતક અસર જોવા મળશે. જો કે, ભારત અને એશિયાના કેટલાક દેશોમાં પણ તેની અસર દેખાવાની શરૂઆત થઈ છે.

યુરોપમાં જે રીતે કાળઝાળ ગરમી પડી રહી છે તેના કારણે બ્રિટન અને અન્ય કેટલાક દેશોની આસપાસના દરિયા અને મહાસાગરોનું પાણી ગરમ થઈ રહ્યું છે. આ વધી રહેલી ગરમી સામાન્ય નથી પણ તેનું સ્તર ચિંતાજનક રીતે વધ્યું છે. ખાસ કરીને બ્રિટનની આસપાસના દરિયામાં તાપમાન પાંચ ડિગ્રી જેટલું વધી ગયું છે. તેના દરિયાઈ વિસ્તારોમાં છેલ્લાં ચાર વર્ષ દરમિયાન ત્રીજી વખત દરિયાના તાપમાનમાં આવો અસાધારણ વધારો નોંધાયો છે. મનુષ્યો માટે આ સ્થિતિના સ્પષ્ટ પરિણામો છે, જેમ કે દરિયામાં ગરમીથી બચવા જતા ડૂબી જવાના કિસ્સા વધવા. પરંતુ દરિયાઈ તાપમાનના આ વધારાની અસર માત્ર જમીન પર રહેતા મનુષ્યો સુધી સીમિત નથી. તેની સૌથી ઘાતક અને વિનાશક અસર સમુદ્રની અંદર રહેતી જીવસૃષ્ટિ પર પડી રહી છે. એકકોષીય સૂક્ષ્મ પ્લેન્કટોનથી લઈને મહાકાય વ્હેલ માછલી સુધીની તમામ પ્રજાતિઓ આ તાપમાન વૃદ્ધિનો ભોગ બની રહી છે.

સમુદ્રમાં લાગતી આ અદ્રશ્ય આગને વિજ્ઞાનની ભાષામાં 'મરીન હીટવેવ' કહેવામાં આવે છે. જ્યારે સમુદ્રના કોઈ ચોક્કસ વિસ્તારનું તાપમાન સળંગ પાંચ કે તેથી વધુ દિવસો સુધી તે મોસમના સામાન્ય તાપમાન કરતાં નોંધપાત્ર રીતે વધારે રહે છે, ત્યારે તેને મરીન હીટવેવ જાહેર કરવામાં આવે છે. જમીન પર આવતા હીટવેવથી આપણે સૌ પરિચિત છીએ, પરંતુ સમુદ્રની અંદર સર્જાતા હીટવેવ વધુ જટિલ અને લાંબા ગાળાના હોય છે.

જાણકારોના મતે માનવસર્જિત પ્રવૃત્તિઓથી ઉત્સર્જિત થતા ગ્રીનહાઉસ વાયુઓને કારણે વાતાવરણમાં જે વધારાની ગરમી ઉત્પન્ન થાય છે, તેના નેવું ટકાથી વધુ ભાગનો સંગ્રહ સમુદ્રો કરે છે. આ સિવાય વાતાવરણીય પરિબળો જેવા કે વાદળોનું ઓછું પ્રમાણ, સૂર્યપ્રકાશનું વધુ પડતું પ્રમાણ અને પવનની ધીમી ગતિને કારણે પણ દરિયાની સપાટીનું પાણી ઠંડુ થઈ શકતું નથી. સાથોસાથ, ગરમ પાણીના દરિયાઈ પ્રવાહોનું



વિષુવવૃત્ત તરફથી ધ્રુવીય પ્રદેશો તરફ વહન થવું અને 'અલ નિનો' જેવી ઘટનાઓ પ્રશાંત મહાસાગરમાં તાપમાનમાં મોટો ઉછાળો લાવે છે, જે વૈશ્વિક સ્તરે દરિયાઈ હીટવેવની અસર વધારી દે છે.

બ્રિટનના ઉત્તર અટલાન્ટિક પ્રદેશમાં તાજેતરના વર્ષોમાં તાપમાનના અભૂતપૂર્વ રેકોર્ડ તૂટયા છે. જૂન ૨૦૨૩માં યુકેના દરિયાઈ પ્રદેશોમાં ઈતિહાસનો સૌથી તીવ્ર હીટવેવ નોંધાયો હતો, જ્યાં તાપમાન સામાન્ય કરતાં ત્રણથી પાંચ ડિગ્રી સેલ્સિયસ વધુ ઊંચું ગયું હતું. નેશનલ ઓસેનિક એન્ડ એટમોસ્ફિયરિક એડમિનિસ્ટ્રેશન દ્વારા આ સ્થિતિને 'કેટેગરી-૪' અને 'કેટેગરી-૫' હીટવેવ તરીકે વર્ગીકૃત કરવામાં આવી હતી. આ પછી મે ૨૦૨૫ અને જુલાઈ ૨૦૨૬ દરમિયાન પણ યુકેના દરિયાઈ વિસ્તારોમાં ફરીથી તાપમાન અસાધારણ સ્તરે પહોંચી ગયું છે. હવામાન વિજ્ઞાનીઓના જણાવ્યા મુજબ, આવા બનાવોના પરિણામો તરત જ જોવા મળતા નથી, પરંતુ સમુદ્રમાં થઈ રહેલું નુકસાન ધીમે ધીમે સામે આવે છે અને તેની સંપૂર્ણ અસર સમજવામાં વર્ષો નીકળી જાય છે.

ચિંતાજનક બાબત એવી છે કે, દરિયાઈ હીટવેવથી મરિનલાઈફ સંપૂર્ણપણે રીતે વિખરાવા લાગે છે. કેલ્પ એટલે કે દરિયાની અંદર ઊગતી વિશાળ શેવાળના જંગલો, જે હજારો નાના જીવો માટે ઘર અને ખોરાક પૂરો પાડે છે, તે ગરમ પાણીને કારણે સુકાઈને નાશ પામે છે. આ ઉપરાંત, પરવાળા એટલે કે કોરલને દરિયાના વરસાદી જંગલો ગણવામાં આવે છે. જ્યારે પાણીનું તાપમાન વધે છે, ત્યારે પરવાળા તેમની અંદર વસતા રંજકદ્રવ્ય ધરાવતા શેવાળને બહાર ફેંકી દે છે, જેનાથી પરવાળા સંપૂર્ણ સફેદ થઈ જાય છે અને ભૂખમરાથી મૃત્યુ પામે છે. આ જ રીતે, દરિયાઈ ઘાસના મેદાનો પણ નાશ પામી રહ્યા છે, જે સામાન્ય રીતે વાતાવરણમાંથી કાર્બન સોંપવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

તાપમાન વધવાને કારણે જીવસૃષ્ટિનું સ્થળાંતર પણ મોટા પાયે થાય છે. ઠંડા પાણીમાં રહેવાની ટેવ ધરાવતી પ્રજાતિઓ, જેમ કે કૉડ માછલી, ગરમી સહન ન થતાં ઉત્તર ધ્રુવ તરફ સ્થળાંતર કરી રહી છે. આના કારણે સ્થાનિક દરિયાઈ પક્ષીઓ, જેમ કે પફિન, તેમને પોતાના બચ્ચાઓ માટે ખોરાક મળતો બંધ થયો છે. આ સાથે જ સીલ, ડોલ્ફિન અને વ્હેલ જેવા સમુદ્રી સસ્તન પ્રાણીઓના જીવનચક્ર અને પ્રજનન દર પર ગંભીર નકારાત્મક અસરો પડી રહી છે, જેનાથી સમગ્ર દરિયાઈ આહાર શ્રૃંખલા ખોરવાઈ ગઈ છે.


મરિન લાઈફના જાણકારો માને છે કે, દરિયાઈ ગરમીનું એક સૌથી ભયાનક પાસું 'એલ્ગલ બ્લૂમ' એટલે કે ઝેરી શેવાળનો વિસ્ફોટ છે. જ્યારે સમુદ્રનું પાણી ગરમ હોય, સૂર્યપ્રકાશ સખત હોય, દરિયો શાંત હોય અને પાણીમાં નાઈટ્રોજન તથા ફોસ્ફરસ જેવા પોષક તત્વોનું પ્રમાણ વધી જાય, ત્યારે ઝેરી સૂક્ષ્મ શેવાળ અત્યંત ઝડપથી વધવા લાગે છે. આ ઝેરી શેવાળ એવા બાયોટોક્સિન્સ છોડે છે, જેને શંખ, સીપ, આઈસ્ટર, મસલ્સ અને કરચલા જેવા શેલફિશ પોતાના શરીરમાં ફિલ્ટર કરીને જમા કરે છે. લોકો આ દૂષિત શેલફિશનું સેવન કરે, તો તેમને પેરાલિટિક શેલફિશ પોઈઝનિંગ અથવા ગંભીર ન્યુરોલોજીકલ બીમારીઓ થઈ શકે છે, જે જીવલેણ સાબિત થાય છે. આ જ કારણે બ્રિટનની ફૂડ સ્ટાન્ડર્ડ્સ એજન્સી સહિત વૈશ્વિક સંસ્થાઓ દરિયાઈ પાણીમાં દરિયાઈ જૈવ-વિષની સતત દેખરેખ રાખતી હોય છે.

આ ઉપરાંત દરિયાના વધતા તાપમાનને કારણે યુકેના દક્ષિણ કિનારે આવેલા ડેવોન અને કોર્નવોલના વિસ્તારોમાં તાજેતરમાં ઓક્ટોપસની સંખ્યામાં અસાધારણ ઉછાળો જોવા મળ્યો છે.

ગરમ પાણી ઓક્ટોપસના પ્રજનન અને વૃદ્ધિ માટે સાનુકૂળ વાતાવરણ પૂરું પાડે છે. આ ઓક્ટોપસ સ્થાનિક કરચલા અને લોબ્સ્ટરનો મોટા પાયે શિકાર કરી રહ્યા છે, જેના કારણે સ્થાનિક માછીમારોના જાળમાં લોબ્સ્ટર આવવાના બંધ થઈ ગયા છે. આથી તેમણે મજબૂરીમાં ઓક્ટોપસ પકડવા તરફ વળવું પડયું છે, જે આર્થિક રીતે ઓછું નફાકારક છે. સાથોસાથ, ગરમ પાણીને કારણે યુકેના કિનારે જેલીફિશના વિશાળ ઝૂંડ જોવા મળી રહ્યા છે, જે પ્રવાસન અને મત્સ્ય ઉદ્યોગ બંને માટે મુશ્કેલી ઊભી કરી રહ્યા છે.

દરિયાઈ હીટવેવ એ કોઈ એક દેશ પૂરતી મર્યાદિત સમસ્યા નથી. સમગ્ર વિશ્વમાં તેના વિનાશક પરિણામો નોંધાયા છે. પશ્ચિમ ઓસ્ટ્રેલિયામાં વર્ષ ૨૦૧૧માં સતત વધતા દરિયાઈ તાપમાન પછી પહેલીવાર 'મરીન હીટવેવ' શબ્દ પ્રચલિત થયો હતો. તે સમયે સો કિલોમીટરથી વધુ વિસ્તારમાં ફેલાયેલા કેલ્પના જંગલો નાશ પામ્યા હતા અને એબાલોન, ઝીંગા તથા કરચલાના ઉદ્યોગો ભાંગી પડયા હતા, જેમાંથી કેટલાક વિસ્તારો આજે ૧૫ વર્ષ પછી પણ પુનઃસ્થાપિત થઈ શક્યા નથી. તેવી જ રીતે, ઉત્તર અટલાન્ટિક અને પેસિફિક મહાસાગરમાં વર્ષ ૨૦૧૪થી ૨૦૧૬ દરમિયાન 'ધી બ્લોબ' નામે ઓળખાતો ગરમીનો એક વિશાળ ક્ષેત્ર સર્જાયો હતો, જેના કારણે એક લાખથી વધુ દરિયાઈ પક્ષીઓ ભૂખમરાથી માર્યા ગયા હતા અને હજારો વ્હેલ માછલીઓના સ્થળાંતરના માર્ગો બદલાયા હતા. ઓસ્ટ્રેલિયાના ગ્રેટ બેરિયર રીફમાં ૨૦૧૬, ૨૦૧૭, ૨૦૨૦ અને ૨૦૨૪માં થયેલા માસ કોરલ બ્લીચિંગને કારણે દુનિયાની સૌથી મોટી પરવાળાની દીવાલનો પચાસ ટકાથી વધુ ભાગ કાયમી ધોરણે ક્ષતિગ્રસ્ત થયો છે. માર્ચ ૨૦૨૪માં વૈશ્વિક દરિયાઈ સપાટીનું સરેરાશ તાપમાન ૨૧.૦૭ ડિગ્રી સેલ્સિયસના સર્વકાલીન ઉચ્ચતમ સ્તરે પહોંચી ગયું હતું. ખાસ વાત એ છે કે, દરિયાઈ હીટવેવ માત્ર પર્યાવરણનો પ્રશ્ન નથી, પરંતુ તે સામાજિક અને આર્થિક રીતે માનવજાત સાથે સીધો જોડાયેલો છે. વિશ્વની ત્રણ અબજથી વધુ વસતિ પ્રોટીન માટે દરિયાઈ ખોરાક પર નિર્ભર છે. માછલીઓની ઘટતી સંખ્યા અને સ્થળાંતરથી ગરીબ દેશોમાં ખાદ્ય સંકટ ઊભું થઈ રહ્યું છે. વૈશ્વિક સ્તરે મત્સ્ય ઉદ્યોગ સાથે જોડાયેલા લાખો માછીમારો રોજગારી ગુમાવી રહ્યા છે, જ્યારે પરવાળાના વિનાશથી સ્કૂબા ડાઈવિંગ અને કોસ્ટલ ટુરિઝમને કરોડો ડોલરનું નુકસાન થઈ રહ્યું છે. સાથોસાથ, ગરમ પાણી ઓછો ઓક્સિજન અને ઓછો કાર્બન ડાયોક્સાઇડ શોષી શકતું હોવાથી સમુદ્રની કાર્બન સોંપવાની ક્ષમતા ઘટી રહી છે, જેનાથી ગ્લોબલ વોર્મિંગની પ્રક્રિયા વધુ ઝડપી બની છે.

# શ્રાવણ માસમાં શિવ મહિમા : કૈલાશનાથ જયારે રૂદ્ર બન્યા: દક્ષ યજ્ઞનો વિનાશ,અને વીરભદ્ર -મહાકાલીનું પ્રાગટ્ય



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા

શ્રાવણ એટલે શિવ સાથે એકાકાર થવાનો મહિનો ભારતીય સંસ્કૃતિમાં બારેય માસ પવિત્ર છે, પરંતુ શ્રાવણ માસનું સ્થાન સૌથી અલગ છે. વાદળોની ગર્જના,ઝરમર વરસાદ અને મંદિરોમાં ગુંજતા 'ઓમ નમઃ શિવાય'ના નાદથી આખો મહિનો શિવમય બની જાય છે. શ્રાવણ સોમવારના ઉપવાસ, બિલ્વપત્રનો અભિષેક અને રુદ્રાભિષેક પાછળનું કારણ માત્ર પરંપરા નથી. આ મહિનામાં આપણે શિવના એ સ્વરૂપને યાદ કરીએ છીએ જે એક તરફ અતિ શાંત, કૈલાસવાસી, ભોળાનાથ છે અને બીજી તરફ જ્યારે અધર્મ વધે ત્યારે રુદ્ર સ્વરૂપ ધારણ કરી સૃષ્ટિને સંતુલન આપે છે

આજે આપણે જે કથા પર ચર્ચા કરીશું તે દક્ષયજ્ઞ અને વીરભદ્રના પ્રાગટ્યની કથા છે. આ કથા માત્ર પૌરાણિક ઘટના નથી. તે આપણને શીખવે છે કે અહંકાર ગમે તેટલો મોટો હોય, ભક્તિ અને સત્ય સામે તે ટકી શકતો નથી.શ્રાવણમાંજ્યારે આપણે શિવલિંગ પર જળ ચઢાવી એ છીએ,ત્યારે આ જ કથા આપણ ને યાદ અપાવે છે કે શિવનો ક્રોધ પણ કરુણા છે અને તેમનો ન્યાય જ સાચો ધર્મ છે. શ્રાવણને શિવનો પ્રિય મહિનો કહેવાય છે.કારણ કે આ મહિનામાં સમુદ્ર મંથન દરમિયાન નીકળેલું હળાહળ વિષ પીને શિવજીએ સૃષ્ટિને બચાવી હતી.ત્યારથી તેમના કંઠ નીલા પડ્યા અને તેમને શાંતિ આપવા માટે દેવોએ જળાભિષેક શરૂ કર્યો. તેથી જ શ્રાવણમાં જળ, દૂધ, દહીંથી અભિષેક કરવાની પરંપરા છે.પરંતુ શિવ માત્ર અભિષેક થી જ પ્રસન્ન થતા નથી.તેઓ ભાવના જુએ છે. શ્રાવણ આપણને અંદરથી શુદ્ધ થવાની તક આપે છે. આપણા અંદર રહેલા કામ, ક્રોધ, લોભ, મોહ અને અહંકાર રૂપી વિષને પી જવાનો સંકલ્પ આ મહિનામાં જ લેવાય છે. અને આ સંકલ્પને સમજવા માટે દક્ષયજ્ઞની કથા સૌથી મોટું ઉદાહરણ છે.

પ્રજાપતિ દક્ષ બ્રહ્માના પુત્ર હતા. તેઓ યજ્ઞો કરાવવામાં નિપુણ હતા, પરંતુ તેમના મનમાં એક મોટી ભૂલ હતી.તેમને પોતાના પદ,પોતાના માન અને પોતાના યજ્ઞનો ખૂબ અહંકાર હતો.તેમની પુત્રી સતીના લગ્ન ભગવાન શિવ સાથે થયા હતા, પરંતુ દક્ષ શિવને પોતાના જમાઈ તરીકે સ્વીકારી શક્યા નહીં. તેમને લાગતું કે શિવ વૈરાગી છે,તેમની પાસે રાજસી ઠાઠ નથી. એકવાર દક્ષે એક વિશાળ યજ્ઞનું આયોજન કર્યું. આ યજ્ઞમાં તેમણે તમામ દેવો,ઋષિઓ અને રાજાઓ ને આમંત્રણ આપ્યું. પરંતુ જાણી જોઈને પોતાના જમાઈ શિવ અને પુત્રી સતીને આમંત્રણ આપ્યું નહીં. આ અપમાન સહન ન થતાં સતી પિતાના યજ્ઞમાં બિનઆમંત્રિત ગઈ. ત્યાં દક્ષે સભામાં શિવનું અપમાન કર્યું. પતિનું અપમાન સહન ન થતાં સતીએ યજ્ઞકુંડમાં પોતાનું શરીર ત્યાગી દીધું.

આ સમાચાર જ્યારે કૈલાસ પર શિવના ગણો દ્વારા પહોંચ્યા ત્યારે શિવજીનું શાંત સ્વરૂપ ક્ષણમાં રુદ્ર સ્વરૂપમાં બદલાઈ ગયું.આ જ પ્રસંગ શ્રાવણમાં આપણનેસમજાવે છે કે ભગવાન પ્રેમથી જલ્દી પ્રસન્ન થાય છે, પરંતુ ભક્તનું અપમાન તેમને સહન નથી થતું. સતીના સમાચાર સાંભળીનેશિવજી ક્રોધથી કાળ-ઝાળ બની ગયા. તેમની આંખોમાંથીજ્વાળાઓ નીકળવા લાગી. ક્રોધમાં તેમણે પોતાની એક જટા ઉખેડીને પર્વત પર પછાડી. તે જટામાંથી એટલો પ્રચંડ અવાજ થયો કે આખી સૃષ્ટિ ધ્રૂજી ઉઠી.

જટાના પૂર્વ ભાગમાંથી એક મહાન યોદ્ધો પ્રગટ થયો. તેનું નામ વીરભદ્ર. તેનો દેહ વિશાળ હતો,હાથમાં શસ્ત્રો હતા અને આંખોમાં અગ્નિ હતો. અને જટાના ઉત્તર ભાગમાંથી અતિ ભયંકર દેવી મહાકાળી પ્રગટ થઈ. કહેવાય છે કે શિવના ક્રોધના ફૂંફાડાથી જ સો તાવ અને તેર સન્નિપાત જેવા રોગો પણ ઉત્પન્ન થયા.

વીરભદ્રે શિવજીને પ્રણામ કરીને પૂછ્યું: 'પ્રભુ, આજ્ઞા આપો. મારે કયું કાર્ય કરવાનું છે? 'ત્યારે શિવજી એ કહ્યું:'હે વીરભદ્ર,તારો જય થાઓ. બ્રહ્માનો પુત્ર દક્ષ મારો વિરોધી બનીને અહંકારી યજ્ઞ કરી રહ્યો છે. તું તેના યજ્ઞનો પરિવાર સહિત નાશ કરીને તરત પાછો આવ ત્યાં જે કોઈ દેવ, ગંધર્વ કે અન્ય અવરોધ કરે તેને ભસ્મ કરી દેજે.' આ આજ્ઞા મળતાં જ વીરભદ્રની સાથે નવદુર્ગા, ડાકિની, સાકિની, ભૂત, પ્રમથ, ગુહ્યક, ભૈરવ અને ચોસઠ કરોડ ગણો ચાલી નીકળ્યા. ભેરીઓના નાદથી ધરતી ધમધમવા લાગી. આ દ્રશ્ય આપણને બતાવે છે કે જ્યારે ધર્મ પર સંકટ આવે ત્યારે શિવ પોતે પોતાના ગણોને મોકલીને ન્યાય સ્થાપિત કરે છે.

દક્ષના યજ્ઞસ્થાને પહેલેથી જ અપશુકનો દેખાવા લાગ્યા હતા. દેવો અને સ્વયં વિષ્ણુ પણ ભય ભીત થઈ ગયા. દક્ષ વિષ્ણુને શરણે ગયો. વિષ્ણુએ કહ્યું: 'હે દક્ષ, તેં સર્વના પરમાત્મા શિવનું અપમાન કર્યું છે. આ ઘોર પાપને કારણે હું પણ તને બચાવી શકું તેમ નથી. મારું સુદર્શન ચક્ર પણ હવે કામનું નથી, કારણ કે તે પણ શિવે જ મને આપ્યું છે.' થોડી વારમાં જ વીરભદ્ર પોતાની સેનાને લઈને ત્યાં પહોંચી ગયો. ઈન્દ્ર અને અન્ય દેવોએ તેની સામે યુદ્ધ કર્યું, પરંતુ વીરભદ્રના બાણો સામે કોઈ ટકી શક્યું નહીં. બૃહસ્પતિએ પણ ઈન્દ્રને સમજાવ્યું કે રુદ્રગણો સામે લડવું વ્યર્થ છે.

છેલ્લે વિષ્ણુએ પોતે યુદ્ધ માટે તૈયારી કરી.વીરભદ્રે કહ્યું:'હે વિષ્ણુ, તમે શિવને અવગણીને અહીં આવ્યા છો?' વિષ્ણુએ કહ્યું કે દક્ષ મારો ભક્ત હોવાથી હું આવ્યો છું. બંને વચ્ચે ભીષણ યુદ્ધ થયું. આકાશ ધ્રૂજ્યું, ધરતી કંપી. યુદ્ધમાં વીરભદ્રે વિષ્ણુની છાતીમાં ત્રિશૂળ નો ઘા કર્યો.વિષ્ણુ બેહોશ થઈ ગયા જ્યારે ફરી ઊભા થયા ત્યારે તેમણે જાણી લીધું કે આ યુદ્ધનું પરિણામ શિવની ઈચ્છા વિના બીજું કંઈ હોઈ શકે નહીં.તેથી તેઓ અદ્રશ્ય થઈ ગયા.ત્યારબાદ વીરભદ્રે યજ્ઞનો સંપૂર્ણ વિધ્વંસ કર્યો. મણિભદ્રે ભૃગુની દાઢી ઉખાડી, ચંડે પૂષાના દાંત તોડ્યા, નંદીએ ભગદેવની આંખો છેદી. છેલ્લે વીરભદ્રે યજ્ઞ વેદીમાં સંતાયેલા દક્ષને બહાર કાઢીને તેનું માથું કાપીને યજ્ઞકુંડમાં નાખી દીધું. કાર્ય પૂર્ણ કરીને વીરભદ્ર કૈલાસ પાછા ફર્યા. શિવજી પ્રસન્ન થઈને તેમને પોતાના ગણોનો અધ્યક્ષ બનાવ્યો.

શ્રાવણમાં આ કથાનો સંદેશ અહંકાર ત્યાગો,શિવને શરણ જાઓ,ત્રણ મોટા પાઠ શીખવે છે.

પહેલો પાઠ અહંકાર વિશે છે. દક્ષ વિદ્વાન હતા, યજ્ઞકર્તા હતા, પરંતુ અહંકારને કારણે તેમણે શિવ જેવા મહાદેવનું અપમાન કર્યું. પરિણામે તેમનો યજ્ઞ, તેમનું માન બધું નાશ પામ્યું. શ્રાવણ આપણને કહે છે કે પૂજા કરતા પહેલા મનનો અહંકાર તોડો.બીજો પાઠ ભક્તિનો છે.સતીએ પતિ માટે પ્રાણ આપી દીધા.તે નિષ્ઠા ની જ્વાળામાંથી જ વીરભદ્રનો જન્મ થયો.શ્રાવણમાં આપણે જે ઉપવાસ અને જળાભિ ષેક કરીએ છીએ તે પણ આવી જ નિષ્ઠા માટે છે.

# પ્રત્યેક લિંગમાં બ્રહ્મા, વિષ્ણુ,અને મહેશ ત્રણેયનો નિવાસ છે,અને એ પરબ્રહ્નનું ત્રિમૂર્તિ સ્વરૂપ છે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હે દેવોના દેવ મહાદેવ.

સૌનાં હ્રદયમાં કરુણા રુપે રહેલાં આપનાં સૌમિત્રી સ્વરૂપને સાષ્ટાંગ પ્રેમ.આપણે આ શ્રાવણે શિવ તત્વને વિધવિધ પાસાને આવરીને શિવનું એક શુદ્ધ સ્વરૂપ એટલે કલ્યાણ, એ રીતે એને આત્મસાત કરીશું. તત્વતઃ શિવ તત્વને સમજવું થોડું સરળ બનાવવા માટે, એને ત્રિપરિમાણ અથવા ત્રિસ્તરીય રીતે સમજીએ. આકાશ, પૃથ્વી, અને જળ અથવા પાતાળ એમ બાહ્ય રીતે સૃષ્ટિના ત્રણેય લોકમાં જે સર્વ રુપે વ્યાપ્ત છે, અથવા સર્વ માટે વ્યાપક બન્યાં એ શિવશંકર. સ્થૂળ સૂક્ષ્મ અને કારણ એમ જોઈએ તો સત્ય પ્રેમ અને કરુણા રૂપે જે દરેકની ભીતરી ધરાને ભીંજવીને પ્રફુલ્લિત રાખે છે એ શિવશંકર. શિવ આદિ અનાદી છે, એ તથ્યને શિવ પુરાણ સિદ્ધ કરે છે. શિવ પુરાણની એક પૌરાણિક કથા અનુસાર ભગવાન શંકર માગશર માસનાં આર્દ્રા નક્ષત્રમાં બ્રહ્મા અને વિષ્ણુ સમક્ષ લીંગ સ્વરૂપે પ્રગટ થયાં હતાં, અને પોતાનાં સુક્ષ્મ લીંગ સ્વરૂપે પણ પોતે અનંત છે, એ સત્ય સમજાવ્યું હતું, અને ત્યારે બ્રહ્મા અને વિષ્ણુ એ સૌ પ્રથમ વખત ભગવાન શંકરની લિંગ સ્વરૂપે પૂજા કરી હતી.

શિવપુરાણ અને લિંગ પુરાણની પૌરાણિક કથા અનુસાર એકવાર ભગવાન વિષ્ણુ અને ભગવાન બ્રહ્મા એ બે માંથી કોણ મહાન? એ બાબત ચર્ચા થઈ, અને બ્રહ્મા એ કહ્યું કે પોતેસચરાચર જીવ સૃષ્ટિની રચના કરી, અને એટલે પોતે મહાન છે! જ્યારે ભગવાન વિષ્ણુ એ કહ્યું કે મેં એ જીવ સૃષ્ટિનું ભરણ પોષણ કે લાલન પાલન કર્યું માટે હું મહાન! અને બંને પોતાના મત પર અડગ હતાં ત્યાં એમની સામે ભગવાન શંકર એક નાનકડા બિંદુ સ્વરૂપે પ્રગટ થયા, અને એને સ્પર્શ કરતા જ એ મોટું થવા લાગ્યું. બીજી વાત એમ છે કે એક ધગધગતા સ્તંભ રૂપે એ બંને વચ્ચે આવી ગયા, અને સ્તંભ વધવા લાગ્યો. ભગવાન વિષ્ણુ કે ભગવાન બ્રહ્મા જાણતા નહોતા કે શું છે? અને કંઈ શક્તિ ને કારણે વૃદ્ધિ પામે છે? એટલે બ્રહ્મા ઉપરની તરફ ગયા અને ભગવાન વિષ્ણુ નીચેની તરફ ગયાં પણ આદિ અનંતનો છેડો કેમ મળે! બ્રહ્મા એ ઉપર એક કેતકીનું ફૂલ જોયું એણે ફૂલને કહ્યું કે તું હું પહેલા પહોંચ્યો એમ રજૂઆત કરજે! ભગવાન શિવ પાસે બંને આવ્યાં, કેતકી ના ફૂલ એ કથિત સત્ય કહ્યું. ભગવાન શિવ બ્રહ્માના અસત્યને જાણી ગયાં, એમણે એનાં એક શિરનો વિચ્છેદ કર્યો એટલે બ્રહ્મા ચતુર્મુખ છે. બંનેને પોતાની ભૂલ અને ભગવાન શિવ શંકરની મહત્તાસમજાઈગઈ!ત્યારેએજયોતિર્લિંગમાંથી સદાશિવ પ્રગટયા. બ્રહ્મા-વિષ્ણુનો ગર્વ દૂર થયો. બ્રહ્મતત્વ શિવ તો આદિ-અંત-રહિત અનંત છે, અગમ્ય છે. યુગો યુગોથી દેવો પણ એનું રહસ્ય પામી શકતા નથી. કારણકે સૃષ્ટિને સંતુલનમાં રાખવા માટે સર્જન કે ભરણપોષણ કરતાં પણ મહત્વનું સંહાર કે વિસર્જન છે!

યોગ્ય સમયે સંહારની ક્રિયા થાય નહીં તો સૃષ્ટિનું સંતુલન ખોરવાય જાય.પહેલાંનાં પ્રમાણમાં કુદરતી કે કૃત્રિમ દુર્ઘટના વધવાનું એક કારણ આ પણ છે! કે મનુષ્ય એ રોગની દવાઓ શોધી અને આયુષ્ય વધાર્યું અને કાળ મૃત્યુની અવધિ લંબાઈ! પણ સામે જન્મનું બેલેન્સ નથી થતું એટલે વારંવારના ધરતી કંપ, વાવાઝોડું, સુનામી, બસ ખાઈમાં પડી જવી, ટ્રેન પાટા પરથી ઉથલી જવી, પ્લેન ક્રેશ થવું, કે મોટી આગ લાગવી,પૂર આવવું આ બધું. કોઈનું મૃત્યુ થાય નહીં, બધાં જ જીવે તો કેટલું અસંતુલન થાય, માટે, દરેક જીવની પોતાની નિયતી અનુસાર વિસર્જન ક્રિયાને આવરી લેવામાં આવી છે, અને એટલે જ મૃત્યુથી બચવા ભગવાન શંકરની આરાધના વધુ થાય છે. ભગવાન શિવ શંકર તો તત્વતઃ મૂળ સ્વરૂપે નિરંજન નિરાકાર પરબ્રહ્મ છે. 'શિવલિંગ' એ નિરાકાર પરમાત્માની એક અનન્ય ઓળખની નિશાની છે. આપણાં ઉપનિષદોમાં સૃષ્ટિનાં સર્જક પરબ્રહ્મને 'પૂર્ણ' કે 'શૂન્ય' સ્વરૂપ કહ્યા છે ઓમ પૂર્ણમદઃ પૂર્ણમિદમ્... ગોળાકાર-પૂર્ણાકાર સૂક્ષ્મ પરમાત્મામાંથી સૃષ્ટિનું સર્જન થાય છે. આ પૂર્ણ કે શૂન્યનો સૂક્ષ્મ આકાર એટલે 'લિંગ'. લિંગ એટલે એક નાનકડું બિંદુ. જો બિંદુ વિસ્તરે તો બિંદુમાંથી, રેખા, રેખા વિસ્તરે, અને વર્તુળ થાય અથવા શૂન્ય થાય, પછી એને કોઈ પણ અંકની આગળ મૂક્યા કરીએ, તો આંકડો વધ્યા કરે, તેમ લિંગાકાર બિંદુસ્વરૂપનું કે શિવલિંગ સ્વરૂપનું સુક્ષ્મ ચિંતન કરીએ તો આ જ રીતે પરબ્રહ્મમાંથી સૃષ્ટિના, કે બ્રહ્માંડના તાણાવાણા રચાય છે, એ સત્ય સમજાય છે. શૂન્ય કે રિક્ત અથવા શૂન્યાવકાશમાં શિવલિંગ સ્વરૂપ શિવ, અને તેમની દેવીશક્તિના સંયોગથી સૃષ્ટિ સર્જાય છે. 'કંકરમાં શંકર' એટલે ભગવાન શંકરનું શિવલીંગ! કે જેનાં દર્શન માત્રથી જીવન ધન્ય થઈ જાય છે. સનાતન ધર્મની આ જ લાક્ષણિકતા છે કે, પ્રકૃતિ જન્ય પદાર્થનાં સંવર્ધન માટે એમાં ઈશ્વરનાં નિવાસની પ્રણાલી ઉભી કરે. પણ મનુષ્ય પોતાનાં સંરક્ષણ અને સંવર્ધનમાં પ્રકૃતિનું સંવર્ધન ભૂલી ગયો અને એટલે જ વિસર્જન માટે કુદરતી કે કૃત્રિમ આપત્તિ રૂપે ધીમો પ્રલય થાય છે. આપણે ૐ કારના લેખમાં જોયું એમ શિવલિંગ ઓમકાર સ્વરૂપ મનાય છે. ૐ ને પ્રણવ મંત્ર કહેવામાં આવે છે, એમાં 'અ', 'ઉ' અને 'મ' એ ત્રણ અક્ષરોનું સંયોજન થયું છે. 'અ' એટલે બ્રહ્મા, 'ઉ' એટલે વિષ્ણુ અને 'મ' એટલે શિવ. મકાર શિવ એ બીજ છે, અને તે બીજ લિંગરૂપે સૃષ્ટિના સર્જનનું મૂળ તત્વ છે. શિવપુરાણની વિધ્યેશ્વર સંહિતામાં શિવલિંગનો મહિમા બતાવ્યો છે. લિંગસ્વરૂપ સ્તંભ આદિ અને અંત વિનાનો છે. તે તો અણુથી પણ સૂક્ષ્મ અને મહાનથી યે મહાન, વિરાટ છે. શિવલિંગ તો ભક્તિ અને મુક્તિનું સાધન છે. શિવપુરાણ પ્રમાણે શિવલિંગ ચૈતન્યસ્વરૂપ છે. લિંગની પીઠ પાર્વતીસ્વરૂપ છે. શિવ હંમેશ પાર્વતીને પોતાની ગોદમાં ધારણ કરે છે. લિંગ અને પીઠિકા તો શિવ-શક્તિનું સંયોજન છે, સૃષ્ટિ-સર્જનનું પ્રતીક છે. ભગવાન શિવ પાર્વતીને એટલે જ દામ્પત્ય જીવનનાં આદર્શ માનવામાં આવે છે, તેમજ તે સંન્યાસની ઉચ્ચત્તમ કક્ષાએ હોવા છતાં સંસારી કહેવાયા છે! સંસારમાં રહીને જ શિવ પાર્વતીએ પ્રસન્ન દામ્પત્યનો દાખલો બેસાડ્યો છે. આમ ભગવાન આશુતોષ પથ્થરમાં વસીને પોતાનો વિશ્વાસ ભક્તનાં મનમાં દ્રઢ કરે. શિવલિંગ એ હિન્દુઓમાં સૌથી વધુ પૂજાતું સ્વરૂપ છે, કારણ કે ભગવાન શંકરની પૂજા સાવ સીધી સાદી છે. અન્ય દેવી દેવતાઓના કર્મકાંડો ભરેલા યજ્ઞ, દરેક વ્યક્તિ કરી શકે નહીં.

# અમદાવાદ મંડળની પહેલ : લોકો પાયલોટો માટે માનસિક સ્વાસ્થ્ય અને તણાવ વ્યવસ્થાપન પર 4 દિવસનું સામૂહિક ધ્યાન સત્ર.....




**અમદાવાદ, તા.17**

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા વર્તમાન સમયમાં વધતા તણાવ, કામના સ્થળે દબાણ તથા માનસિક સ્વાસ્થ્યથી જોડાયેલી સમસ્યાઓને જોતાં 17 થી 20 ઓગસ્ટ 2026 સુધી આર્ટ ઑફ લિવિંગના અનુભવી પ્રશિક્ષકોના સહયોગથી સામુદાયિક ભવન સાબરમતીમાં સામૂહિક ધ્યાન સત્રનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

આ ધ્યાન સત્ર દરમિયાન મંડળ રેલવે મેનેજર (DRM), અમદાવાદ શ્રી વેદ પ્રકાશ એ લોકો પાયલોટો સાથે વાતચીત કરતાં જણાવ્યું કે ભારતીય રેલવેના લોકો પાયલોટ દરરોજ ઑસ્ટ્રેલિયાની કુલ વસ્તી જેટલાં લગભગ 2.2 કરોડ યાત્રીઓને સુરક્ષિત તેમના મુકામ સુધી પહોંચાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેમણે કહ્યું કે પોતાની જવાબદારીઓનું નિર્વાહન કરતાં લોકો પાયલોટો માટે પોતાના તન, મન અને મસ્તિષ્કને પણ સ્વસ્થ અને ફિટ રાખવું અત્યંત જરૂરી છે.

તેમણે પોતાના અનુભવ શેર કરતાં જણાવ્યું કે લગભગ ત્રણ મહીના પહેલાં તેમનું વજન 122 કિલોગ્રામ હતું, જેને તેમણે 18 થી 20 કલાકની વ્યસ્ત દિનચર્યા છતાં 'આર્ટ ઑફ લિવિંગ' ની ટેકનિકોને અપનાવી 92 કિલોગ્રામ સુધી નિયંત્રિત કર્યું છે. શ્રી વેદ પ્રકાશ એ ભારપૂર્વક જણાવ્યું કે 30 કિલોગ્રામ વજન ઘટાડવાની આ યાત્રા ફક્ત વ્યાયામ અથવા ખાણી-પીણી પર નિયંત્રણથી શક્ય નથી થઈ, પરંતુ આ મન અને શરીર વચ્ચેના સંતુલનનું પરિણામ છે. તેમણે કહ્યું કે જીવન અને કામ-પરિસ્થિતિના તંત્ર (Ecosystem) માં સકારાત્મક ફેરફારની શરૂઆત સૌથી પહેલાં પોતાનાથી થાય છે. આ જ ફેરફાર આગળ જઈને સમગ્ર સમાજ અને સંગઠનને ઉત્તમ બનાવવામાં યોગદાન આપે છે.

ધ્યાન સત્ર દરમિયાન પ્રશિક્ષક શ્રી અલ્પેશ ત્રિવેદી અને નીલમબેન પટેલ દ્વારા સહભાગીઓને ધ્યાનના વૈજ્ઞાનિક અને વ્યવહારિક મહત્વ વિશે માહિતી આપવામાં આવી. તેમણે જણાવ્યું કે નિયમિત ધ્યાનથી વ્યક્તિમાં ભાવનાત્મક સ્થિરતા આવે છે, આધ્યાત્મિક વિકાસને બળ મળે છે, તણાવમાં ઘટાડો થાય છે તથા સમાજમાં સામુદાયિક જોડાણ અને પરસ્પરનો સૌહાર્દ વધે છે. ઉપસ્થિત સહભાગીઓએ અનુભવ કર્યો કે ધ્યાન મારફતે મનને એકાગ્ર કરી નકારાત્મક વિચારોથી આગળ વધીને સકારાત્મક દ્રષ્ટિકોણ વિકસિત કરી શકાય છે.

આ સામૂહિક ધ્યાન સત્ર અમદાવાદ મંડળના સાબરમતી કોમ્યુનિટી સેન્ટરમાં રેલવે અધિકારીઓ અને રેલવે કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો જેમાં 100 થી વધુ લોકો પાયલોટ પણ સામેલ હતા. પ્રશિક્ષકોના માર્ગદર્શનમાં તમામ સહભાગીઓએ શાંત વાતાવરણમાં ધ્યાનનો અભ્યાસ કર્યો અને માનસિક શાંતિનો અનુભવ કર્યો. આ અવસર પર આર્ટ ઑફ લિવિંગના સંસ્થાપક શ્રી શ્રી રવિશંકરના પ્રેરણાદાયક વિચારોને પણ શેર કરવામાં આવ્યા કે "ધ્યાન જ એ માધ્યમ છે જેનાથી નકારાત્મક વિચારોથી આગળ વધીને સકારાત્મકતા સ્વતઃ અને સ્વાભાવિક રૂપે આવે છે."

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ રેલવે કર્મચારીઓને માનસિક શાંતિ, સકારાત્મક વિચાર તથા આત્મિક સંતુલન પ્રત્યે પ્રેરિત કરવાનો છે, જેથી તેઓ દૈનિક જીવનના તણાવ અને પડકારોનો સામનો વધુ સહજતા અને આત્મવિશ્વાસની સાથે કરી શકે.

પશ્ચિમ રેલવેનું અમદાવાદ મંડળ તમામ રેલવે કર્મચારીઓને અપીલ કરે છે કે તેઓ પોતાના દૈનિક જીવનમાં ધ્યાનને અપનાવે તથા આવા સામૂહિક કાર્યક્રમોમાં સક્રિયપણે ભાગ લે, જેનાથી વ્યક્તિગત સ્વાસ્થ્યની સાથે-સાથે કાર્યક્ષમતા, પરસ્પરના સંકલન અને સામાજીક સદભાવને પણ મજબૂતી મળી શકે.

# ઔડા દ્વારા ₹૮.૬૯ કરોડના પ્રોજેક્ટ્સથી જળભરાવ અને ડ્રેનેજ સમસ્યાઓનું નિવારણ

- **અમદાવાદ-મહેસાણા હાઈવે અને નાંદોલીમાં વરસાદી જળનિકાલનું આધુનિક આયોજન: જળભરાવની સમસ્યામાંથી નાગરિકોને મળશે મુક્તિ**

**અમદાવાદ, તા.17**

અમદાવાદ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી (AUDA) દ્વારા અમદાવાદ અને આસપાસના વિસ્તારોમાં નાગરિકોની સુવિધા વધારવા માટે ભૌતિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સતત મજબૂત કરવામાં આવી રહ્યું છે. ચોમાસા દરમિયાન પાણી ભરાવાની અને ડ્રેનેજ નિકાલની જટિલ સમસ્યાઓના કાયમી ઉકેલ માટે ઔડા દ્વારા કુલ ૮.૬૯ કરોડના બે મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સ હાથ ધરવામાં આવ્યા છે.

અમદાવાદ-મહેસાણા હાઈવે પર આવેલ કલોલ ગ્રોથ સેન્ટરમાં સ્વામિનારાયણ ગુરૂકુળ અને એસ.ટી. વર્કશોપ પાસે નીચાણવાળા વિસ્તારને કારણે દર વર્ષે ચોમાસામાં ભારે પાણી ભરાઈ જતું હતું, જેનાથી અમદાવાદથી આવતા-જતા વાહનવ્યવહારને મોટી મુશ્કેલી પડતી હતી.

આ સમસ્યાના કાયમી નિરાકરણ માટે ઔડા દ્વારા



૩૧૦.૨૭ લાખના ખર્ચે સ્વામિનારાયણ ગુરૂકુળથી પલસાણા રોડ થઈ સઈજ - હાજીપુર કાંસ સુધી ૯૦૦ મી.મી. વ્યાસની ૨૪૨૦ મીટર લાંબી પાઈપલાઈન નાખવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. ચાલુ ચોમાસાની ઋતુમાં જ આ પાઈપલાઈન મારફતે પાણીનો નિકાલ થતાં હાઈવે પર પાણી ભરાવાની સમસ્યામાંથી નાગરિકોને મુક્તિ મળી છે.

અમદાવાદ આસપાસના વિસ્તારમાં વિકસતા વિસ્તારોમાં ઔડા હેઠળના નાંદોલી ગામ અને નજીકની સોસાયટીઓમાં ડ્રેનેજ તેમજ તળાવમાં આવતા વરસાદી પાણીના સુચારુ નિકાલ માટે ઔડા દ્વારા ખાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવામાં આવી રહ્યું છે.

આ આયોજન હેઠળ ૫૫૯.૦ લાખના ખર્ચે તળાવ કિનારે ૩.૦ MLD ક્ષમતાનું પમ્પિંગ સ્ટેશન તથા ૩૫૦૦ મીટર લંબાઈની ગ્રેવિટી અને પમ્પિંગ લાઈનની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ કામગીરી પૂર્ણ થતાં નાંદોલી ગામના તળાવમાં ડ્રેનેજના પાણીનો નિકાલ અટકશે અને ચોમાસામાં ગામમાં પાણી ભરાવાની સમસ્યાનું કાયમી નિવારણ થશે.

ઔડાની આ સક્રિય અને આયોજનબદ્ધ કામગીરીથી અમદાવાદ અને આસપાસના વિસ્તારોના નાગરિકોનું જીવનધોરણ વધુ સુવિધાજનક બનશે.

# ગુજરાત વિદ્યાપીઠ ખાતે 'સૂર તાલ ચક્ર' સંગીત કાર્યક્રમનું ભવ્ય આયોજન કરાયું

- **યમન, પહાડી અને ભૈરવી જેવા શાસ્ત્રીય રાગ આધારિત ભજન અને ગઝલોનો આસ્વાદ માણીને સંગીતપ્રેમીઓ મંત્રમુગ્ધ થયા**




**અમદાવાદ, તા.17**

ગુજરાત વિદ્યાપીઠના કલામંદિર તથા ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સંયુક્ત ઉપક્રમે 'સૂર તાલ ચક્ર' સંગીત કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાપીઠના હીરક મહોત્સવ સભાખંડ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં યમન, પહાડી અને ભૈરવી જેવા શાસ્ત્રીય રાગ આધારિત પ્રસ્તુતિઓનો આસ્વાદ માણીને શ્રોતાઓ મંત્રમુગ્ધ થયા હતા.

વડોદરાના જાણીતા સંગીતકાર ડૉ. કેદાર મુકાદમના નિર્દેશન હેઠળ તૈયાર થયેલી આ પ્રસ્તુતિમાં ભારતીય શાસ્ત્રીય સંગીતના રાગો અને તેમાંથી વિકસેલા વિવિધ સંગીત સ્વરૂપોની અદ્ભુત રજૂઆત કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત ડૉ. જનક જાસકિયા દ્વારા રાગ યમનની શાસ્ત્રીય પ્રસ્તુતિથી થઈ હતી. ત્યારબાદ સ્વરિત કેલકર અને સુશ્રી રુચા બારોટે રાગ યમન આધારિત ફિલ્મી ગીતો, ભજન અને ગઝલો દ્વારા વાતાવરણમાં અનોખી તાજગી પ્રસરાવી દીધી હતી.

સ્વતંત્રતા દિવસની પૂર્વસંધ્યાએ આયોજિત આ સંગીતમય સાંજ દરમિયાન કલાકારો દ્વારા દેશભક્તિના ગીતો ઉપરાંત, રાગ પહાડીની મધુર રચનાઓ પણ રજૂ કરવામાં આવી હતી. જ્યારે અંતિમ પડાવમાં રાગ ભૈરવીના તરાના તેમજ તેના આધારે રચાયેલા વિવિધ ગીતોની રજૂઆત સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું.

કુલપતિ ડૉ. હર્ષદ પટેલની અધ્યક્ષતામાં આયોજિત આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ડૉ. શ્વેતકેતુ વોરા ઉપસ્થિત રહ્યા હતા. કલામંદિર તેમજ વિદ્યાપીઠના વિવિધ વિભાગોના વિદ્યાર્થીઓ અને બહોળી સંખ્યામાં સંગીતરસિકોએ ઉપસ્થિત રહીને ઉત્સાહપૂર્વક આ કાર્યક્રમ માણ્યો હતો.

# ગુજરાત સાયન્સ સિટી ખાતે ૨૧ થી ૨૩ ઓગસ્ટ દરમિયાન ત્રિ-દિવસીય 'સ્પેસ ફેસ્ટિવલ-૨૦૨૬'નું ભવ્ય આયોજન

## ચંદ્રયાન-૩ મિશનની ઐતિહાસિક સિદ્ધિની ઉજવણીમાં સહભાગી બનવા વિજ્ઞાનપ્રેમીઓ અને નાગરિકોને આહવાન

- **'રાષ્ટ્રીય અંતરિક્ષ દિવસ' નિમિત્તે ઈસરો (ISRO) અને GSEMના સહયોગથી અમદાવાદમાં ૨૦,૦૦૦થી વધુ મુલાકાતીઓ મેળવશે અંતરિક્ષ વિજ્ઞાનનો જીવંત અનુભવ**

**અમદાવાદ, તા.17**

૨૩ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ ભારતના 'ચંદ્રયાન-૩' મિશનના વિક્રમ લેન્ડરે ચંદ્રની સપાટી પર સફળ સોફ્ટ લેન્ડિંગ કરીને વિશ્વભરમાં ભારતની વૈજ્ઞાનિક ક્ષમતાનો ડંકો વગાડ્યો હતો. પ્રજ્ઞાન રોવરે સફળતાપૂર્વક કામગીરી પૂર્ણ કરીને ભારતને ચંદ્રના અપ્રાપ્ય દક્ષિણ ધ્રુવીય વિસ્તારમાં પહોંચનાર વિશ્વનો પ્રથમ દેશ અને સોફ્ટ લેન્ડિંગ કરનાર ચોથો દેશ બનાવ્યો હતો.

આ ઐતિહાસિક સિદ્ધિને અમર બનાવવા ભારત સરકારે ૨૩ ઓગસ્ટને 'રાષ્ટ્રીય અંતરિક્ષ દિવસ' તરીકે ઘોષિત કર્યો છે.

આ ગૌરવશાળી દિવસની ઉજવણીના ભાગરૂપે ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત સાયન્સ સિટી, અમદાવાદ ખાતે ૨૧ થી ૨૩ ઓગસ્ટ, ૨૦૨૬ દરમિયાન ત્રિ-દિવસીય 'સ્પેસ ફેસ્ટિવલ-૨૦૨૬'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આ વર્ષના રાષ્ટ્રીય અંતરિક્ષ દિવસની મુખ્ય થીમ "Towards Viksit Bharat: Innovating, Collaborating and Aspiring to Global Space Leadership" ("વિકસિત ભારત તરફ: નવીનતા, સહયોગ અને વૈશ્વિક અંતરિક્ષ નેતૃત્વની દિશામાં આગેકૂચ") રાખવામાં આવી છે.

ફેસ્ટિવલના મુખ્ય આકર્ષણો અને પ્રવૃત્તિઓ

સાયન્સ સિટીના વિજ્ઞાન ભવન ખાતે આયોજિત આ ત્રણ દિવસીય




મહોત્સવમાં વિજ્ઞાનપ્રેમીઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે વૈવિધ્યસભર કાર્યક્રમો રજૂ કરવામાં આવશે:

સ્પેસ સાયન્સ એક્ઝિબિશન: દેશની અગ્રણી અંતરિક્ષ સંસ્થાઓ અને ઈસરો આધારિત મોડેલ્સનું પ્રદર્શન.

પ્લેનેટેરિયમ શો & નાઈટ સ્કાય ઓબ્ઝર્વેશન: ખગોળ વિજ્ઞાન અને તારામંડળ દર્શનનો રોમાંચક અનુભવ.

વૈજ્ઞાનિકો સાથે પેનલ ડિસ્કશન: ISRO ના પ્રખ્યાત વૈજ્ઞાનિકો અને સંશોધકો સાથે સીધો સંવાદ અને વિજ્ઞાન વ્યાખ્યાનો.

રચનાત્મક સ્પર્ધાઓ: સ્પેસ રંગોળી, ડિજિટલ પોસ્ટર પ્રેઝન્ટેશન, ઓરિગામી અને સ્પેસ ક્વિઝ.

હેન્ડ્સ ઑન વર્કશોપ: વિદ્યાર્થીઓ માટે પ્રેક્ટિકલ સાયન્સ અને રોકેટ મોડેલિંગ વર્કશોપ.

૫૦થી વધુ સંસ્થાઓ અને ઈસરો(ISRO)નો વિશેષ સહયોગ

આ ફેસ્ટિવલમાં રાજ્ય અને દેશભરમાંથી અંતરિક્ષ ક્ષેત્રે કાર્યરત આશરે ૫૦ જેટલી સંસ્થાઓ, રિસર્ચ ઓર્ગેનાઈઝેશન્સ, સ્પેસ સ્ટાર્ટઅપ્સ, ઉદ્યોગો અને ઈનોવેટર્સ ભાગ લેશે. આ ઉપરાંત, ISRO ના Space Applications Centre (SAC) અને Gujarat State Electronics Mission (GSEM) ના સંયુક્ત સહયોગથી આયોજિત આ વિજ્ઞાન પ્રદર્શન તમામ વયજૂથના મુલાકાતીઓ માટે ખુલ્લું રહેશે.

આ ત્રિ-દિવસીય મહોત્સવમાં રાજ્યભરમાંથી અંદાજિત ૨૦,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને નાગરિકો જોડાનાર છે. ૨૩ ઓગસ્ટના રોજ રાષ્ટ્રીય અંતરિક્ષ દિવસના સમાપન પ્રસંગે વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓને આકર્ષક પુરસ્કારો અને એવોર્ડ્સ એનાયત કરવામાં આવશે.

આ આયોજનનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતની અંતરિક્ષ ક્ષેત્રની સફળતાઓને જનસામાન્ય સુધી પહોંચાડવાનો છે, જેથી યુવા પેઢીમાં STEM (સાયન્સ, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને મેથ્સ) પ્રત્યે રસ, જિજ્ઞાસા અને વૈજ્ઞાનિક અભિગમ કેળવાય અને તેઓ આ ક્ષેત્રમાં ભવિષ્યની કારકિર્દી બનાવવા માટે પ્રેરિત થાય.

ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ હેઠળના ગુજરાત સાયન્સ સિટી, અમદાવાદ ખાતે યોજાનાર આ સ્પેસ ફેસ્ટિવલની મુલાકાત લેવા માટે અંતરિક્ષ વિજ્ઞાનમાં રસ ધરાવતા વિજ્ઞાનપ્રેમીઓ તેમજ અમદાવાદ અને સમગ્ર રાજ્યના નાગરિકોને ગુજરાત સાયન્સ સિટીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર દ્વારા હાર્દિક અનુરોધ કરવામાં આવે છે.

# ચાંદલોડિયા A અને B રેલવે સ્ટેશનના પુનર્વિકાસનું 70% કાર્ય પૂર્ણ

- **યાત્રીઓના ફીડબેક પર સુવિધાઓનો સતત વિસ્તરણ ચાલુ**






**અમદાવાદ, તા.17**

ભારતીય રેલવે દ્વારા અમૃત ભારત સ્ટેશન યોજના મારફતે દેશભરના 1300 થી વધુ રેલવે સ્ટેશનોને આધુનિક, સુરક્ષિત, સરળ અને યાત્રી-કેન્દ્રિત સ્વરૂપ આપવાની દિશામાં સતત કામ કરવામાં આવી રહ્યા છે. આ જ ક્રમમાં અમદાવાદ મંડળના ચાંદલોડિયા રેલવે સ્ટેશનના પુનઃવિકાસનું કામ અંદાજિત રૂ.45.72 કરોડના ખર્ચે કરવામાં આવી રહ્યું છે. આ પરિયોજના મારફતે સ્ટેશન પર આધુનિક યાત્રી સુવિધા, સરસ અવરજવર વ્યવસ્થા, અપગ્રેડેડ પ્લેટફોર્મ સુવિધાઓ, નવી સ્ટેશન બિલ્ડીંગ, ફૂટ ઓવર બ્રિજ તથા પાર્કિંગ અને સર્ક્યુલેટિંગ એરિયા જેવી સુવિધાઓનો વિકાસ કરવામાં આવી રહ્યો છે. આ પરિયોજનાનું લગભગ 70 ટકા કામ પૂર્ણ થઈ ચૂક્યું છે, જ્યારે બાકીનું કામ 31 માર્ચ 2027 સુધીમાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

કોચની માહિતી અને યાત્રી માર્ગદર્શન વ્યવસ્થા

યાત્રીઓ પાસેથી મળેલા સૂચનો અને ફીડબેકને પ્રાથમિકતા આપતાં પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા ચાંદલોડિયા સ્ટેશન પર યાત્રી સૂચના સિસ્ટમ, કોચ માર્ગદર્શન તથા સ્ટેશનની ઓળખ સંબંધિત સુવિધાઓને વધુ સુદ્રઢ કરવામાં આવી રહી છે. યાત્રીઓ દ્વારા ચાંદલોડિયા બી થી સોમનાથની યાત્રા દરમિયાન કોચનું સ્થાન ઓળખવામાં પડતી મુશ્કેલી અંગે આપેલા ફીડબેકની નોંધ લઈને મંડળ દ્વારા યાત્રી માહિતી વ્યવસ્થાની સમીક્ષા કરવામાં આવી છે.

હાલમાં સ્ટેશનના પ્રવેશદ્વાર પાસેના પ્રતીક્ષાલયમાં ઈલેક્ટ્રોનિક ટ્રેન ઈન્ડિકેટર ડિસ્પ્લે બોર્ડ ઉપલબ્ધ છે, જેના પર ટ્રેન નંબર સહિત કોચની સ્થિતિ સંબંધિત માહિતી પ્રદર્શિત કરવામાં આવે છે. યાત્રીઓની સહાયતા માટે સહયોગ કાઉન્ટર પર જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે તથા પબ્લિક એડ્રેસ (PA) સિસ્ટમ મારફતે મહત્વપૂર્ણ અને નિયમિત ટ્રેન સંબંધિત જાહેરાતો પણ કરવામાં આવે છે.

યાત્રીઓ, ખાસ કરીને વરિષ્ઠ નાગરિકોની સુવિધાને વધુ ઉત્તમ બનાવવા માટે ચાંદલોડિયા સ્ટેશનના પ્લેટફોર્મ પર કોચ ગાઈડન્સ ડિસ્પ્લે બોર્ડ (CGDB) ઉપલબ્ધ કરાવવાની દિશામાં કામ કરવામાં આવી રહ્યું છે. ચાંદલોડિયા એ અને બી બંને સ્ટેશનોના પ્લેટફોર્મ પર CGDBને શેડ પર સ્થાપિત કરવામાં આવશે.

આ ઉપરાંત, ચાંદલોડિયા એ સ્ટેશનની મુખ્ય બિલ્ડીંગમાં મલ્ટીલાઈન ડિસ્પ્લે બોર્ડ સ્થાપિત કરી દેવામાં આવ્યું છે અને તે કાર્યરત છે, જ્યારે ચાંદલોડિયા બી સ્ટેશનની મુખ્ય બિલ્ડીંગમાં બહુભાષી ડિસ્પ્લે બોર્ડનું કામ અંદાજે 10 દિવસમાં પૂર્ણ કરવામાં આવશે. આનાથી યાત્રીઓને ટ્રેનો સંબંધિત માહિતી વધુ સ્પષ્ટ અને સુવિધાજનક રીતે ઉપલબ્ધ થશે.

આધુનિક સ્ટેશન બિલ્ડીંગ અને યાત્રી સુવિધાઓનો વિકાસ

ચાંદલોડિયા રેલવે સ્ટેશનના પુનઃવિકાસ હેઠળ મુખ્ય સ્ટેશન બિલ્ડીંગનું બાંધકામ 100 ટકા પૂર્ણ થઈ ચૂક્યું છે. લગભગ 11,100 ચોરસ ફૂટ ક્ષેત્રફળ ધરાવતી સ્ટેશન બિલ્ડીંગમાં બુકિંગ કાઉન્ટર, વીઆઈપી પ્રતીક્ષાલય, પ્રથમ શ્રેણી પ્રતીક્ષાલય, સામાન્ય પ્રતીક્ષાલય, એસી અને નોન-એસી પ્રતીક્ષાલય, બેબી ફીડિંગ રૂમ તથા વિવિધ જરૂરી સંચાલન અને કોમર્શિયલ સુવિધાઓની જોગવાઈ કરવામાં આવી છે. સ્ટેશનની વિવિધ બિલ્ડીંગમાં યાત્રીઓ અને રેલવે કર્મચારીઓ માટે આધુનિક શૌચાલય તથા અન્ય જરૂરી સુવિધાઓ પણ વિકસાવવામાં આવી છે.

ચાંદલોડિયા-બી સ્ટેશનની સુવિધાઓમાં પીઆરએસ, એસી અને નોન-એસી પ્રતીક્ષાલય સાથે બેબી ફીડિંગ રૂમ, પુરૂષ તથા મહિલા શૌચાલય અને દિવ્યાંગજનો માટે શૌચાલયની સુવિધા શામેલ છે. આ ઉપરાંત પાર્સલ ઓફિસ બિલ્ડીંગ તથા અન્ય જરૂરી સંચાલન સુવિધાઓનો પણ વિકાસ કરવામાં આવ્યો છે.

વિશાળ ફુટ ઓવર બ્રિજ અને એર કૉન્કોર્સ

યાત્રીઓની સરળ અને સુરક્ષિત અવરજવર માટે 40 ફૂટ પહોળા ફૂટ ઓવર બ્રિજનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે, જે પ્લેટફોર્મ નંબર 1 થી 5 સુધી કનેક્ટિવિટી પૂરી પાડશે. ફૂટ ઓવર બ્રિજ/એર કોન્કોર્સનું કામ લગભગ 88 ટકા પૂર્ણ થઈ ચૂક્યું છે. પરિયોજના હેઠળ 20 મીટર પહોળા ફૂટ ઓવર બ્રિજની પણ જોગવાઈ કરવામાં આવી છે.

પ્લેટફોર્મ સુવિધાઓનું સર્વગ્રાહી અપગ્રેડેશન

ચાંદલોડિયા રેલવે સ્ટેશન પર લગભગ 3,19,000 ચોરસ ફૂટ વિસ્તારમાં પ્લેટફોર્મ સંબંધિત વિકાસ કામો કરવામાં આવી રહ્યા છે, જેની પ્રગતિ અંદાજે 82 ટકા છે. પ્લેટફોર્મ નંબર 1 પર રિસરફેસિંગનું કામ પૂર્ણ થઈ ચૂક્યું છે, જ્યારે પ્લેટફોર્મ નંબર 2, 4 અને 5 પર રિસરફેસિંગ તથા પ્લેટફોર્મ નંબર 3 પર રેલવે લેવલ પ્લેટફોર્મને ઊંચું કરવાનું કામ પ્રગતિમાં છે. આ કામોથી યાત્રીઓ માટે પ્લેટફોર્મ વધુ સુરક્ષિત, સુવિધાજનક અને વ્યવસ્થિત બનશે.

કવર ઓવર પ્લેટફોર્મ અને હવામાનથી સુરક્ષા

યાત્રીઓને તડકો અને વરસાદ સહિત પ્રતિકૂળ હવામાનથી સુરક્ષા ઉપલબ્ધ કરાવવા માટે પ્લેટફોર્મ નંબર 1 થી 5 સુધી કુલ લગભગ 2,15,000 ચોરસ ફૂટ વિસ્તારમાં કવર ઓવર પ્લેટફોર્મ (COP) ની જોગવાઈ કરવામાં આવી છે. હાલમાં પ્લેટફોર્મ નંબર 1 પર લગભગ 22,000 ચોરસ ફૂટ વિસ્તારમાં COP નું કામ પ્રગતિ હેઠળ છે તથા બાકીના પ્લેટફોર્મ પર કામ તબક્કાવાર કરવામાં આવશે.

ઉત્તમ પાર્કિંગ અને સર્ક્યુલેટિંગ એરિયા, સ્ટેશન સંકુલમાં યાત્રીઓ અને વાહનોની અવરજવરને વધુ સરળ અને વ્યવસ્થિત બનાવવા માટે લગભગ 78,300 ચોરસ ફૂટ વિસ્તારમાં સર્ક્યુલેટિંગ અને પાર્કિંગ એરિયાનો વિકાસ કરવામાં આવી રહ્યો છે, જેની પ્રગતિ અંદાજે 97 ટકા છે. ચાંદલોડિયા-એ સ્ટેશન પર લગભગ 35,000 ચોરસ ફૂટ તથા ચાંદલોડિયા-બી સ્ટેશન પર લગભગ 43,400 ચોરસ ફૂટ વિસ્તારમાં સર્ક્યુલેટિંગ અને પાર્કિંગ સુવિધાઓ વિકસાવવામાં આવી રહી છે. પરિયોજનામાં દિવ્યાંગજનો માટે વિશેષ પાર્કિંગ સુવિધા પણ વિકસાવવામાં આવી છે.

યાત્રીઓ માટે હોલ્ડિંગ એરિયા અને પ્રતીક્ષાલય

યાત્રીઓની સુવિધા અને ભીડ વ્યવસ્થાપનને ધ્યાનમાં રાખીને લગભગ 82,000 ચોરસ ફૂટ વિસ્તારમાં હોલ્ડિંગ એરિયા વિકસાવવામાં આવી રહ્યો છે, જેની પ્રગતિ 98 ટકા છે. સ્ટેશન બિલ્ડીંગ અને સર્ક્યુલેટિંગ એરિયામાં યાત્રીઓ માટે પ્રતીક્ષા અને હોલ્ડિંગ વિસ્તારનું આયોજન કરવામાં આવ્યું છે.

પ્રતીક્ષાલય અને આંતરિક સુવિધાઓના અપગ્રેડેશનનું કામ લગભગ 92 ટકા પૂર્ણ થઈ ગયું છે. આ હેઠળ પ્રથમ શ્રેણી, સામાન્ય, એસી અને નોન-એસી પ્રતીક્ષાલય તથા બેબી ફીડિંગ રૂમ જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.

લિફ્ટ અને સમાવેશી યાત્રી સુવિધાઓ, દિવ્યાંગજન, વરિષ્ઠ નાગરિકો તથા અન્ય યાત્રીઓની સરળ અવરજવર સુનિશ્ચિત કરવા માટે કુલ 5 લિફ્ટની જોગવાઈ કરવામાં આવી છે. લિફ્ટના કામની પ્રગતિ અંદાજે 62 ટકા છે તથા દરેક પ્લેટફોર્મ પર લિફ્ટ સુવિધા વિકસાવવામાં આવી રહી છે. આ સાથે જ દિવ્યાંગજનો માટે અલગ શૌચાલય અને પાર્કિંગ જેવી સુવિધાઓની પણ જોગવાઈ કરવામાં આવી છે.

શૌચાલય અને સ્વચ્છતા સુવિધાઓનું અપગ્રેડેશન

સ્ટેશન પર યાત્રીઓની સુવિધા અને સ્વચ્છતાને ધ્યાનમાં રાખીને લગભગ 1200 ચોરસ ફૂટ વિસ્તારમાં શૌચાલયોના અપગ્રેડેશન અને વધારાના શૌચાલયોનો વિકાસ કરવામાં આવી રહ્યો છે, જેની પ્રગતિ અંદાજે 82 ટકા છે. જેમાં પુરૂષ અને મહિલા શૌચાલય સાથે પે-એન્ડ-યુઝ તથા દિવ્યાંગજન શૌચાલય સહિતની વિવિધ જરૂરી સુવિધાઓ શામેલ છે.

ચાંદલોડિયા રેલવે સ્ટેશનના પુનઃવિકાસની આ પરિયોજના સ્ટેશનને આધુનિક અને યાત્રી-કેન્દ્રિત પરિવહન કેન્દ્ર તરીકે વિકસાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું છે. નવી સ્ટેશન બિલ્ડીંગ, અપગ્રેડેડ પ્લેટફોર્મ, વિશાળ ફૂટ ઓવર બ્રિજ, હોલ્ડિંગ એરિયા, પાર્કિંગ અને સર્ક્યુલેટિંગ એરિયા, લિફ્ટ, પ્રતીક્ષાલય તથા દિવ્યાંગજન-અનુકૂળ સુવિધાઓના વિકાસથી યાત્રીઓને વધુ સુરક્ષિત, સરળ અને આરામદાયક યાત્રાનો અનુભવ પ્રાપ્ત થશે. પરિયોજના પૂર્ણ થયા પછી ચાંદલોડિયા રેલવે સ્ટેશન વિસ્તારની વધતી યાત્રી જરૂરિયાતોને ઉત્તમ રીતે પૂરી કરવામાં સક્ષમ બનશે.

# દિગ્વેશ રાઠીનો ક્રિકેટના મેદાનમાં ફરી પંગો, પ્રિયાંશને આઉટ કર્યા બાદ પાછળ દોડી કર્યું નોટબૂક સેલિબ્રેશન

નવી દિલ્હી, તા.17

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) માં લખનૌ સુપર જાયન્ટ્સ (LSG) તરફથી રમતો સ્પિનર દિગ્વેશ રાઠી ફરી એક વખત પોતાના વિવાદાસ્પદ 'નોટબુક સેલિબ્રેશન'ને લઈને ભારે ચર્ચામાં આવ્યો છે. દિલ્હી પ્રીમિયર લીગ (DPL) 2026માં પુરાની દિલ્હી 6 અને આઉટર દિલ્હી વોરિયર્સ વચ્ચે રમાયેલા મુકાબલામાં દિગ્વેશે પ્રિયાંશ આર્યને આઉટ કર્યા બાદ એ જ અંદાજમાં સેલિબ્રેશન કર્યું હતું, જેના કારણે ભૂતકાળમાં IPL 2025 દરમિયાન તેના પર દંડ તેમજ પ્રતિબંધ સુધીની કાર્યવાહી કરવામાં આવી હતી.

આ વખતે મામલો વધુ ચર્ચાસ્પદ એટલા માટે બન્યો કારણ કે દિગ્વેશે વિકેટ લીધા બાદ પોતાની ટીમના ખેલાડીઓ સાથે ઉજવણી કરવાને બદલે પેવેલિયન તરફ પરત ફરી રહેલા બેટ્સમેન પ્રિયાંશ આર્યની પાછળ દોટ લગાવી હતી અને તેની એકદમ નજીક પહોંચીને પોતાનું ટ્રેડમાર્ક 'નોટબુક સેલિબ્રેશન' દર્શાવ્યું હતું. હવે જોવાનું એ રહેશે કે DPL પ્રશાસન તેના આ વર્તન સામે કોઈ કડક શિસ્તભંગનાં પગલાં લે છે કે નહીં.

દિગ્વેશ રાઠી અને પ્રિયાંશ આર્ય વચ્ચે આ પ્રકારના સેલિબ્રેશનનો જૂનો ઈતિહાસ રહેલો છે. IPL 2025 દરમિયાન પણ દિગ્વેશે બેટ્સમેનોને આઉટ કર્યા બાદ તેમની ખૂબ નજીક જઈને નોટબુક સેલિબ્રેશન કર્યું હતું. પ્રિયાંશ તેમજ અન્ય બેટ્સમેનો સાથે પણ આવી સ્થિતિ સર્જાઈ હતી. ખેલાડીઓની એકદમ નજીક જઈને આક્રમક રીતે 'સેન્ડ-ઓફ' આપવાના કારણે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) દ્વારા દિગ્વેશ રાઠી સામે શિસ્તભંગના નિયમો હેઠળ



દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી હતી અને તેના પર મેચ ફી કાપવા ઉપરાંત એક મેચનો પ્રતિબંધ પણ મૂકવામાં આવ્યો હતો. આ પ્રતિબંધ બાદ તેણે જમીન પર લખીને ઉજવણી કરવાની નવી રીત અપનાવી હતી, પરંતુ DPLમાં તેનો આ જૂનો આક્રમક અંદાજ ફરી સામે આવ્યો છે.

અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે રમાયેલી આ મેચમાં આઉટર દિલ્હી વોરિયર્સના ઓપનર્સ પ્રિયાંશ આર્ય અને યાજસ શર્માએ શરૂઆતથી જ પુરાની દિલ્હી 6ના બોલરો પર આક્રમણ કર્યું હતું. બંને બેટ્સમેનોએ પાવરપ્લેમાં તોફાની બેટિંગ કરી પ્રથમ વિકેટ માટે વિના વિકેટે 120 રનની મજબૂત ભાગીદારી નોંધાવી દીધી હતી.

આ સ્થિતિમાં પુરાની દિલ્હી 6ના કેપ્ટન અનુજ રાવતે 10મી ઓવરમાં બોલિંગની કમાન દિગ્વેશ રાઠીને સોંપી હતી. દિગ્વેશે પોતાના પહેલા જ બોલ પર મેચનું પાસું પલટવાનો પ્રયાસ કર્યો હતો. તેણે ઑફ-સ્ટમ્પ બહાર બેક-ઓફ-લેન્થ ડિલિવરી ફેંકી, જેના પર પ્રિયાંશ મોટો શોટ રમવા ગયો પરંતુ બોલ યોગ્ય રીતે કનેક્ટ ન થયો અને લોંગ-ઓન પર રોહન રાઠીએ સરળ કેચ ઝડપી લીધો હતો. પ્રિયાંશ 21 બોલમાં 1 ચોગ્ગો અને 2 છગ્ગાની મદદથી 30 રન બનાવી આઉટ થયો હતો. આ વિકેટ પડતાં જ દિગ્વેશે પ્રિયાંશ તરફ દોડીને નોટબુક સેલિબ્રેશન કર્યું હતું.

પ્રિયાંશને આઉટ કર્યા બાદ દિગ્વેશ આટલેથી જ અટક્યો નહોતો. એ જ ઓવરમાં બે બોલ બાદ તેણે વિસ્ફોટક બેટિંગ કરી રહેલા યાજસ શર્માને પણ પેવેલિયનનો રસ્તો બતાવ્યો હતો. યાજસ શર્માએ માત્ર 36 બોલમાં 10 ચોગ્ગા અને 5 છગ્ગા ફટકારીને ઝંઝાવાતી 86 રન બનાવ્યા હતા. દિગ્વેશે પોતાની પ્રથમ ઓવરમાં માત્ર 1 રન આપીને 2 મહત્ત્વપૂર્ણ વિકેટો ઝડપી હતી. ત્યાર બાદ તેમણે વિકેટકીપર ધ્રુવ સિંહને પણ આઉટ કર્યો હતો. દિગ્વેશે પોતાના 4 ઓવરના સ્પેલમાં માત્ર 25 રન આપીને કુલ 3 વિકેટ પોતાના નામે કરી હતી.

શરૂઆતી ઝટકા બાદ પણ આઉટર દિલ્હી વોરિયર્સે અક્ષય સૈની (23 બોલમાં અણનમ 49 રન) અને હર્ષ ત્યાગી (15 બોલમાં 32 રન)ની આક્રમક ઈનિંગ્સની મદદથી 20 ઓવરમાં 5 વિકેટે 219 રનનો વિશાળ સ્કોર ખડક્યો હતો.

220 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી પુરાની દિલ્હી 6 ટીમને આર્યન ગૌડ અને સમર્થ સેઠે તોફાની શરૂઆત અપાવી હતી. બંનેએ 8.4 ઓવરમાં 104 રન જોડી દીધા હતા. જેમાં સમર્થ સેઠે 24 બોલમાં 42 રન અને આર્યન ગૌડે 37 બોલમાં 65 રન ફટકાર્યા હતા. જોકે, મિડલ ઓવર્સમાં નિયમિત અંતરે વિકેટો પડતાં રનચેઝ ધીમો પડી ગયો હતો. આઉટર દિલ્હી તરફથી અમન ચૌધરીએ 4 વિકેટ અને હર્ષ ત્યાગીએ 3 વિકેટ ઝડપીને પુરાની દિલ્હીને 20 ઓવરમાં 198 રન પર રોકી દીધી હતી. પરિણામે, આઉટર દિલ્હી વોરિયર્સે આ હાઈ-સ્કોરિંગ મેચ 21 રને જીતી લીધી હતી અને આ વિજય સાથે ટીમ 11 પોઈન્ટ્સ સાથે પોઈન્ટ્સ ટેબલમાં બીજા સ્થાને પહોંચી ગઈ છે. જોકે, મેચના પરિણામ કરતાં દિગ્વેશ રાઠીનું આ વિવાદાસ્પદ સેલિબ્રેશન ફરી ચર્ચાના કેન્દ્રસ્થાને રહ્યું છે.

## 'ક્યારેક તો અશ્વિન બાદ બેટિંગમાં નંબર આવે...' રવીન્દ્ર જાડેજાનું દર્દ છલકાયું, ટીમ મેનેજમેન્ટ સામે ઊઠાવ્યા સવાલ

નવી દિલ્હી, તા.17

ભારતીય ટીમના અનુભવી ઓલરાઉન્ડર રવીન્દ્ર જાડેજાએ એક મોટું નિવેદન આપીને ક્રિકેટ ફેન્સમાં ચર્ચા જગાવી છે. જાડેજાએ સ્વીકાર્યું છે કે ભારતીય ટીમ મેનેજમેન્ટ મારી બેટિંગ ક્ષમતાનો યોગ્ય રીતે ઉપયોગ કરી શક્યું નહોતું. સતત નીચલા ક્રમે બેટિંગ માટે મોકલવામાં આવતા મારો આત્મવિશ્વાસ ઓછો થઈ ગયો હતો અને મને વિચારવા મજબૂર થવું પડ્યું હતું કે શું ટીમ ઈન્ડિયાને તેમની બેટિંગ પર ખરેખર વિશ્વાસ છે કે નહીં. શ્રીલંકા સામે ગોલ ટેસ્ટ મેચ દરમિયાન વરસાદના કારણે રમત અટકી હતી તે સંજય માંજરેકર સાથે વાત કરતાં જાડેજાએ પોતાના કરિયરના સૌથી મુશ્કેલ તબક્કા વિશે ખુલાસો કર્યો હતો. જાડેજાએ જણાવ્યું હતું કે, રણજી ટ્રોફીમાં હું નંબર 4 પર બેટિંગ કરતો હતો અને ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં મારી બેટિંગ એવરેજ 60થી વધુ હતી. તેમ



છતાં ભારતીય ટીમમાં આવ્યા બાદ મને તે બેટિંગ નંબર મળ્યો નહોતો. જાડેજાએ પોતાના દર્દને વ્યક્ત કરતાં કહ્યું કે, 'ઘણીવાર એવી પરિસ્થિતિ નિર્માણ થતી હતી કે મારે નંબર 8 કે 9 પર બેટિંગ કરવી પડતી હતી. ક્યારેક તો મારે રવિચંદ્રન અશ્વિન બેટિંગમાં જાય તે પછી મારી વારીની રાહ જોવી પડતી, જે મારા માટે ખૂબ મુશ્કેલ પરિસ્થિતિ હતી. ડ્રેસિંગ રૂમમાં પેડ પહેરીને બેઠા હોઈએ અને બાજુમાં કોઈ ફાસ્ટ બોલર બોલ પસંદ કરી રહ્યો હોય, તે જોઈને મારો આત્મવિશ્વાસ તૂટી જતો હતો.' જાડેજાએ વધુમાં ઉમેર્યું કે, 'હું વિચારતો હતો કે શું ટીમને મારા પર ભરોસો નથી? શરૂઆતી દિવસોમાં મને યોગ્ય નંબર ન મળ્યો અને આ બધી બાબતોએ મને અંદરથી હેરાન કર્યો હતો.' જોકે, સમય જતાં જાડેજાએ ટેસ્ટ ક્રિકેટમાં લાંબી ઈનિંગ્સ રમવા માટે જરૂરી ધીરજ અને આત્મવિશ્વાસ કેળવી લીધો હતો અને આજે ભારતના શ્રેષ્ઠ ઓલરાઉન્ડરોમાં સ્થાન ધરાવે છે.

## 'કંઈક તો ગરબડ છે...', શ્રીલંકા ટેસ્ટ વચ્ચે ગાવસ્કરે ભારતીય ક્રિકેટની એક મોટી ચિંતા તરફ ધ્યાન દોર્યું

નવી દિલ્હી, તા.17

શ્રીલંકા સામે ચાલી રહેલી ટેસ્ટ શ્રેણી વચ્ચે ભારતીય ટીમના ખેલાડીઓની વારંવારની ઈજાઓને લઈને ગંભીર સવાલો ઊભા થયા છે. જસપ્રીત બુમરાહ, હાર્દિક પંડ્યા, સાઈ સુદર્શન અને હર્ષિત રાણા જેવા મહત્ત્વપૂર્ણ ખેલાડીઓ વારંવાર ઈજાગ્રસ્ત થઈને મેદાનની બહાર થઈ રહ્યા છે. મેદાન પર પુનરાગમન કર્યાના થોડા જ સમયમાં ખેલાડીઓ ફરી ઈજાગ્રસ્ત થતાં ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના 'સેન્ટર ઓફ એક્સેલન્સ' (CoE) પર પણ દબાણ વધ્યું છે. આ મુદ્દે ભારતીય ક્રિકેટના મહાન બેટ્સમેન સુનીલ ગાવસ્કરે મોટું નિવેદન આપ્યું છે. તેમણે



CoEનો બચાવ કરતાં જણાવ્યું છે કે ખામી સંસ્થાના ફિઝિયોમાં નહીં, પરંતુ ખેલાડીઓની ટ્રેનિંગ પદ્ધતિમાં હોઈ શકે છે. ગાવસ્કરે ભારપૂર્વક કહ્યું કે ખેલાડીઓએ માત્ર 'જિમ-ફિટ' બનવાના બદલે 'મેચ-ફિટ' બનવું વધુ જરૂરી છે. 'બુમરાહને ઘૂંટણની ઈજા છે, પરંતુ મોટાભાગના ભારતીય ખેલાડીઓ વારંવાર હેમસ્ટ્રિંગની ઈજાથી પરેશાન રહે છે. સ્પષ્ટ છે કે ખેલાડીઓની ટ્રેનિંગમાં કંઈક ગરબડ છે, અને તેથી જ તેમને વારંવાર આવી ઈજાઓ થઈ રહી છે.' તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, 'જ્યારે ખેલાડીઓ ભારત માટે મેદાનમાં રમતા હોય છે ત્યારે આ ઈજાઓ થાય છે, પરંતુ દુ:ખની વાત એ છે કે તેનો સંપૂર્ણ દોષ BCCIના સેન્ટર ઓફ એક્સેલન્સના ફિઝિયો પર ઢોળી દેવામાં આવે છે.' ગાવસ્કરે ખેલાડીઓને ફિટ જાહેર કરતાં પહેલાં જે આધુનિક પદ્ધતિઓ અને ટ્રેનિંગમાંથી પસાર કરવામાં આવે છે તેના પર આકરા સવાલો ઉઠાવ્યા છે. તેમણે જણાવ્યું કે: બાયોમિકેનિક્સની શંકાસ્પદ ભૂમિકા: તથાકથિત બાયોમિકેનિક્સ પદ્ધતિ હેઠળ નેટ્સમાં બોલરોને મર્યાદિત બોલિંગ કરાવવાની પદ્ધતિ શંકાસ્પદ છે. નેટ્સમાં ઓછી બોલિંગની મર્યાદા: IPL દરમિયાન પણ એવું જોવા મળ્યું છે કે કેટલાક વિદેશી ફિઝિયો બોલરોને પ્રેક્ટિસ નેટ્સમાં 20થી વધુ બોલ ફેંકવા દેતા નથી.મેચના વાસ્તવિક ભારણ સામે પ્રશ્ન: જો કોઈ બોલરે T20 મેચમાં ઓછામાં ઓછા 24 બોલ (નો-બોલ અને વાઈડ ગણ્યા વિના) નાખવાના હોય, તો પ્રેક્ટિસ નેટ્સમાં તેનાથી પણ ઓછા બોલ ફેંકવાથી મેદાન પર શું ફાયદો થશે? ગાવસ્કરે સ્પષ્ટતા કરતાં કહ્યું, 'ખેલાડીઓ વારંવાર શા માટે ઈજાગ્રસ્ત થઈ રહ્યા છે તે બાબતે ગંભીરતાથી વિચારણા કરવાની જરૂર છે. જિમ-ફિટ હોવા કરતાં મેચ-ફિટ હોવું ઘણું વધારે મહત્ત્વનું છે.

## ગોવિંદા-સુનિતાના વિવાદમાં સલમાનની Exની એન્ટ્રી, 'દીકરીની ઉંમરની હીરોઈન' વાળા મેણાં પર આપ્યો જવાબ

મુંબઈ, તા.17

૯૦ના દાયકાના સુપરસ્ટાર ગોવિંદા અને તેમના પત્ની સુનીતા આહૂજા વચ્ચેનો વિવાદ ફરી એકવાર વકર્યો છે. સુનીતા અવારનવાર જાહેર મંચ પરથી પતિના એક્સ્ટ્રા મેરિટલ અફેર્સ અને તેમની કરતાં નાની ઉંમરની અભિનેત્રીઓ સાથે કામ કરવા અંગે સવાલો ઉઠાવી રહ્યા છે. સુનીતાએ અનેક વખત ગોવિંદા પર આકરા પ્રહારો કર્યા હતા, જે બાદ વળતો પ્રહાર કરતા ગોવિંદાએ પણ સુનીતાને પોતાની મર્યાદામાં રહેવા જણાવ્યું હતું. હવે ગોવિંદાના ચારિત્ર્ય સામે સવાલો ઊભા થતાં સલમાન ખાનની એક્સ ગર્લફ્રેન્ડ સોમી અલી તેમના સપોર્ટમાં આગળ આવી છે.

સોમી અલીએ પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર ગોવિંદા સાથેના પોતાના અનેક થ્રોબેક ફોટોઝનો એક કોલાજ શેર કર્યો છે. આ સાથે જ તેણે ગોવિંદાના સપોર્ટમાં એક લાંબી પોસ્ટ પણ લખી છે. ગોવિંદાની પ્રશંસા કરતા સોમી અલીએ લખ્યું કે, 'હું અહીં મારો પક્ષ મૂકી રહી છું, કારણ કે બીજું કોઈ આમ નહીં કરે. લોકો જરૂરિયાતના સમયે સમર્થન નથી આપતા. હું ગોવિંદાને પર્સનલી અને પ્રોફેશનલી બંને રીતે જાણું છું, તેથી હું તેમના વિશે બંને પાસાઓને ધ્યાનમાં રાખીને વાત કરી શકું છું.'

સોમી અલીએ આગળ કહ્યું કે, ચીચી હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના સૌથી મહાન અને ટેલેન્ટેડ સ્ટારમાંથી એક છે. ઈન્ડસ્ટ્રીમાં વિતાવેલા મારા સમય દરમિયાન હું જેટલા પણ કલાકારોને મળી છું, તેમાં ગોવિંદા સૌથી નમ્ર અભિનેતાઓ પૈકીના એક છે. હું ચીચી અને સુનીતા



બંનેનું ખૂબ સન્માન કરું છું. જોકે, કોઈ કલાકાર પોતાની કરતાં નાની ઉંમરની અભિનેત્રી સાથે રોલ સ્વીકારે તેમાં ઉંમર સાથે જોડાયેલો કોઈ ભેદભાવ હોવો જોઈએ નહીં. ટેલેન્ટની કોઈ એક્સપાયરી ડેટ નથી હોતી.' સોમી વધુમાં કહ્યું કે, 'એવા સમયે જ્યારે કામ મળવું મુશ્કેલ હોય ત્યારે કામ કરતા રહેવાનો વિકલ્પ પસંદ કરવો એ સન્માનની વાત છે. એમાં ખોટું માનવા જેવું કંઈ નથી. કોઈપણ એક્ટરની કાબિલિયત તેની ઉંમર કે તેની કો-સ્ટારની ઉંમરથી નક્કી નથી થતી. તે તેના ટેલેન્ટ, પ્રોફેશનલિઝમ અને આગળ વધતા રહેવાની ઈચ્છાશક્તિથી નક્કી થાય છે. જ્યારે દરવાજા ખોલવા મુશ્કેલ બની ગયા હોય, ત્યારે કામ કરવાની તક મળે તો તેનો જશ્ન મનાવવો જોઈએ. દરેક એક્ટર એ સાબિત કરવાની તક મેળવવાનો હકદાર છે કે તેની પાસે હજુ પણ આપવા માટે ઘણું બધું છે. જે વ્યક્તિ માત્ર પોતાનું મનપસંદ કામ ચાલુ રાખવાનો પ્રયાસ કરી રહી હોય, તેની સામે ઉંમરને હથિયાર તરીકે ઉપયોગ ન કરવો જોઈએ.

ગોવિંદાના વખાણ કરતા સોમી અલીએ કહ્યું કે, 'કદાચ કોઈ અભિનેતા માટે સૌથી પ્રશંસનીય બાબત એ છે કે તે એવા સમયે પણ હાર નથી માની રહ્યો, જ્યારે ઈન્ડસ્ટ્રી કે અન્ય લોકો તેને એવું કહેવા લાગે કે તે હવે ઘરડો થઈ ગયો છે.' ગોવિંદા માટે સોમી અલીની આ પ્રેરણાદાયી પોસ્ટ સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ ગઈ છે. ફેન્સ સોમી અલીના વખાણ કરી રહ્યા છે.

તમને જણાવી દઈએ કે, ગોવિંદા પોતાની કમબેક ફિલ્મ 'રૂપા'માં એક્ટ્રેસ કોમલ રાની સ્વર્ણકાર સાથે નજર આવશે. કોમલ ઉંમરમાં ગોવિંદા કરતાં ઘણી નાની છે. છેલ્લા દિવસોમાં કોમલ એરપોર્ટ પર ગોવિંદા સાથે જોવા મળી હતી, જે બાદ પત્ની સુનીતા આહૂજાએ મીડિયા સાથેની વાચીતમાં ગોવિંદાને ખરીખોટી સંભળાવી હતી. સુનીતાએ કહ્યું હતું કે, ગોવિંદા દીકરીની ઉંમરની છોકરી સાથે ફરી રહ્યા છે. આ સાથે જ સુનીતાએ કોમલના ડ્રેસિંગ સેન્સની પણ મજાક ઉડાવી હતી.

ગોવિંદાએ પણ પત્નીના આરોપોનો કડક શબ્દોમાં જવાબ આપ્યો હતો. તેમણે સુનીતાને મર્યાદામાં રહેવા કહ્યું. ગોવિંદાએ કહ્યું કે, હું માત્ર મારું કામ કરી રહ્યો છું અને સુનીતા તેને બદનામ કરી રહી છે.

## 'આવારાપન-ટુ'ની સફળતાને પગલે જન્નત થ્રીની તૈયારી શરૂ




મુંબઈ, તા.17


ઈમરાન હાશમીની 'આવારાપન ટુ' બોક્સ ઓફિસ ખાતે ભારે સફળ થતા નિર્માતા વિશેષ ભટ્ટે 'જન્નત ૩' પર કામ શરૂ કરી દીધુ છે. આ ત્રીજો ભાગ સફળ જન્નત ફ્રેન્ચાઈઝીમાં ઈમરાન હાશમીની અગાઉની ફિલ્મોને આગળ વધારશે જેની પટકથા હજી તૈયાર થઈ રહી છે. વિશેષ ભટ્ટે માહિતી આપી કે 'આવારાપન ટુ' પછી 'જન્નત ૩' તેનો આગામી પ્રોજેક્ટ રહેશે. તેમણે સ્ક્રિપ્ટ પર કામ ચાલુ હોવાનું જણાવ્યું છે, જો કે તેને હજી ફાઈનલ નથી કરવામાં આવી. આ ફ્રેન્ચાઈસી ૨૦૦૮માં હાશ્મીના અર્જુન દીક્ષિત અને સોનલ ચૌહાનના ઝોયાના રોલ સાથે શરૂ થઈ હતી જેના પછી ૨૦૧૨માં 'જન્નત ટુ' રજૂ થઈ હતી. નિર્માતાએ 'આવારાપન ટુ'નો બચાવ કરતા કહ્યુ કે તેમણે માત્ર પૈસા કમાવવા આ ફિલ્મ નહોતી બનાવી. શરૂઆતમાં વિતરકોએ તેમાં રસ દાખવ્યો હતો, જેના કારણે સર્જકોએ પોતાના નાણાનું રોકાણ કર્યું હતું. તેમણે 'બટવારા ૧૯૪૭' સાથે તેની સ્પર્ધાની વાતને ફગાવી દેતા કહ્યું કે બંને ફિલ્મો અલગ પ્રકારના દર્શકોને ટારગેટ કરે છે. અને અલગ અલગ કન્ટેન્ટ બોક્સ ઓફિસ પર એક સાથે સફળ થઈ શકે છે.

## ભયાનક રહસ્યોથી ભરેલી 'વેરિટી' ધમાકા માટે તૈયાર

મુંબઈ, તા.17

હોલીવુડની અભિનેત્રીઓ ડાકોટા જોહ્ન્સન અને એન હેથવે અભિનીત મનોવૈજ્ઞાનિક થ્રિલર ફિલ્મ, 'વેરિટી'નું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. ટ્રેલરમાં સસ્પેન્સ, ડર અને ઘણાં રહસ્યો દર્શાવવામાં આવ્યાં છે. ફિલ્મ માટે ચાહકોમાં એ ઉત્સાહ વધારશે. ડાકોટા જ્હોન્સન, એન હેથવે અને જોશ હાર્ટનેટ મુખ્ય ભૂમિકામાં છે. આ ફિલ્મ સંઘર્ષશીલ લેખક લોવેન એશ્લેની આસપાસ ફરે છે, જે ડાકોટા જ્હોન્સન દ્વારા ભજવવામાં આવી છે. લોવેનને પ્રખ્યાત લેખક 'વેરિટી' ક્રોફોર્ડનાં અધૂરાં પુસ્તકો પૂર્ણ કરવાનું કામ સોંપવામાં આવ્યું છે, જે એક અકસ્માતમાં ઘાયલ થઈ હતી.

આ કાર્ય પૂર્ણ કરવા માટે, લોવેન 'વેરિટી'ના ઘરે પહોંચે છે અને તેના પરિવાર વિશે ચોંકાવનારાં રહસ્યો ધરાવતાં પુસ્તકો શોધે છે. આ રહસ્યોમાં તેના પતિ, જેરેમી ક્રોફોર્ડ અને




પરિવારના અન્ય સભ્યો વિશે ઘણી ભયાનક વિગતો સામેલ છે.


લોવેન 'વેરિટી'નાં લખાણો વાંચતી વખતે, તેને તેના પરિવાર વિશે એવી વસ્તુઓ મળે છે જેની તેણીએ ક્યારેય કલ્પના પણ નહોતી કરી. આ રહસ્યોનો ખુલાસો તેના ડરને વધુ ગાઢ બનાવે છે. લોવેન આ રહસ્યોનો સામનો કેવી રીતે કરશે અને 'વેરિટી'ની વાર્તા પાછળનું સાચું સત્ય શું છે તે ફિલ્મ જોયા પછી જ જાણવા મળશે.

જોશ હાર્ટનેટ પણ આ ફિલ્મમાં ડાકોટા જોહ્ન્સન અને એન હેથવે સાથે મુખ્ય ભૂમિકા ભજવે છે. ટ્રેલરમાં તેની એક ઝલક પણ જોવા મળે છે. એન હેથવે 'વેરિટી' ક્રોફોર્ડનું પાત્ર ભજવશે, અને જોશ હાર્ટનેટ તેના પતિ જેરેમી ક્રોફોર્ડનું પાત્ર ભજવશે. 'વેરિટી'નું દિગ્દર્શન માઈકલ શોવાલ્ટર દ્વારા કરવામાં આવ્યું છે, જેમણે અગાઉ 'ધ બિગ સિક' અને 'સ્પોઈલર એલર્ટ' જેવી ફિલ્મોનું દિગ્દર્શન કર્યું છે. આ ફિલ્મ એક મનોવૈજ્ઞાનિક થ્રિલર તરીકે ઓળખાય છે, જેમાં રહસ્ય અને સસ્પેન્સ વાર્તાનો મુખ્ય ભાગ ભજવે છે. ડાકોટા જોહ્ન્સન અને એન હેથવેની વાર્તા, "'વેરિટી'," અમેરિકન લેખક કોલીન હૂવરની આ જ નામની લોકપ્રિય નવલકથા પર આધારિત છે. 2018માં પ્રકાશિત, આ નવલકથા તેની સસ્પેન્સફુલ વાર્તા માટે અત્યંત લોકપ્રિય રહી છે. જેની આતુરતાપૂર્વક રાહ જોવાઈ રહી છે એ ફિલ્મ ''વેરિટી'' આગામી બીજી ઓક્ટોબરે સિનેમાઘરોમાં રિલીઝ થઈ રહી છે. ટ્રેલર પછી, દર્શકો 'વેરિટી'નાં ઘર અને તેનાં પુસ્તકોમાં છુપાયેલાં ભયાનક રહસ્યો વિશે સંપૂર્ણ સત્ય જાણવા માટે ફિલ્મની રિલીઝની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

## ફિલ્મો માટે લગ્નનો ત્યાગ: ત્રિશાએ સગાઈ તોડી એક્ટિંગ પસંદ કરી

મુંબઈ, તા.17

જ્યારથી તમિલનાડુ રાજ્યમાં મોટી રાજકીય ઉથલપાથલ સાથે અભિનેતા થલાપતિ વિજયની સરકાર સત્તામાં આવી છે ત્યારથી દક્ષિણ ભારતીય અભિનેત્રી ત્રિશા કૃષ્ણનનું નામ ગાજતું થયું છે. થલાપતિ વિજયે મુખ્ય મંત્રી ત્યારે શપથ લીધા ત્યારે યોજાયેલા જાજરમાન સમારોહમાં આ ત્રિશા વિજયનાં માતુશ્રીની સાથે ખૂબ ઉમંગભેર જોડાઈ હતી. વિજય સાથેના તેના સંબંધો છેલ્લા કટલાક સમયથી દક્ષિણી ફિલ્મી જગત અને તમિલનાડુના રાજકારણમાં બહુચર્ચિત થયેલા છે. વિજયની જેમ ત્રિશા સફળ કલાકાર નથી, પણ વિજયની આંગળી પકડીને એ આજકાલ ઘણી લાઈટમાં દેખાઈ રહી છે. અવારનવાર ત્રિશાની નિજી



જિંદગીની અવનવી વાતો બહાર આવી રહી છે ને લોકોને એમાં સ્વાભાવિક રસ પણ પડી રહ્યો છે.

થલાપતિ વિજયની સાથે ત્રિસાનું નામ જોડાયું એના ઘણા સમય પહેલાં ચેન્નાઈના એક જાણીતા ઉદ્યોગપતિ વરુણ મનિયન સાથે એનું નામ જોડાયું હતું. 2015 માં ત્રિશાએ વરુણ સાથે સગાઈની જાહેરાત કરીને બધા ચાહકોને આશ્ચર્યચકિત કરી દીધા હતા, પરંતુ ટૂંક સમયમાં જ આ સંબંધ નાટકીયઢબે ફંટાઈ ગયા હતા.

ત્રિશા અને વરુણ ક્યારે અને ક્યાં મળ્યા તે અંગે ચોક્કસ વિગતો અસ્પષ્ટ છે, પરંતુ કેટલાક અહેવાલો સૂચવે છે કે તેઓએ સારી મિત્રતા વિકસાવી હતી. ત્યારબાદ તેઓએ ડેટિંગ કરવાનું શરૂ કર્યું અને સંબંધ આગળ વધારવાનું નક્કી કર્યું. વરુણ ચેન્નાઈ સ્થિત એક ઉદ્યોગપતિ છે, જે રિયલ એસ્ટેટ અને ફિલ્મ નિર્માણનો વ્યવસાય કરે છે. તે સમયે, ત્રિશા પહેલેથી જ તમિલ અને તેલુગુ સિનેમામાં એક સ્થાપિત અને સફળ અભિનેત્રી હતી.

૨૦૧૪ ના છેલ્લા મહિનાઓમાં, ત્રિશા અને વરુણના સંબંધોવી વાતો બહાર આવવા લાગી. ત્યારબાદ, ૯ જાન્યુઆરી, ૨૦૧૫ ના રોજ ત્રિશાએ પોતે તેમની સગાઈની તારીખ જાહેર કરી. ૨૩ જાન્યુઆરી, ૨૦૧૫ ના રોજ, બંનેએ પોતપોતાના પરિવારોની હાજરીમાં એક ખાનગી સમારોહમાં સગાઈ કરી. સગાઈ પછી, ત્રિશાએ સ્પષ્ટ કર્યું કે તે અભિનય ચાલુ રાખશે. તે નવા પ્રોજેક્ટ્સ પર હસ્તાક્ષર કરવા તૈયાર છે.

સગાઈના થોડા મહિનામાં જ ગરબડો થવા લાગી. મે ૨૦૧૫ માં તેમના અલગ થવાના સમાચાર આવવા લાગ્યા. ત્રિશાએ પોતે સોશિયલ મીડિયા પર પુષ્ટિ કરી કે એ અને વરુણ અલગ થઈ રહ્યા છે. બાદમાં, એક ઈન્ટરવ્યુમાં, ત્રિશાએ પોતાની સગાઈ તોડવાનું સાચું કારણ જાહેર કર્યું અને કહ્યું કે જે પુરુષ સાથે તે લગ્ન કરવાની હતી તેણે તેને અભિનય છોડી દેવાનું કહ્યું હતું. સગાઈ તૂટવા પાછળનું આ કારણ માનવામાં આવે છે. ત્રિશા વરુણ સાથે લગ્ન કર્યા પછી પણ અભિનય ચાલુ રાખવા માગતી હતી અને કહે છે કે વરુણ તેને લગ્ન બાદ અભિનય ક્ષેત્ર છોડી દેવા કહ્યું હતું. બંને વચ્ચે આ મામલે ડખો થયો હતો.

ત્રિશાએ સ્પષ્ટતા કરી કે તેણે ફિલ્મો ખાતર પોતાની સગાઈ તોડવાનું નક્કી કર્યું. તેનું વલણ એવું છે કે એ તેના છેલ્લા શ્વાસ સુધી અભિનય કરવા માગે છે.

# બેંકિંગ સુધારા માટે જલદી બનશે હાઈ-લેવલ કમિટી: નાણા મંત્રીએ કહ્યું- બેંકોનું NPA સૌથી નીચલા સ્તરે, વિકસિત ભારત લક્ષ્ય પર ફોકસ

નવી દિલ્હી, તા.17



કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણે નવી દિલ્હી ખાતે દેશની જાહેર ક્ષેત્રની બેંકોના વડાઓ અને આર્થિક નિષ્ણાતોની હાજરીમાં આયોજિત બે દિવસીય પબ્લિક સેક્ટર બેંક (PSB) કોન્ફ્લુઅન્સ ૨૦૨૬ના ઉદ્ઘાટન દિવસે જ દેશના સમગ્ર બેંકિંગ ક્ષેત્રમાં ક્રાંતિકારી અને વ્યાપક સુધારા લાવવાના હેતુથી એક અત્યંત મહત્વપૂર્ણ ઉચ્ચ સ્તરીય સમિતિ (હાઈ-લેવલ કમિટી)ની ટૂંક સમયમાં જાહેરાત કરવાની ઐતિહાસિક ઘોષણા કરી છે. નાણા મંત્રાલયના અત્યંત વિશ્વસનીય સૂત્રોના જણાવ્યા અનુસાર, આ સુધારાવાદી કમિટીની ઔપચારિક સ્થાપના અને તેના સભ્યોની પસંદગીની પ્રક્રિયા ચાલુ ઓગસ્ટ મહિનાના અંત સુધીમાં જ પૂર્ણ કરી લેવામાં આવશે, જેથી બિનજરૂરી વિલંબ વિના આગળનું કાર્ય શરૂ કરી શકાય.

ઉલ્લેખનીય છે કે આ પ્રકારની વિશેષ હાઈ-લેવલ કમિટી ગઠિત કરવાનો મૂળ પ્રસ્તાવ સૌથી પહેલાં કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭ રજૂ કરતી વખતે જ દેશ સમક્ષ મૂકવામાં આવ્યો હતો. ભારતને આર્થિક રીતે મહાસત્તા બનાવવા અને 'વિકસિત ભારત'ના સ્વપ્નને સાકાર કરવા માટે બેંકિંગ ક્ષેત્રે કયા નિર્ણાયક અને સુધારાવાદી પગલાં લેવા અનિવાર્ય છે, તેનું ઘન અભ્યાસપૂર્વક મૂલ્યાંકન કરવું અને દેશના ઝડપી આર્થિક વિકાસના લક્ષ્યો સાથે ભારતીય બેંકિંગ સિસ્ટમને વધુ સુસંગત, આધુનિક તેમજ સુદ્રઢ બનાવવી એ આ સમિતિની મુખ્ય જવાબદારી અને પ્રાથમિક ઉદ્દેશ્ય રહેશે.

પોતાના સંબોધન દરમિયાન નાણા મંત્રીએ ખૂબ જ ભારપૂર્વક અને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે આ કમિટી ખાસ કરીને વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને એક સંપૂર્ણ વિકસિત રાષ્ટ્ર બનાવવાના મહત્વાકાંક્ષી લક્ષ્યમાં બેંકોની સક્રિય ભૂમિકા અને યોગદાન પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરશે. તેમણે ઉપસ્થિત બેંકર્સને સંબોધતા કહ્યું કે વર્ષ ૨૦૪૭ હવે બહુ દૂર નથી, તેથી બેંકોએ ભવિષ્યની જટિલ અને મોટા પાયાની આર્થિક જરૂરિયાતોને પહોંચી વળવા માટે અત્યારથી જ અત્યાધુનિક તકનીકો અને ટકાઉ નીતિઓ સાથે સજ્જ થવું અનિવાર્ય બની ગયું છે.

દેશની વર્તમાન બેંકિંગ વ્યવસ્થામાં આવેલા સકારાત્મક અને આશાસ્પદ પરિવર્તનોનો ઉલ્લેખ કરતા સીતારમણે ઉમેર્યું કે છેલ્લા કેટલાક વર્ષોના સતત પ્રયાસોના પરિણામે હાલમાં બેંકોની નોન-પર્ફોર્મિંગ એસેટ્સ એટલે કે એનપીએ (ખરાબ લોન) નું સ્તર અત્યાર સુધીના સૌથી નીચલા તળિયે પહોંચી ગયું છે. બેંકોની એસેટ ક્વોલિટી અને સંપત્તિની ગુણવત્તામાં આ પ્રકારે નોંધપાત્ર સુધારો થયો હોવાથી ભારતીય બેંકો હવે વૈશ્વિક સ્તરના નવા અને ક્રાંતિકારી બેંકિંગ સુધારાઓને વિના સંકોચે અપનાવવા માટે પહેલા કરતાં ક્યાંય વધુ સક્ષમ, સજ્જ અને શ્રેષ્ઠ નાણાકીય સ્થિતિમાં છે. આ સાથે જ તેમણે સમગ્ર બેંકિંગ સમુદાયને ખાતરી આપી હતી કે કમિટી પોતાનો વ્યાપક રિપોર્ટ સરકારને સુપરત કરશે કે તરત જ સરકાર તેમાં આપેલી ભલામણોનો ઝડપથી અને ત્વરિત અમલ કરવાનું શરૂ કરી દેશે.

સરકારી બેંકોની નાણાકીય મજબૂતી અને કાયાકલ્પનો સચોટ પુરાવો તેમના તાજેતરમાં જાહેર થયેલા રેકોર્ડબ્રેક નફાના આંકડાઓ પૂરો પાડે છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ (FY26) દરમિયાન દેશની તમામ પબ્લિક સેક્ટરની બેંકોએ સંયુક્ત રીતે ૧.૯૮ લાખ કરોડ રૂપિયાથી પણ વધુનો ઓલ-ટાઈમ હાઈ ચોખ્ખો નફો નોંધાવીને એક નવો ઈતિહાસ રચ્યો છે. આ અભૂતપૂર્વ અને મજબૂત નાણાકીય પાયાના જોરે જ સરકાર હવે બેંકિંગ સેક્ટરમાં વધુ મોટા, દીર્ઘદ્રષ્ટિપૂર્ણ અને ભવિષ્યલક્ષી સુધારાઓ અમલમાં મૂકવા તરફ આગળ વધી રહી છે.

ભારત સરકારે દેશની સ્વતંત્રતાના ૧૦૦ વર્ષ પૂરા થાય ત્યારે એટલે કે ૨૦૪૭ સુધીમાં ભારતને દરેક ક્ષેત્રે એક સમૃદ્ધ અને વિકસિત રાષ્ટ્ર બનાવવાનો એક દ્રઢ સંકલ્પ કર્યો છે. આ ભવ્ય વિઝનને વાસ્તવિકતામાં બદલવા માટે દેશનું પાયાનું માળખું (ઈન્ફ્રાસ્ટ્રક્ચર) અને નાણાકીય પ્રણાલી અત્યંત સશક્ત અને પારદર્શી હોવી જરૂરી છે. આ સંદર્ભમાં બેંકો માટે પોતાની એનપીએને ન્યૂનતમ સ્તરે રાખવી ખૂબ જ આવશ્યક છે, કારણ કે જ્યારે કોઈ પણ ધિરાણ કે લોનનું મૂળધન અથવા વ્યાજ સળંગ ૯૦ દિવસ સુધી બેંકમાં પરત ન આવે ત્યારે તેને એનપીએ ગણવામાં આવે છે. બેંકોની એનપીએમાં થતો ઘટાડો એ દેશની આર્થિક સુખાકારી અને મજબૂત નાણાકીય આરોગ્યનું સૌથી મોટું સાબિતી-પ્રતીક છે.

# સોનું ₹1,703 વધીને ₹1.54 લાખ પર પહોંચ્યું: આ મહિને સોનું ₹11 હજાર મોંઘું થયું, ચાંદી 2,531 વધીને ₹2.36 લાખ પ્રતિ કિલો થઈ

મુંબઈ, તા.17

૧૭ ઓગસ્ટના રોજ સ્થાનિક બુલિયન માર્કેટમાં સોના અને ચાંદી બંનેના ભાવમાં તીવ્ર ઉછાળો નોંધાયો હતો. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનના આંકડા અનુસાર, દસ ગ્રામ ચોખ્ખા ૨૪ કેરેટ સોનાની કિંમતમાં ૧,૭૦૩ રૂપિયાનો વધારો થતાં તેનો ભાવ ૧.૫૪ લાખ રૂપિયાની ઊંચી સપાટીએ પહોંચી ગયો હતો. તેની સાથે કીમતી ધાતુ ચાંદીમાં પણ મોટી તેજી જોવા મળી હતી. એક કિલોગ્રામ ચાંદીના ભાવમાં ૨,૫૩૧ રૂપિયાનો વધારો નોંધાતાં તેનો ભાવ ૨.૩૬ લાખ રૂપિયાના સ્તરે પહોંચી ગયો હતો. ઓગસ્ટ મહિનાના માત્ર ૧૭ દિવસના ગાળામાં જ સોનાના ભાવમાં ૧૧ હજાર રૂપિયા અને ચાંદીના ભાવમાં ૧૮ હજાર રૂપિયાનો મજબૂત વધારો જોવા મળ્યો છે.



ચાલુ વર્ષ ૨૦૨૬માં સોના અને ચાંદીના ભાવમાં સતત મોટા ઉતાર-ચઢાવ અને તેજીનો માહોલ રહ્યો છે. આ વર્ષે અત્યાર સુધીમાં સોનાની કિંમતમાં ૨૧ હજાર રૂપિયાનો તોતિંગ વધારો થયો છે. ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ દસ ગ્રામ સોનાનો ભાવ ૧.૩૩ લાખ રૂપિયા હતો, જે હવે વધીને ૧.૫૪ લાખ રૂપિયા થઈ ગયો છે. ચાંદીના ભાવમાં પણ આ સમયગાળા દરમિયાન ૬ હજાર રૂપિયાનો સુધારો નોંધાયો છે. ગયા વર્ષના અંતે ૩૧ ડિસેમ્બરે ચાંદી પ્રતિ કિલો ૨.૩૦ લાખ રૂપિયાના સ્તરે હતી, જે હાલ ૨.૩૬ લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે. નોંધનીય છે કે આ વર્ષે ૨૯ જાન્યુઆરીના રોજ સોનું ૧.૭૬ લાખ રૂપિયા અને ચાંદી ૩.૮૬ લાખ રૂપિયાની ઓલટાઈમ હાઈ સપાટીએ સ્પર્શી ગયા હતા.

બજારના નિષ્ણાત અને કોમોડિટી એક્સપર્ટ અજય કેડિયાના જણાવ્યા અનુસાર, સોના અને ચાંદીના ભાવ પોતાના રેકોર્ડ સ્તરથી અત્યારે ઘટીને નીચે આવ્યા હોવાથી રોકાણકારો માટે આ રોકાણ કરવાની સારી તક બની શકે છે. જોકે તેમણે રોકાણકારોને એકસાથે મોટી રકમ રોકવાને બદલે ધીમે ધીમે રોકાણ કરવાની સલાહ આપી છે. તેમના અંદાજ મુજબ આ વર્ષના અંત સુધીમાં સોનાનો ભાવ ફરી એકવાર ૧.૬૦ લાખ રૂપિયા અને ચાંદીનો ભાવ ૨.૮૦ લાખ રૂપિયાની સપાટી વટાવી શકે છે.

જ્વેલર્સ પાસેથી સોનાના દાગીના કે સિક્કા ખરીદતી વખતે ગ્રાહકોએ ખાસ સાવચેતી રાખવી જરૂરી છે. હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ દ્વારા પ્રમાણિત હોલમાર્ક વાળું સર્ટિફાઈડ સોનું જ ખરીદવું જોઈએ, જેમાં છ આંકડાનો વિશિષ્ટ આલ્ફાન્યુમેરિક હોલમાર્ક કોડ હોય છે જે સોનાની શુદ્ધતા અને કેરેટ દર્શાવે છે. આ ઉપરાંત સોનું ખરીદતી વખતે તે દિવસે તેના સાચા વજન અને ચોક્કસ કેરેટ મુજબના ભાવને ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન જેવી સત્તાવાર વેબસાઈટ પરથી ચકાસી લેવા જોઈએ.

અસલી ચાંદીની ઓળખ કરવા માટે પણ કેટલીક સરળ રીતો છે. ચાંદી પર બરફ મૂકવાથી જો તે ખૂબ જ ઝડપથી પીગળવા લાગે તો તે અસલી ચાંદી હોવાની નિશાની છે, કારણ કે ચાંદી ઉષ્માની ઉત્તમ વાહક છે. અસલી ચાંદી ક્યારેય ચુંબક સાથે ચોંટતી નથી અને તેમાં તાંબા જેવી કોઈ દુર્ગંધ પણ આવતી નથી. ચાંદીની અસલિયત ચકાસવા માટે તેને સફેદ સ્વચ્છ કપડાથી ઘસવાથી જો કપડા પર કાળો ડાઘ પડે તો તે ધાતુની શુદ્ધતા સાબિત કરે છે.

# સેન્સેક્સ 280 પોઈન્ટ ઘટીને 77,728 પર બંધ: નિફ્ટી પણ 78 પોઈન્ટ ઘટ્યો, IT અને FMCG શેરોમાં સૌથી વધુ વેચવાલી

મુંબઈ, તા.17



૧૭ ઓગસ્ટના રોજ ભારતીય શેરબજારમાં ભારે વેચવાલી વચ્ચે નરમ વાતાવરણ જોવા મળ્યું હતું. સમગ્ર દિવસ દરમિયાન બજારમાં મંદીવાળાઓનું જોર વધારે રહ્યું હતું, જેના કારણે મુખ્ય ઈન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટી બંને લાલ નિશાનમાં બંધ થયા હતા. વિશેષ કરીને આઈટી અને એફએમસીજી ક્ષેત્રના શેરોમાં રોકાણકારો દ્વારા મોટા પાયે વેચવાલી કરવામાં આવતા બજાર પર ભારે દબાણ સર્જાયું હતું. દિવસના કારોબારના અંતે સેન્સેક્સ ૨૮૦ પોઈન્ટનો નોંધપાત્ર ઘટાડો દર્શાવીને ૭૭,૭૨૮ના સ્તરે પહોંચી ગયો હતો. તેની સાથે સાથે નિફ્ટીમાં પણ લગભગ ૭૮ પોઈન્ટનું ગાબડું પડ્યું હતું અને તે ૨૪,૨૮૭ના સ્તરે બંધ રહ્યો હતો. આ ઘટાડાથી રોકાણકારોના સેન્ટિમેન્ટ પર નકારાત્મક અસર પડી હતી.

આ અગાઉના કારોબારી દિવસે એટલે કે શુક્રવાર, ૧૪ ઓગસ્ટે પણ ભારતીય શેરબજારમાં સુસ્તી જ સવાયેલી રહી હતી. તે દિવસે સેન્સેક્સ ૭૦ પોઈન્ટ ઘટીને ૭૯,૦૦૯ના સ્તરે અને નિફ્ટી ૨૯ પોઈન્ટના ઘટાડા સાથે ૨૪,૩૬૬ના સ્તરે બંધ થયો હતો. આ રીતે બજારમાં સતત ઘટાડાની ચાલ જોવા મળી રહી છે.

બીજી તરફ પ્રાથમિક શેરબજાર એટલે કે આઈપીઓ માર્કેટમાં ધમધમાટ જોવા મળી રહ્યો છે. આજથી જ બે મોટી કંપનીઓ હોરાઈઝન ઈન્ડસ્ટ્રિયલ પાર્ક્સ અને લલિતા જ્વેલરી માર્ટના આઈપીઓ રોકાણકારો માટે ખુલ્લા મુકાયા છે. રોકાણકારો આ બંને કંપનીઓના ઈશ્યુમાં ૧૯ ઓગસ્ટ સુધી પોતાની બોલી લગાવી શકશે. ભંડોળ એકત્ર કરવાની યોજના મુજબ લલિતા જ્વેલરી માર્ટ આ આઈપીઓ દ્વારા ૧,૭૦૦ કરોડ રૂપિયા ભેગા કરવાનો લક્ષ્યાંક ધરાવે છે, જ્યારે હોરાઈઝન ઈન્ડસ્ટ્રિયલ પાર્ક્સ ૨,૬૦૦ કરોડ રૂપિયા એકત્ર કરવા માંગે છે. વૈશ્વિક બજારોની વાત કરીએ તો એશિયન બજારોમાં આજે મિશ્ર પણ મોટે ભાગે સકારાત્મક વલણ જોવા મળ્યું હતું. દક્ષિણ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ ૨.૪૨ ટકા એટલે કે ૧૬૫ પોઈન્ટના મોટા ઉછાળા સાથે ૬૯૭૮ પર પહોંચ્યો હતો. હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ પણ ૧.૬૨ ટકા એટલે કે ૩૯૨ પોઈન્ટ વધીને ૨૫૫૦૯ના સ્તરે કારોબાર કરી રહ્યો હતો, જ્યારે જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ ૮ પોઈન્ટની નજીવી તેજી સાથે ૬૮૭૨૧ પર સ્થિર રહ્યો હતો.


એશિયન બજારોમાં તેજી હોવા છતાં ૧૪ ઓગસ્ટે અમેરિકી બજારો લાલ નિશાનમાં બંધ થયા હતા, જેની અસર પણ વૈશ્વિક સંકેતો પર પડી હતી. અમેરિકાનો ડાઉ જોન્સ ઈન્ડેક્સ ૧૦૮ પોઈન્ટ અથવા ૦.૨૦ ટકા ઘટીને ૫૩૭૩૨ પર બંધ થયો હતો. આ સિવાય નેસ્ડેકમાં ૭૪ પોઈન્ટ એટલે કે ૦.૨૮ ટકાનો ઘટાડો નોંધાતા તે ૨૬૭૨૯ પર અને એસ એન્ડ પી ૫૦૦ ઈન્ડેક્સ ૧૩ પોઈન્ટ એટલે કે ૦.૧૭ ટકા ઘટીને ૭૭૮૬ના સ્તરે બંધ રહ્યો હતો. બજારમાં સંસ્થાકીય રોકાણકારોની હિલચાલ પર નજર કરીએ તો વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો એટલે કે એફઆઈઆઈએ છેલ્લા ૭ દિવસ દરમિયાન ભારતીય બજારમાંથી ૭૪૭ કરોડ રૂપિયાના શેરોની ચોખ્ખી વેચવાલી કરી છે. જોકે છેલ્લા ૩૦ દિવસના આંકડા જોતા વિદેશી રોકાણકારો ૨,૮૮૪ કરોડ રૂપિયાના ચોખ્ખા ખરીદદાર રહ્યા છે. તેની સામે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો એટલે કે ડીઆઈઆઈ ભારતીય બજારમાં સતત વિશ્વાસ દાખવી રહ્યા છે.

# સરકારી કર્મચારીઓને નિવૃત્તિ પર ₹25 લાખને બદલે ₹75 લાખ મળશે?: કર્મચારી સંગઠને ગ્રેચ્યુઈટી લિમિટ વધારવાની માગ કરી, 8મા પગાર પંચ સમક્ષ પ્રસ્તાવ મૂક્યો

નવી દિલ્હી, તા.17

આઠમા પગાર પંચની રચના અને તેની ભલામણોને લઈને કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનરો વચ્ચે ઉત્સાહ અને ચર્ચાનો માહોલ ચરમસીમાએ પહોંચ્યો છે. અત્યાર સુધી કર્મચારીઓ વચ્ચે મુખ્યત્વે ફિટમેન્ટ ફેક્ટર, લઘુત્તમ વેતન વધારો અને પેન્શન રિવિઝન જેવા મુદ્દાઓ પર જ વ્યાપક મંથન ચાલી રહ્યું હતું, પરંતુ હવે નિવૃત્તિ સમયે મળતી ગ્રેચ્યુઈટીની રકમને લઈને પણ ચર્ચાઓએ જોર પકડ્યું છે. કર્મચારી સંગઠનો દ્વારા નિવૃત્તિ સમયે મળતી મહત્તમ ગ્રેચ્યુઈટીની મર્યાદાને વર્તમાન ૨૫ લાખ રૂપિયાથી વધારીને સીધી ૭૫ લાખ રૂપિયા કરવાની બુલંદ માગ ઉઠાવવામાં આવી છે. જો કેન્દ્ર સરકાર દ્વારા આ મહત્વપૂર્ણ માગણીનો સ્વીકાર કરવામાં આવે તો કેન્દ્રીય કર્મચારીઓને તેમની નિવૃત્તિ સમયે વર્તમાન મર્યાદાની સરખામણીએ ત્રણ ગણી વધુ રકમ ગ્રેચ્યુઈટી પેટે મળી શકે છે, જે તેમના ભવિષ્યના આર્થિક આયોજન માટે એક અતિ મહત્વનો નિર્ણય સાબિત થશે.

કેન્દ્રીય કર્મચારીઓના પ્રશ્નો અને અધિકારો માટે લડત આપતા સૌથી મોટા સંગઠન નેશનલ કાઉન્સિલ-જોઈન્ટ કન્સલ્ટેટિવ મશીનરી એટલે કે NC-JCM દ્વારા આઠમા પગાર પંચ સમક્ષ ગ્રેચ્યુઈટીની આ મર્યાદામાં નોંધપાત્ર વધારો કરવાનો વિસ્તૃત પ્રસ્તાવ સત્તાવાર રીતે મૂકવામાં આવ્યો છે. સરકારી તેમજ ખાનગી ક્ષેત્રમાં સેવા આપતા કર્મચારીઓ માટે ગ્રેચ્યુઈટી એ માત્ર એક રકમ નથી પરંતુ તે લાંબા ગાળાની વફાદારી, સમર્પણ અને સખત પરિશ્રમના બદલામાં મળતી એક સામટી આર્થિક ભેટ અથવા પુરસ્કાર છે. સામાન્ય રીતે આ રકમ કર્મચારી નિવૃત્ત થાય અથવા તો નોકરી છોડે ત્યારે ચૂકવવામાં આવે છે. મોટાભાગના સરકારી કર્મચારીઓ માટે નિવૃત્તિ પછીનું જીવન શાંતિથી વિતાવવા તેમજ પરિવારની ભવિષ્યની જવાબદારીઓ પૂરી કરવા માટે ગ્રેચ્યુઈટીનો પૈસો એકમાત્ર અને મજબૂત આર્થિક આધાર હોય છે. આથી જ ગ્રેચ્યુઈટીના નિયમો કે તેની મર્યાદામાં થતો કોઈ પણ ફેરફાર કર્મચારીઓના આખી જિંદગીના નિવૃત્તિ આયોજન પર સીધી અને ઊંડી અસર પાડે છે.




હાલના સરકારી નિયમો અનુસાર, કેન્દ્રીય કર્મચારીઓ માટે નિવૃત્તિ ગ્રેચ્યુઈટીની મહત્તમ મર્યાદા ૨૫ લાખ રૂપિયા નિર્ધારિત કરવામાં આવેલી છે. આ નિયમનો સરળ અર્થ એ થાય છે કે કોઈ કર્મચારીની વર્ષોની સેવાઓ અને તેના છેલ્લા પગારના આધારે ગણતરી કરતી વખતે જો તેની ગ્રેચ્યુઈટીની સાચી રકમ ૨૫ લાખ રૂપિયાથી વધુ પણ બનતી હોય, તો પણ વર્તમાન કાનૂની મર્યાદાના કારણે સરકાર તેને મહત્તમ ૨૫ લાખ રૂપિયા સુધીની જ ચુકવણી કરી શકે છે. કર્મચારી સંગઠનો આ જ અન્યાયી મર્યાદાને દૂર કરવાની અથવા તો વધારવાની જોરદાર પિચ કરી રહ્યા છે. તેમનું સ્પષ્ટપણે માનવું છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં વધતા જતા પગાર ધોરણો અને તેની સામે કુદકે ને ભૂસકે વધતી મોંઘવારીના જમાનામાં ૨૫ લાખ રૂપિયાની મર્યાદા હવે ખૂબ જ નાની અને અપૂરતી લાગે છે.

ગ્રેચ્યુઈટીની લિમિટ ત્રણ ગણી કરવાની માગણી પાછળ NC-JCM એ ઘણા ગંભીર તર્કો રજૂ કર્યા છે. સંગઠનનું કહેવું છે કે સાતમા પગાર પંચ પછીના સમયગાળામાં સરકારી કર્મચારીઓના મૂળ પગાર, મોંઘવારી ભથ્થા અને દૈનિક રહેણીકરણીના ખર્ચમાં ખૂબ જ મોટો ઉછાળો આવ્યો છે. દવાની પાછળ થતા ખર્ચથી લઈને પરિવારની સામાજિક જરૂરિયાતો સુધી બધું જ મોંઘું થઈ ગયું છે. આવા સંજોગોમાં એક દાયકા જૂની ૨૫ લાખ રૂપિયાની મર્યાદામાં સમયાનુકૂળ સુધારો કરવો અત્યંત અનિવાર્ય બની ગયો છે. સંગઠનના મતે આજના મોંઘવારીના યુગમાં ૨૫ લાખ રૂપિયાની રકમ નિવૃત્તિ પછીના લાંબા જીવન માટે સંતોષકારક નથી, તેથી તેને વધારીને ૭૫ લાખ રૂપિયા કરવી એ સંપૂર્ણપણે વ્યાજબી અને ન્યાયસંગત છે.


વિશેષ વાત એ છે કે કર્મચારી સંગઠનોએ માત્ર ગ્રેચ્યુઈટીની મહત્તમ સીમા કે લિમિટ વધારવાની માગ નથી કરી, પરંતુ તેની ગણતરી કરવા માટે વપરાતા મૂળભૂત ફોર્મ્યુલા અને નિયમોમાં પણ મોટા ફેરફાર કરવાની માગણી મૂકી છે. હાલમાં ગ્રેચ્યુઈટીની ગણતરી કરતી વખતે મહિને ૩૦ દિવસના ધોરણે ગણતરી કરવામાં આવે છે, પરંતુ સંગઠન ઈચ્છે છે કે તેને બદલીને મહિનાના ૨૫ કાર્યકારી દિવસોના આધારે ગણવામાં આવે. આ ઉપરાંત, ગ્રેચ્યુઈટી મેળવવા માટે હાલમાં જે ૧૬.૫ ગણા પગાર સુધીની મહત્તમ મર્યાદા રાખવામાં આવી છે, તેને પણ સાવ નાબૂદ કરવામાં આવે અથવા તો તેમાં મોટો વધારો કરવામાં આવે. જો આ ફોર્મ્યુલા બદલાય તો લાંબા સમયથી સેવામાં રહેલા અને વરિષ્ઠ હોદ્દા પરથી નિવૃત્ત થતા કર્મચારીઓને ગ્રેચ્યુઈટીની ગણતરીમાં સીધો અને મોટો આર્થિક ફાયદો મળી શકે તેમ છે. જોકે, કર્મચારીઓએ એ વાત ખાસ ધ્યાનમાં રાખવી પડશે કે ૭૫ લાખ રૂપિયાની ગ્રેચ્યુઈટી મર્યાદાનો આ પ્રસ્તાવ હજુ માત્ર કર્મચારી સંગઠન દ્વારા આઠમા પગાર પંચ સમક્ષ મૂકવામાં આવેલી એક માગણી જ છે, તેને સરકારે સત્તાવાર મંજૂરી આપી દીધી નથી. પગાર પંચ આગામી સમયમાં દેશભરના વિવિધ સંગઠનો, આર્થિક નિષ્ણાતો અને નાણા મંત્રાલય પાસેથી મળેલા સૂચનો, સરકારી તિજોરી પર પડનારા આર્થિક બોજ અને અન્ય વાસ્તવિક પાસાઓ પર ઊંડો વિચાર-વિમર્શ કરશે. આ તમામ મંથન બાદ પગાર પંચ પોતાનો આખરી અહેવાલ સરકારને સુપરત કરશે અને તેના પર અંતિમ આખરી નિર્ણય કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવશે. તેમ છતાં, જો આ માગણીનો અમલ થાય છે.

# E20થી ગાડીઓને નુકસાન, E10 પેટ્રોલ ફરી શરૂ થાય: સરકારના આર્થિક સલાહકારે કહ્યું- જો ઇંધણમાં 30% ઇથેનોલ ભેળવવામાં આવશે તો ખાદ્ય સંકટની શક્યતા

નવી દિલ્હી, તા.17

ભારતના મુખ્ય આર્થિક સલાહકાર (CEA) વી. અનંત નાગેશ્વરને 'ધ ઈન્ડિયન એક્સપ્રેસ'માં પ્રકાશિત પોતાના એક વિશ્લેષણાત્મક લેખમાં દેશમાં ઝડપથી અમલી બનાવાયેલા E20 ઈથેનોલ બ્લેન્ડિંગ પ્રોગ્રામ સામે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે જણાવ્યું છે કે પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલનું મિશ્રણ કરવાથી દેશમાં જૂની ટેકનોલોજી ધરાવતા ટુ-વ્હીલર્સના એન્જિનને મોટું નુકસાન પહોંચી રહ્યું છે. આ સ્થિતિને પહોંચી વળવા માટે તેમણે પેટ્રોલ પંપો પર જૂના વાહનો માટે E10 પેટ્રોલનું વેચાણ પુનઃ શરૂ કરવાની ખાસ ભલામણ કરી છે. તેમના મતે ભારતે પેટ્રોલમાં ઈથેનોલ ભેળવવાનું નિર્ધારિત લક્ષ્યાંક સમય કરતાં વહેલું હાંસલ કરીને અબજો રૂપિયાની વિદેશી મુદ્રા ચોક્કસ બચાવી છે, પરંતુ હવે આ યોજના દેશ માટે નવી અને જટિલ આર્થિક તથા પર્યાવરણીય મુશ્કેલીઓ ઊભી કરી રહી છે.

મુખ્ય આર્થિક સલાહકારના આંકડા અનુસાર દેશભરના રસ્તાઓ પર હાલમાં આશરે ૮ કરોડ જૂના બાઈક અને સ્કૂટર દોડી રહ્યા છે, જે BS-IV એન્જિનના કડક નિયમો લાગુ થયા તે પહેલાં નિર્માણ પામ્યા હતા. આ તમામ વાહનો જૂની 'કાર્બોરેટર' ટેકનોલોજી પર આધારિત છે. જ્યારે આ વાહનોમાં E20 પેટ્રોલ વાપરવામાં આવે છે ત્યારે ઈથેનોલમાં રહેલા ઓક્સિજનના વધુ પ્રમાણને કારણે જૂનું કાર્બોરેટર હવા અને બળતણના આ નવા મિશ્રણને યોગ્ય રીતે એડજસ્ટ કરી શકતું નથી. આના પરિણામે એન્જિન ખૂબ જ ઝડપથી ગરમ થઈ જાય છે. આ ઉપરાંત ઈથેનોલના રાસાયણિક ગુણધર્મોને કારણે વાહનની ફ્યુઅલ સિસ્ટમમાં રહેલા રબરના પાઈપ, સીલ અને અન્ય સંવેદનશીલ ભાગો ધીમે ધીમે ઓગળવા કે ખરાબ થવાનું જોખમ અનેકગણું વધી જાય છે. આથી જ જ્યાં સુધી આ ૮ કરોડ વાહનોમાં જરૂરી તકનીકી સુધારા ન થાય ત્યાં સુધી E10 પેટ્રોલનો વિકલ્પ ચાલુ રાખવો અત્યંત અનિવાર્ય છે.




ઈથેનોલની સતત વધી રહેલી માંગની સીધી અને ગંભીર અસર દેશના કૃષિ ક્ષેત્ર અને રસોડાના બજેટ પર જોવા મળી રહી છે. ઈથેનોલ બનાવતી કંપનીઓ મકાઈ, ચોખા અને શેરડી જેવા ખાદ્ય પાકોની મોટા પાયે ખરીદી કરી રહી છે. જો ઈથેનોલ ઉત્પાદકો વધુ ઊંચા ભાવ આપીને મકાઈ ખરીદશે તો પશુપાલન, પોલ્ટ્રી અને ડેરી ઉદ્યોગ માટે પશુઆહાર તેમજ ચારો ખૂબ મોંઘો થઈ જશે. તેની આડઅસરરૂપે દેશમાં દૂધ, ઈંડા અને ચિકન જેવા રોજીંદા ખાદ્યપદાર્થોના ભાવ આસમાને પહોંચશે અને ખાદ્ય મોંઘવારી બેકાબૂ બનશે. રોઈટર્સના એક અહેવાલ મુજબ ચાલુ સિઝનમાં દેશના કુલ વાર્ષિક ઉત્પાદનની લગભગ ૧૦ ટકા એટલે કે ૩૦ લાખ ટન ખાંડનો ઉપયોગ સીધો ઈથેનોલ બનાવવામાં થયો છે, જેના કારણે આગામી સમયમાં ખાંડની અછત અને ભાવવધારાને રોકવા સરકારે તેના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવા અંગે વિચારવું પડી રહ્યું છે.

આ યોજનાનો બીજો સૌથી ચિંતાજનક પક્ષ દેશના ઘટતા જતા ભૂગર્ભજળ સાથે જોડાયેલો છે. શેરડી એ અત્યંત પાણી પિવાડો પાક છે. મુખ્ય આર્થિક સલાહકારના મતે આપણે માત્ર ઈથેનોલ પ્રોસેસિંગ ફેક્ટરીઓમાં વપરાતા પાણીનો જ હિસાબ નથી કરવાનો, પરંતુ શેરડીનો પાક પકવવામાં વપરાતા અબજો લિટર ભૂગર્ભજળનો હિસાબ પણ રાખવો પડશે. દેશનું જે કિંમતી પીવાનું પાણી અન્ય મહત્વની જરૂરિયાતો સંતોષવામાં કામ આવી શકતું હતું, તે પાણી અત્યારે વાહનોનું બળતણ બનાવવામાં વપરાઈ રહ્યું છે, જે લાંબા ગાળે જળ સંકટ સર્જી શકે છે.

બીજી તરફ કેન્દ્ર સરકારે પોતાના આ મહત્વકાંક્ષી ઈથેનોલ બ્લેન્ડિંગ પ્રોગ્રામનો સતત મજબૂત બચાવ કર્યો છે. સરકારનું કહેવું છે કે E20 ની નીતિથી કાચા તેલની આયાતમાં ઘટાડો થયો છે અને તેનાથી વિદેશી મુદ્રાની જંગી બચત થવાની સાથે દેશના ખેડૂતોને પણ પોતાના પાકના સારા ભાવ મળી રહ્યા છે. સરકારી લેબોરેટરી અને ટેસ્ટિંગના આધારે દાવો કરવામાં આવ્યો છે કે E20 પેટ્રોલથી સામાન્ય વાહનોના એન્જિનને મોટું નુકસાન થવાના કોઈ નક્કર પુરાવા મળ્યા નથી. આ સાથે જ પેટ્રોલ પંપો પર E10 અને E20 એમ બે અલગ-અલગ પ્રકારના પેટ્રોલ પૂરા પાડવાની માગણીને સરકારે ફગાવી દીધી છે, કારણ કે દેશભરમાં બે અલગ ફ્યુઅલ નેટવર્ક ઊભા કરવાથી લોજિસ્ટિક્સ, પરિવહન અને સપ્લાય ચેઈનનો સરકારી ખર્ચ અતિશય વધી જશે.

સમગ્ર પરિસ્થિતિનું મૂલ્યાંકન કરતાં મુખ્ય આર્થિક સલાહકારે સ્પષ્ટ કર્યું છે કે તેઓ ઈથેનોલ યોજનાને સંપૂર્ણપણે બંધ કરવાની વકીલાત નથી કરી રહ્યા, પરંતુ ૨૦ ટકાની સપાટીએ પહોંચ્યા પછી હવે વધુ ઉતાવળ કરવાને બદલે અત્યંત સાવચેતીપૂર્વક આગળ વધવાની જરૂર છે. ઉર્જા સુરક્ષાથી થતા આર્થિક ફાયદાઓની સરખામણી દેશના કૃષિ માળખા, પાણીના ભંડારો અને મોંઘવારી પર પડતી અસરો સાથે કરવી જરૂરી છે. આ વિવાદ માત્ર ગાડીઓના માઈલેજ કે એન્જિનની આયુષ્ય પૂરતો સીમિત નથી, પરંતુ ભારત પોતાના ભવિષ્યના બળતણ માટે પોતાની કિંમતી જમીન અને ભૂગર્ભજળનો કેટલો ભોગ આપવા તૈયાર છે.

# ટોપ-10 માંથી 5 કંપનીનું માર્કેટ કેપ ₹1 લાખ કરોડ ઘટ્યું: TCS ટોપ લૂઝર, વેલ્યુ ₹34,263 કરોડ ઘટી, LICની વેલ્યુ વધી

મુંબઈ, તા.17

પાછલા અઠવાડિયે ભારતીય શેરબજારમાં જોવા મળેલી ભારે વેચવાલી અને મંદીના માહોલ વચ્ચે દેશની ટોચની દસ સૌથી મૂલ્યવાન કંપનીઓમાંથી પાંચ મોટી કંપનીઓના માર્કેટ કેપિટલાઈઝેશનમાં કુલ મળીને આશરે એક લાખ કરોડ રૂપિયાનો મોટો ઘટાડો નોંધાયો છે. સપ્તાહ દરમિયાન આઈટી ક્ષેત્રની અગ્રણી અને દેશની બીજા નંબરની સૌથી મોટી કંપની ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ એટલે કે ટીસીએસના માર્કેટ વેલ્યુએશનમાં સૌથી વધુ ૩૪,૨૬૩ કરોડ રૂપિયાનું ગાબડું પડ્યું છે. આ અઠવાડિયાના કારોબારી સત્રો દરમિયાન બોમ્બે સ્ટોક એક્સચેન્જનો મુખ્ય ઈન્ડેક્સ સેન્સેક્સ ૪૮૯.૯૨ પોઈન્ટ એટલે કે ૦.૬૨ ટકા ઘટીને બંધ થયો હતો, જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ઈન્ડેક્સ પણ ૨૦૪.૬૫ પોઈન્ટ એટલે કે ૦.૮૩ ટકા જેટલો ગગડ્યો હતો. બજારમાં સપ્તાહ દરમિયાન થયેલા આ ઘટાડામાં વિગતવાર નજર કરીએ તો ટીસીએસ ઉપરાંત રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, એચડીએફસી બેંક, આઈસીઆઈસીઆઈ બેંક અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા જેવી દિગ્ગજ કંપનીઓના માર્કેટ વેલ્યુએશનમાં મોટો ઘટાડો નોંધાયો હતો, જેના કારણે આ તમામ પાંચેય કંપનીઓ ટોપ લૂઝર સાબિત થઈ હતી. પરંતુ બીજી તરફ, આવી નકારાત્મક પરિસ્થિતિ અને બજારના દબાણ વચ્ચે પણ ભારતી એરટેલ, બજાજ ફાઈનાન્સ, લાર્સન એન્ડ ટુબ્રો, લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા એટલે કે એલઆઈસી અને હિન્દુસ્તાન યુનિલિવરના શેરોમાં મજબૂત લેવાલી જોવા મળી હતી. આ પાંચેય કંપનીઓએ મુશ્કેલ સમયમાં પણ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને પોતાની કુલ માર્કેટ વેલ્યુમાં ૫૫,૧૪૯.૪૫ કરોડ રૂપિયાનો નોંધપાત્ર વધારો કર્યો હતો.




સામાન્ય ભાષામાં માર્કેટ કેપિટલાઈઝેશન એટલે કોઈ પણ કંપનીના કુલ આઉટસ્ટેન્ડિંગ શેર અથવા તો બજારમાં રોકાણકારો પાસે રહેલા તમામ શેરોનું વર્તમાન કુલ નાણાકીય મૂલ્ય છે. તેની ગણતરી કંપની દ્વારા જાહેર કરવામાં આવેલા કુલ શેરોની સંખ્યાને શેરના હાલના ભાવ વડે ગુણીને કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે જો કોઈ કંપની 'A' ના ૧ કરોડ શેર બજારમાં રોકાણકારો પાસે હોય અને પ્રતિ શેર ભાવ ૨૦ રૂપિયા હોય, તો તે કંપનીનું કુલ માર્કેટ કેપ ૨૦ કરોડ રૂપિયા ગણાય. જ્યારે શેરના ભાવ વધે, કંપની મજબૂત નાણાકીય પરિણામો જાહેર કરે, માર્કેટ સેન્ટિમેન્ટ સકારાત્મક હોય કે કંપની કોઈ સારા સમાચાર આપે ત્યારે માર્કેટ કેપ વધે છે, જ્યારે ખરાબ નાણાકીય પરિણામો, શેરના ભાવમાં ઘટાડો, નકારાત્મક વાતાવરણ કે શેર બાયબેક જેવા નિર્ણયોથી માર્કેટ કેપ ઘટે છે.

માર્કેટ કેપિટલાઈઝેશનમાં થતા આ ઉતાર-ચઢાવની અસર કંપની અને રોકાણકારો બંને પર ખૂબ ઊંડી પડે છે. કંપની માટે ઊંચું માર્કેટ કેપ હોવું એ બજારમાં તેની મજબૂત સાખ દર્શાવે છે, જેનાથી કંપનીને ભવિષ્યના વિસ્તરણ માટે બેંકો પાસેથી લોન લેવામાં, માર્કેટમાંથી નવું ભંડોળ એકત્ર કરવામાં કે અન્ય નાની કંપનીઓને હસ્તગત કરવામાં સરળતા રહે છે. તેનાથી વિપરીત જો માર્કેટ કેપ ઘટી જાય તો કંપનીની નાણાકીય નિર્ણયો લેવાની ક્ષમતા અને ક્ષમતા પર વિપરીત અસર પડે છે. રોકાણકારો માટે માર્કેટ કેપ વધવું એટલે તેમના રોકાણનું મૂલ્ય વધવું અને સંપત્તિમાં સીધો ઉમેરો થવો છે, જ્યારે માર્કેટ કેપ ઘટવાથી રોકાણકારોને મોટું આર્થિક નુકસાન વેઠવું પડે છે.

# શહેરમાં અવરોધમુક્ત ફૂટપાથ બનાવવા AMCની તૈયારી

## માર્ગો, જંક્શનો અને વધુ ભીડભાડ વાળા વિસ્તારોમાં આધુનિક રીતે વિકસાવાશે, જરૂરિયાત મુજબ ફૂટપાથની પહોળાઈમાં વધારો કરી શકાશે

**અમદાવાદ, તા.17**

અમદાવાદ શહેરમાં રાહદારીઓની સલામતી, સુવિધા, સુગમતા અને માર્ગ સુરક્ષાને વધુ મજબૂત બનાવવા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સલામત અને અવરોધમુક્ત ફૂટપાથ નેટવર્ક વિકસાવવાની દિશામાં વ્યાપક આયોજન કર્યું છે. શહેરના વિવિધ માર્ગો, જંક્શનો અને વધુ અવરજવર ધરાવતા વિસ્તારોમાં દબાણો મુક્ત અને આરામથી લોકો ચાલી શકે તેવા આધુનિક ફૂટપાથ બનાવવામાં આવનાર છે.

શહેરના વિવિધ ચાર મોટા જંક્શન, ઈન્ટરસેક્શન, બસ સ્ટોપ, બિલ્ડિંગ પ્રવેશદ્વારો અને અન્ય મહત્વપૂર્ણ સ્થળોને પણ સતત ફૂટપાથ સાથે સંકલિત કરવામાં આવશે. ફૂટપાથ પર ગેરકાયદે દબાણો, યુટિલિટી બોક્સ, સાઈનબોર્ડ, સ્ટ્રીટ ફર્નિચર, બાંધકામ સામગ્રી અને અન્ય અવરોધોને યોગ્ય રીતે ખસેડીને રાહદારીઓ માટે અવરોધમુક્ત ચાલવાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે. ખાસ કરી બાળકો, વરિષ્ઠ નાગરિકો અને દિવ્યાંગજનોને સરળતાથી ઉપયોગી બને તે રીતે ફૂટપાથનું ડિઝાઈનિંગ કરવામાં આવશે. દિવ્યાંગજનો અને દૃષ્ટિબાધિત નાગરિકોને માર્ગદર્શન મળી રહે તે માટે જરૂરી સ્થળોએ ટેક્ટાઈલ પેવિંગ (Tactile Paving)ની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

આ આયોજન અંતર્ગત ફૂટપાથ પર ઓછામાં ઓછી 1.80 મીટરથી 2.00 મીટર સ્પષ્ટ અને અવરોધમુક્ત ચાલવાની જગ્યા જાળવવાનો ધોરણ અપનાવવામાં આવશે. જ્યાં ચાલનારા લોકોની સંખ્યા વધુ હશે ત્યાં જરૂરિયાત મુજબ ફૂટપાથની પહોળાઈમાં વધારો પણ કરવામાં આવશે. સાથે જ ફૂટપાથની નિર્ધારિત ચાલવાની જગ્યા પર કોઈપણ પ્રકારના વીજ થાંભલા, સાઈનબોર્ડ, વૃક્ષો, ઈલેક્ટ્રિકલ કેબિનેટ, સ્ટ્રીટ ફર્નિચર કે અન્ય કાયમી અવરોધો ઉભા ન થાય તેમજ સરળતાથી રાહદારીઓ ચાલી શકે તેની કાળજી લેવામાં આવશે.



શહેરના વિવિધ જંક્શનો, રોડ ક્રોસિંગના સ્થળોએ યોગ્ય ઢાળવાળા ફૂટપાથ રેમ્પ અને સુગમ પદયાત્રી ક્રોસિંગની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે. રેમ્પનો ઢાળ લાગુ પડતા ધોરણો મુજબ રાખવામાં આવશે. રાહદારીઓની સલામતી માટે જરૂરી સ્થળોએ ઝીબ્રા ક્રોસિંગ, પદયાત્રી ક્રોસિંગ માર્કિંગ, સ્ટોપ લાઈન, લેન માર્કિંગ, ડિરેક્શન એરો, હેચ્ડ માર્કિંગ સહિતના જરૂરી રોડ સેફ્ટી માર્કિંગ કરવામાં આવશે. ખાસ કરીને શાળાઓ, જાહેર પરિવહન કેન્દ્રો, વ્યસ્ત જંક્શનો તથા વધુ ચાલનારા વિસ્તારોમાં લોકો સુરક્ષિત રીતે માર્ગ ઓળંગી શકાય તે માટે જરૂરી સુવિધાઓને પ્રાથમિકતા આપવામાં આવશે.

ટ્રાફિક સિગ્નલ ધરાવતા જંક્શનો પર જરૂરીયાત મુજબ પેડેસ્ટ્રિયન સિગ્નલ ફેઝ અને પેડેસ્ટ્રીયન ક્રોસિંગ ફેસિલિટીની વ્યવસ્થા કરવામાં આવશે. જેથી રાહદારીઓને રોડ ક્રોસ કરવા સમય અને પ્રાથમિકતા મળી રહે. રાહદારીઓ ક્રોસિંગ પહેલાં વાહનચાલકો માટે સ્પષ્ટ અને દેખાય તેવી સ્ટોપ લાઈન રાખવામાં આવશે. આ ઉપરાંત "સ્ટોપ ફોર પેડેસ્ટ્રિયન ક્રોસિંગ" અને "ગિવ વે ટૂ પેડેસ્ટ્રિયન્સ" જેવા માર્ગ સલામતી સંદેશાઓ તથા રોડ માર્કિંગ્સ પણ જરૂરી સ્થળોએ કરવામાં આવશે.

રાત્રિના સમયમાં પણ રાહદારીઓની સલામતી સુનિશ્ચિત કરવા માટે ક્રોસિંગ વિસ્તારોમાં પૂરતી સ્ટ્રીટ લાઈટનિંગ અને પ્રકાશની વ્યવસ્થા ઉભી કરવામાં આવશે. જ્યાં રાહદારીઓની અવરજવર વધુ હશે ત્યાં, ફ્લેશિંગ બીકન, પેડેસ્ટ્રિયન સિગ્નલ તથા માર્ગ સલામતીના પગલા અમલમાં મુકવા અંગે પણ વિચારણા કરવામાં આવશે.

શહેરના જંક્શનો અને માર્ગો પર પદયાત્રી ક્રોસિંગ સંકેત, શાળા/બાળકો માટે માર્ગ ઓળંગવાના સંકેત, પાર્કિંગ પ્રતિબંધિત/થોભવાની મનાઈના સંકેત, દિશાસૂચક સંકેત, ગતિમર્યાદાના સંકેત તથા વાહનની ગતિ નિયંત્રિત કરતા સંકેતો સહિતના નિયમનકારી, ચેતવણીરૂપ અને માહિતીપ્રદ ટ્રાફિક સંકેતો પણ સ્થાપિત કરવામાં આવશે. તમામ સાઈનેજનું કદ, સ્થાન, ઊંચાઈ તથા રાત્રિના સમયે પ્રકાશ પરાવર્તિત કરવાની ક્ષમતા સંબંધિત ધોરણો મુજબ રાખવામાં આવશે, જેથી વાહનચાલકો અને રાહદારીઓને સ્પષ્ટ અને સરળ માર્ગદર્શન મળી રહે.

અમદાવાદમાં રાહદારીઓ માટે ફૂટપાથ પર અનધિકૃત પાર્કિંગ, દબાણો, બાંધકામ સામગ્રી અને અન્ય અવરોધો દૂર કરવા માટે પણ જરૂરી કાર્યવાહી કરવામાં આવશે. યુટિલિટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સ્ટ્રીટ ફર્નિચર અને અન્ય જાહેર સુવિધાઓ એવી રીતે ગોઠવવામાં આવશે કે તેના કારણે ફૂટપાથ પર ઉપલબ્ધ 1.80 થી 2.00 મીટરની સ્પષ્ટ ચાલવાની જગ્યા પર કોઈ અસર ન પડે. બસ સ્ટોપ અને અન્ય જાહેર પરિવહન કેન્દ્રો પર ફૂટપાથને પેસેન્જર વેઈટિંગ એરીયા સાથે સંકલિત કરવામાં આવશે, જેથી નાગરિકો સુરક્ષિત અને સરળતાથી જાહેર પરિવહન સેવાઓનો ઉપયોગ કરી શકશે.

# પગાર, પેન્શન સહિતના પડતર પ્રશ્ને ભારતીય મજદૂર સંઘનું રાજ્યવ્યાપી આંદોલન

■ જિલ્લા મથકો પર યોજાનારા ધરણા પ્રદર્શનમાં 161 યુનિયન જોડાશે

**અમદાવાદ, તા.17**



ભારતીય મજદૂર સંઘે (BMS) આજે વધુ એકવાર શ્રમિકોના પડતર પ્રશ્ને રાજ્ય વ્યાપી આંદોલનની જાહેરાત કરી છે. 34 જિલ્લા મથકો પર કલેક્ટર કચેરી સામે ધરણાં, રેલી અને વિરોધ પ્રદર્શન યોજવામાં આવશે. ભારતીય મજદૂર સંગઠન સાથે જોડાયેલા 161 જેટલા સંગઠિત અને અસંગઠિત ક્ષેત્રના યુનિયનો તથા આંગણવાડી, મધ્યાહન ભોજન યોજના, આશા વર્કર, એસટી પરિવહન, સિમેન્ટ, નગરપાલિકા, રેલવે, પોસ્ટલ અને પોર્ટ સહિતના સંગઠનોના શ્રમિકો મોટી સંખ્યામાં આ કાર્યક્રમમાં જોડાશે.

અગાઉ પણ અનેક વખત રાજ્યવ્યાપી આંદોલન કરવા છતાં માંગણીઓ સ્વીકારવામાં આવી નથી. જેથી ફરી એક વખત રાજ્યભરમાં આંદોલન કરીને અવાજ સરકાર સુધી પહોંચાડવા પ્રયાસ કરશે. સાંજે ચાર વાગ્યાથી 6:00 વાગ્યા સુધી કલેક્ટર કચેરી બહાર ધરણા અને વિરોધ પ્રદર્શન કરશે. જિલ્લા કલેક્ટર મારફતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારામન અને કેન્દ્રીય શ્રમમંત્રી મનસુખ માંડવિયાને કેન્દ્ર સરકારને લગતી માંગણીઓનું આવેદનપત્ર આપવામાં આવશે, જ્યારે રાજ્યના પ્રશ્નોને લઈને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પણ રજૂઆત કરવામાં આવશે.

વધતી મોંઘવારી અને જીવનનિર્વાહના ખર્ચ વચ્ચે શ્રમિકોને પૂરતું વેતન અને સામાજિક સુરક્ષા ન મળતી હોવાનો દાવો કરવામાં આવ્યો છે. સંગઠને EPS-95 હેઠળ લઘુત્તમ પેન્શન 7,500 કરવાની, લઘુત્તમ વેતન 30,000 નક્કી કરવાની, ESIની મર્યાદા 21,000થી વધારી 42,000 અને EPFની મર્યાદા 15,000થી વધારી 30,000 કરવાની માંગ કરી છે. તેમજ કોન્ટ્રાક્ટ કર્મચારીઓ માટે સમાન કામ માટે સમાન વેતન, સરકારી વિભાગોની ખાલી જગ્યાઓ ભરવા, બેન્કિંગ ક્ષેત્રમાં પાંચ દિવસનું કાર્ય સપ્તાહ લાગુ કરવા, બોનસ અને ગ્રેચ્યુઈટીમાં સુધારા તથા સ્કીમ વર્કર્સને કામદારનો દરજ્જો આપી તેમના માનદ વેતનમાં વધારો કરવાની આંદોલનમાં કરવામાં આવશે. BMSએ ઔદ્યોગિક સંબંધો કોડ અને OSH&WC કોડની કેટલીક જોગવાઈઓનો વિરોધ કરીને ટ્રેડ યુનિયનો સાથે ચર્ચા કરવા અને ભારતીય શ્રમ પરિષદ બોલાવવાની પણ માંગ કરી છે.

# પશ્ચિમ ઝોનના 6 વોર્ડમાં આવતીકાલે સાંજે પાણી બંધ રહેશે: 19મીએ સવારે ઓછું આવશે

**અમદાવાદ, તા.17**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઈજનેર વોટર પ્રોજેક્ટ વિભાગ દ્વારા કોતરપુર વોટર વર્ક્સથી પશ્ચિમ ઝોનના સાબરમતી, નવા વાડજ, નારણપુરા, સ્ટેડિયમ, નવરંગપુરા, પાલડી અને વાસણા વોર્ડના વિવિધ વિસ્તારોના વોટર ડિસ્ટ્રિબ્યુશન સ્ટેશનોને પાણી પુરવઠો પૂરો પાડતી 1600 મીમી વ્યાસની વેસ્ટર્ન ટ્રંક મેઈન લાઈનમાં સાબરમતી ખાતે જે. પી.ની ચાલી પાસે લીકેજ થયું છે. તા.18 ઓગસ્ટ, 2026ના રોજ તેના સમારકામની કામગીરી કરવામાં આવશે.

આ કામગીરીને કારણે કોતરપુર વેસ્ટર્ન ટ્રંક મેઈન પર આધારિત વોટર ડિસ્ટ્રિબ્યુશન સ્ટેશનોમાંથી 18 ઓગસ્ટના રોજ સાંજનો પાણી



પુરવઠો આપી શકાશે નહીં, તેમજ 19 ઓગસ્ટના રોજ સવાર અને સાંજનો પાણી પુરવઠો પાણીના ઉપલબ્ધ જથ્થા અનુસાર આપવામાં આવશે.

પશ્ચિમ ઝોનના ઉપરોક્ત વિસ્તારોના નાગરિકોને આ બાબતની નોંધ લઈ જરૂરિયાત મુજબ પાણીનો સંગ્રહ અગાઉથી કરી રાખવા તથા સમારકામની કામગીરી દરમિયાન સહકાર આપવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જણાવવામાં આવ્યું છે.

# પગ વડે બાઈકનું લોક તોડી ચોરી કરનાર ઝડપાયો: મોંઘા સ્પોર્ટ્સ બાઈક ચોરી રાજસ્થાનમાં વેચી મોજશોખ પૂરા કરતો, 6 બાઈક પણ કબજે કરાયા

**અમદાવાદ, તા.17**

શહેરના પોશ વિસ્તારોમાંથી સ્પોર્ટ્સ બાઈક ચોરી કરતી રીઢા વાહનચોર ટોળકી સામે સોલા પોલીસે મોટી સફળતા મેળવી છે. પગ વડે જોરથી ફટકો મારી બાઈકનું હેન્ડલ લોક તોડી ચોરી આચરતા એક શાતિર તસ્કરને સોલા પોલીસે ઝડપી લીધો છે. ઝડપાયેલા આરોપી પાસેથી વિવિધ વિસ્તારોમાંથી ચોરેલી 6 મોંઘીદાટ સ્પોર્ટ્સ બાઈક કબજે કરવામાં આવી છે. આ ગેંગ અમદાવાદમાંથી બાઈક ચોરી કરીને રાજસ્થાનમાં સસ્તા ભાવે વેચી મારતી હતી.

સોલા પોલીસ સ્ટેશનના પીઆઈ કે.એન. ભૂકણ અને પીએસઆઈ એસ.જે. દેસાઈની ટીમને મળેલી ચોક્કસ બાતમીના આધારે સિલ્વર ઓક કોલેજ નજીક વાહન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ



દરમિયાન શંકાસ્પદ હાલતમાં પસાર થઈ રહેલા એક બાઈક સવારને રોકી પોલીસે વાહનના દસ્તાવેજો માંગ્યા હતા. ચાલક ગલ્લાંતલ્લાં કરવા લાગતાં પોલીસે કડક પૂછપરછ કરતાં બાઈક ચોરીનું હોવાનો ખુલાસો થયો હતો. પોલીસે તાત્કાલિક આરોપી વિકાસ પરમારની ધરપકડ કરી રિમાન્ડની તજવીજ હાથ ધરી હતી.

પોલીસ પૂછપરછમાં આરોપીની ચોંકાવનારી કાર્યપદ્ધતિ સામે આવી છે. આરોપી પોતાના સાથીદાર સાથે મળીને માત્ર સ્પોર્ટ્સ બાઈકને જ નિશાન બનાવતો હતો. કોઈપણ વાયર કાપ્યા વગર પગ વડે હેન્ડલ પર જોરથી ફટકો મારી ક્ષણભરમાં લોક તોડી નાખતો હતો. ચોરી કર્યા બાદ તમામ 6 બાઈક સિલ્વર ઓક કોલેજ પાસે આવેલા AMCના જાહેર પાર્કિંગમાં કોઈને શંકા ન જાય તે રીતે પાર્ક કરી રાખ્યા હતા. મોકો મળતાં જ આ બાઈકને રાજસ્થાન લઈ જઈ સ્થાનિક ગ્રાહકોને ખૂબ જ સસ્તા ભાવે વેચી મારતા હતા.

પોલીસે આરોપી પાસેથી કબ્જે કરેલી બાઈકના આધારે શહેરના અલગ-અલગ વિસ્તારોમાં નોંધાયેલા વાહનચોરીના 6 ગુનાઓનો ભેદ ઉકેલ્યો છે: હાલ સોલા પોલીસે વિકાસ પરમારની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે, જ્યારે આ ગુનાહિત નેટવર્કમાં સંડોવાયેલા તેના ફરાર સાથીદારને ઝડપી પાડવા અલગ-અલગ ટીમો બનાવી તપાસ તેજ કરી છે.

# સરકારી યુનિવર્સિટીમાં UG-PG પ્રવેશનો અંતિમ રાઉન્ડ: પૂરક પરીક્ષા પાસ વિદ્યાર્થીઓ 23 ઓગસ્ટ સુધીમાં રજીસ્ટ્રેશન કરાવી શકશે

**અમદાવાદ, તા.17**

સરકારી યુનિવર્સિટીમાં સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે GCASએ આજથી ખાસ અંતિમ રાઉન્ડ શરૂ કર્યો છે. CBSE બોર્ડ તેમજ વિવિધ યુનિવર્સિટીઓની પૂરક પરીક્ષાના પરિણામોને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓના હિતમાં આ વિશેષ રાઉન્ડ શરૂ કરાયો છે. ખાલી બેઠક આધારિત કાઉન્સેલિંગ એટલે કે VSBC હેઠળ વિદ્યાર્થીઓને પ્રવેશની વધુ એક તક આપવામાં આવી છે. આગામી 23 ઓગસ્ટ 2026 સુધી સુધી રજિસ્ટ્રેશન કરાવી શકાશે, તેમજ અરજી એડિટ અને પ્રેફરન્સ ચેન્જ કરી શકાશે.

આ રાઉન્ડમાં પૂરક પરીક્ષા પાસ કરનારા વિદ્યાર્થીઓ પણ પ્રવેશ માટે અરજી કરી શકશે. જેમાં વિદ્યાર્થીઓએ GCAS પોર્ટલ પર રજિસ્ટ્રેશન કરીને ફી ભરવી પડશે. ત્યારબાદ પ્રોફાઈલ, શૈક્ષણિક માહિતી અને જરૂરી પ્રેફરન્સ ભરી દસ્તાવેજો અપલોડ કરી ફોર્મ સબમિટ કરવું પડશે. જો અગાઉ પ્રવેશ કન્ફર્મ કર્યો હોય તો અરજી એડિટ અથવા પ્રેફરન્સ ચેન્જ કરતા પહેલા તેને કેન્સલ કરવી પડશે અને દરેક એડિટ બાદ ફોર્મ ફરી સબમિટ ફરજિયાત કરવું પડશે.

# યુવકે વીડિયોકોલ કરી ગર્લફ્રેન્ડનો ન્યૂડ વીડિયો બનાવ્યો: યુવતીના પગમાં કાતરથી પોતાના નામનો પ્રથમ અક્ષર લખાવડાવ્યો

**અમદાવાદ, તા.17**

અમદાવાદના ઘુમા વિસ્તારમાં રહેતી અને ફોરેન્સિક સાયન્સની 19 વર્ષીય વિદ્યાર્થિનીને બોયફ્રેન્ડ પર આંધળો વિશ્વાસ મૂકવો ભારે પડ્યો. બોયફ્રેન્ડે પોતાનું ઈન્સ્ટાગ્રામ બરોબર ચાલતું ન હોવાનું કહી ગર્લફ્રેન્ડનું આઈડી-પાસવર્ડ મેળવી લીધા. બાદમાં તેના પરથી વીડિયો કોલ કરી કપડા ઉતરાવી ન્યૂડ વીડિયો બનાવી લીધો. યુવતીને બ્લેકમેલ કરી કાતરથી તેના પગમાં પોતાના નામનો પ્રથમ અક્ષર લખાવડાવ્યો. વિકૃતિની હદ પાર કરનાર આરોપી આટલેથી ન અટક્યો અને ગર્લફ્રેન્ડ પાસેથી દર મહિને પૈસાની ઉઘરાણી કરવા લાગ્યો. અંતે કંટાળેલી યુવતીએ બોપલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરતા પોલીસે કર્તવ્ય મણિયાર સામે ગુનો નોંધી શોધખોળ શરૂ કરી છે.

અમદાવાદના ઘુમા વિસ્તારમાં રહેતી યુવતીએ સેટેલાઈટમાં રહેતા કર્તવ્ય મણિયાર નામના બોયફ્રેન્ડ સામે ફરિયાદ નોંધાવી છે. આરોપી યુવકે થોડા દિવસ પહેલા યુવતીને ફોન કરી કહ્યું કે, 'મારું ઈન્સ્ટાગ્રામ બરોબર કામ કરતું નથી તો તું મને તારા ઈન્સ્ટાગ્રામના ID-પાસવર્ડ આપ'. યુવતીએ ભરોસો કરી કર્તવ્યને તેના ID-પાસવર્ડ આપી દીધો.બાદમાં યુવતીને ઈન્સ્ટાગ્રામ અને મેટા એકાઉન્ટ સબંધિત ડેટા ટ્રાન્સફર થયાનો મેસેજ આવ્યો. જેથી તેને પૂછતાં તેને કહ્યું કે, તેની મરજીથી બંધ મરી દેશે. આરોપી યુવકે ભરોસાનો ગેરફાયદો ઉઠાવી ગર્લફ્રેન્ડને વીડિયો કોલ કર્યો અને કપડા ઉતારવા મજબૂર



કરી. ત્યારબાદ ન્યૂડ વીડિયો બનાવી બ્લેકમેઈલીંગ શરૂ કર્યું.

વિકૃતીની હદ પાર કરનારા કર્તવ્યએ પીડિત વિદ્યાર્થિનીને તેના જ પગ પર કાતરથી પોતાના નામનો પ્રથમ અક્ષર લખાવડાવ્યો. જેના કારણે યુવતીને ગંભીર ઈજા પણ પહોંચી.

કર્તવ્ય પાસે ગર્લફ્રેન્ડનો જે ન્યૂડ વીડિયો હતો તેને વાયરલ કરવાની ધમકી આપી પૈસાની ઉઘરાણી શરૂ કરી. કર્તવ્યએ પીડિતાને કહ્યું કે,જ્યાં સુધી તું દર મહિને રૂ.10 હજાર આપીશ ત્યાં સુધી આ વીડિયો સુરક્ષિત રહેશે. મારે અલગ અલગ છોકરીઓ સાથે ડેટિંગ માટે રૂપિયા જોઈએ છે. જેથી યુવતીએ ગભરાઈને બોયફ્રેન્ડને રૂ. 4 હજાર ટ્રાન્સફર કર્યા હતા. આટલું જ નહીં તેને યુવતીનો ચેહરો બ્લર કરીને યુવતીના જ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી બીભત્સ લખાણ સાથે ફોટો વાઈરલ કર્યો. તેમજ અન્ય એક ઈન્સ્ટાગ્રામ સ્ટોરી મૂકીને યુવતીને બદનામ કરી. ઉપરાંત ગર્લફ્રેન્ડને અન્ય કોઈ સાથે સંબંધ રાખવા ના પાડી હતી.

આરોપીનો ત્રાસ વધી જતા યુવતીના મિત્રોએ સમજાવ્યો, યુવતીના માતાપિતાએ પણ કર્તવ્યના માતાપિતા સાથે વાત કરી. પરંતુ, યોગ્ય રસ્તો ન નીકળ્યો અને અંતે મામલો બોપલ પોલીસ સ્ટેશન પહોંચ્યો. યુવતીની ફરિયાદ બાદ પોલીસે આરોપીની શોધખોળ શરૂ કરી છે.

જેથી યુવતીના મિત્રોએ કર્તવ્યને સમજાવ્યો હતો. જે બાદ તેને કર્તવ્યને બ્લોક કર્યો હતો. તેમજ યુવતીના માતાપિતાએ કર્તવ્યના માતાપિતા સાથે વાત કરી પરંતુ યોગ્ય સમાધાન થયું ન હતું. આ અંગે યુવતીએ બોયફ્રેન્ડ કર્તવ્ય મણીયાર સામે બોપલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

**ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત**
**આપે છે તક...**
**બનો સોશિયલ જર્નાલિસ્ટ**
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

